

# જીવનનું ભાતું

"ચિત્રભાનુ"

# ભવનું ભાતું

લેખક

'ચિત્રભાનુ'

મુનિ ચંદ્રપ્રભસાગરજી મ૦

પહેલી આવૃત્તિ : સપ્ટેંબર, ૧૯૫૮
પુનર્મુદ્રણ : જૂન, ૧૯૬૦
પુનર્મુદ્રણ : સપ્ટેંબર, ૧૯૬૧
પુનર્મુદ્રણ : જુલાઈ, ૧૯૬૩

કિંમત : રૂા. ૧-૨૫ નયા પૈસા

: પ્રકાશક :
લાલભાઈ મણિલાલ શાહ
શ્રી જીવન-મણિ સદ્‌વાચનમાળા ટ્રસ્ટ
હઠીભાઈની વાડી સામે, દિલ્હી દરવાજા બહાર, અમદાવાદ

: મુદ્રક :
કાન્તિલાલ એમ. દેસાઈ : ચંદ્રિકા પ્રિન્ટરી
મિરજાપુર રોડ : અમદાવાદ

# જ્ઞાનગોષ્ઠિ

ક્ષિતિજની તેજોમય ધાર પર વરસતાં આદર્શ નરનારીઓમાં આત્મવિલોપન કરનાર ગંગાદેવી મારાં ચિરપરિચિત છે. એમણે મને એમના પ્રકાશમઢ્યા નિવાસમાં આવવા આમંત્રણ મોકલ્યું.

આ નિમંત્રણના ગૌરવથી મારા આનંદની પાંખો સાગરની સીમા વટાવી દૂર સુધી પ્રસરી અને તે પળે મેં મારા આત્માને ધન્યતાથી નિહાળ્યો.

મારી પાસે જે કંઈ શ્રેષ્ઠ હતું તે મેં શોધી કાઢ્યું અને મારા જીવનને અલંકૃત કરી એમના તેજોધામ પ્રતિ જવા સજ્જ થયો.

મનમાં જિજ્ઞાસા હતી. તનમાં તરવરાટ હતો અને પગમાં સ્ફૂર્તિ હતી: એટલે પ્રકાશનો આ અનન્તપથ મારે મન એક ક્રીડા–વિહાર જેવો થઈ રહ્યો.

હું ત્યાં પહોંચ્યો. પણ ત્યાંનાં ચૈતન્યભર્યાં નરનારીઓને જોતાં, હું મને પોતાને જ નાનો લાગ્યો.

શું એમનાં પ્રકાશભર્યાં જીવન! એમના મુખ પર સહજ પ્રસન્નતા છે. નયનોમાં નેહ છે. હૃદયમાં દિવ્યતા છે. શ્વાસમાં સુરભિ છે. ગતિમાં સ્થિતિ છે. અને સ્થિતિમાં ગતિ છે. અને એમના પ્રત્યેક આત્મ–પ્રદેશમાં ચેતનાભર્યાં અગમ્ય ઉલ્લાસનો આહ્લાદ છે.

સુમન, સુરભિ અને સંજીવનીની વસંત જાણે એમના જીવન–ઉપવનમાં ખીલી ઊઠી છે.

આ દિવ્ય જીવનના દર્શનથી મારું આશ્ચર્ય પળે પળે વધતું ગયું. અમૃતાહાર પછીની શાન્ત પળોમાં મેં ગંગાદેવીને પૂછ્યું:

"અહીંનાં નરનારીઓનાં જીવનમાં આવો અલૌકિક ચૈતન્યરસ ઊભરાતો મને કેમ દેખાય છે? શું હું જડતાની નીરસતામાંથી આવ્યો છું એટલે કે પછી અહીંના જીવનમાં પ્રમાણ કરતાં વધારે રસ છલકાય છે તેથી?"

"આદર્શની જ્યોતને જલતી રાખવા ગઈકાલે જે નરનારીઓએ હસતા મુખે પોતાનાં અશ્રુઓની અંજલિ વિશ્વદીપને ધરી, તેમના જીવનમાં આજ આ ચૈતન્યપૂર્ણ શાન્ત રસ ઊભરાય તેમાં તમને આશ્ચર્ય લાગે છે?" સહજ સરલતાથી આટલું કહી ત્યાં હાજર રહેલાં પુષ્પ જેવાં સુવાસિત અને પૂર્ણિમા જેવાં સુવિકસિત પુષ્પચૂલ, અરણિક, ચન્દનબાલા, સુવ્રત અને સુમતિના જીવનમૂળમાં કેવાં વેદનાનાં ખાતર અને કરુણાનાં જળ સિંચાયા હતાં, તેની જ્ઞાનગોષ્ઠિ ગંગાદેવીએ આરંભી.

ભૂતકાલની એ વ્યથાપૂર્ણ કથા સાંભળતાં વર્તમાનકાળનું રહસ્ય મને મળી ગયું.

પ્રકાશના પ્રદેશની સ્વપ્નયાત્રાના આ ઉજ્જવળ પાત્રોને પ્રાક્કથનની વળી શી જરૂર?

—ચિત્રભાનુ

શ્રાવણી પૂર્ણિમા ૨૦૧૪
અમદાવાદ. ૭

# નિવેદન

શ્રી જીવન–મણિ સદ્‌વાચનમાળાના બીજા વર્ષના ત્રીજા પુસ્તક તરીકે ' **ભવનું ભાતું** ' રજૂ કરતાં અમે ખરેખર હર્ષ અનુભવીએ છીએ.

આ પુસ્તકના કર્તા **મુનિશ્રી ચંદ્રપ્રભસાગરજી** ' ' ચિત્રભાનુ ' આજના વિદ્વાન સાધુ–સંન્યાસીઓમાં પોતાની વિદ્વત્તા, વક્તૃત્વશક્તિ અને ચિંતકપણાને લીધે જુદી ભાત પાડે છે: અને નવયુગીન સાધુતાનું એક અનોખું ઉદાહરણ પૂરું પાડે છે. એમના મૌલિક વિચારોની ચિનગારીરૂપ આ પુસ્તક બન્યું છે: એમ અમે સગર્વ કહી શકીએ છીએ.

વાતાવરણ કે વ્યક્તિ-કદી પણ એકધારું જીવન જીવી શકતાં નથી. એમાં નિર્મળ ઉષાદર્શન પણ હોય છે, ને સંધ્યાના ગંભીર રંગો પણ એમાં હોય છે. ચંદ્રની ચાંદની પણ એમાં હોય છે, અને અમાવાસ્યાના ગાઢ અંધકાર પણ એમાં વિલસતા નજરે પડે છે. મનને તાજગી બક્ષે એવી મધુર અનિલલહરીઓ પણ એમાં હોય છે, અને હૈયાને શેકી નાખે તેવાં લૂનાં ઝાપટાં પણ એમાં ઝપાટા નાખતાં જોવા મળે છે. આંધિ, વાવંટોળ કે ઉલ્કાપાત પણ એમાં હોય છે, અને મંદમંદ સુગંધ વહાવતી વસંતની બહાર પણ એમાં સાંપડે છે!

વ્યક્તિ અને વાતાવરણ, બંનેનું એમાં ઝબોળાવાનું અને ઝબોળાઈને પાછા બહાર નીકળવાનું ભાવિ છે. છતાં ખૂબી એ છે, કે જો જીવતાં આવડે તો જ્યાં જખમ છે, ત્યાં મલમ પણ છે. જ્યાં દર્દ છે, ત્યાં તેની દવા પણ મૌજુદ છે. કોઈ વ્યક્તિ સંસારમાં એવી નહિ હોય કે જે એમ કહી શકે કે એણે હમેશાં એકધારું સારંગીના તાર જેવું

જીવન ગાળ્યું છે! વિસંવાદ એનું નામ જ જીવન! અને વિસંવાદી વાગતી જીવનવીણાને સંવાદી બનાવે એનું નામ જીવ્યું સફળ!

કોઈ એવો દાવો કરે પણ ખરો કે મારા જીવનમાં આજસુધી મેં સંવાદ અને સુખ જ અનુભવ્યાં છે, ત્યારે જવાબમાં આપણને પેલા કવિની ઉક્તિ જ કહેવાનું મન થાય–

'પીંપળ પાન ખરંત હૈ, હસતી કુંપળિયાં,
'મુજ વીતી તુજ વીતશે, ધીરી બાપુડિયાં.'

ભવની આ મથામણમાં–સંસારસાગરનાં આ ભરતી–ઓટમાં સ્વસ્થ રહેવા માટે, સ્થિતપ્રજ્ઞ રહેવા માટે આપણા પૂર્વજોએ આ ધરા પર એક દીવાદાંડી રોપી છે, અને તે છે નીતિસદાચારની, ધર્મની અને પરમાર્થની!

આજના ઘણા આગળ પડતા માણસો વિમાસણમાં છે. પૂછ્યા કરે છે, 'ધર્મ શું? નીતિ શું? એની વ્યાખ્યા કઈ રીતે થઈ શકે?'

અમે એમની સામે એક જ વાકય રજૂ કરી શકીએ, અને એને નીતિ, ધર્મ કે નાગરિકતા જે લેબલ મારવું હોય તે મારી લે.

'आत्मनः प्रतिकूलानि परेषां न समाचरेत्'

આપણને જે ન ગમે, તે બીજાને ન જ ગમે. આપણને ન ગમે તેવું આચરણ બીજા તરફ ન કરવું: એનું નામ નીતિ, ધર્મ કે સંસ્કાર! જેમ કે અમેરિકા પોતાના ઉપર અણુબોંબ પડે એમ ન ઇચ્છતું હોય તો, એણે બીજા પર અણુબોંબ મૂકવાની ઇચ્છા ન કરવી. પણ આજ જગતમાં સર્વત્ર સર્પ અને માનવીના જેવો પરસ્પર શંકિત ઘાટ રચાયો છે. જીવન ભયથી આક્રાન્ત છે. સર્પ માને છે, માનવી મને મારશે. માનવી માને છે, કે સર્પ મને ડસી લેશે. અને સ્વરક્ષણના એ કલ્પિત ભયમાં એક–બીજાને સંહારવામાં બંને વ્યગ્ર છે શાન્તિ સહુને ખપે છે અને અશાન્તિમાં સહુ રાચે છે!

અને પશુસૃષ્ટિનો નિયમ માનવકુળો વચ્ચે પણ પ્રસર્યો છે. એક પક્ષ

બીજા પક્ષથી અવિશ્વાસુ છે. શેઠ નોકરને અને નોકર શેઠને પ્રતિસ્પર્ધી માને છે: કામદાર અને માલિકો વચ્ચે તો ભયંકર ખીણ ખોદાઈ રહી છે: વિદ્યાર્થી અને આચાર્ય વચ્ચે કોઈ ભાવનાતંતુ નથી. પતિ–પત્નીના પરસ્પર વ્યવહારમાં એકબીજાને ઘણું કહેવાનું છે, પુત્ર બાપ સામે દાવા કરે છે. વર્ગ વર્ગ સામે વિગ્રહે ચઢે છે. દેશ દેશ સાથે દાનવતા આચરે છે.

આ બધાનું પરિણામ જે આવે તે. પણ એક વાત નક્કી છે કે જો આ દ્વંદ્વોનો સમન્વય નહિ સધાય ને અહિ–નકુલવત્ વ્યવહાર ચાલુ રહ્યો તો સંસારમાંથી શાંતિ, સૌજન્ય અને સખ્ય તો વિદાય લેશે, ઉપરાંત જગતને પોતાને માથે સતત દુઃખ, દુઃખ ને દુઃખ જ દેખાશે. મૃત્યુ અને આપત્તિ સદાકાળ તોળાયેલાં જ રહેશે. સુખનો શ્વાસ, સર્જનનો આનંદ ભાવિ પેઢીના નસીબમાંથી ચાલ્યો જશે. શક્તિ આત્મદ્રોહ અને જીવન–સંહારના કાર્યમાં જ વપરાતી રહેશે.

પ્રસિદ્ધ લેખક વિલ્ફ્રેડ વેલોક એક ઠેકાણે પાશ્ચાત્ય જીવન–ઢબ અને તેની બહુ પ્રશસ્તિ પામેલી 'ઔદ્યોગિક ક્રાન્તિ' વિષે ઉલ્લેખ કરી કહે છે :

'ઔદ્યોગિક ક્રાંતિએ પહેલાં તો કાર્યને સ્વયંસંચાલિત અને પુનરાવર્તનશીલ કરીને કામનો પ્રકાર જ ફેરવી નાખ્યો.

'આથી માણસ વધારે ને વધારે યંત્રવત કામ કરવા લાગ્યો. અને તેનું સર્જક વ્યક્તિતત્વ ઓછું ને ઓછું થતું ગયું. માનવીઓ પૂરેપૂરા માનવીમાંથી વિભિન્ન માણસો બની ગયા.

'આ ફેરફારે માણસને અસંતોષી અને અસ્વસ્થ બનાવી મૂક્યો. આ સ્થિતિમાંથી ઉગરવાના પ્રયત્નોએ વધારે ને વધારે રોજી મેળવવા માટેની અને વધારે ફાજલ સમય મળે તેને માટેની ઝુંબેશોનું સ્વરૂપ ધારણ કર્યું.

'શોધખોળોએ ભાતભાતની સાધનસામગ્રીઓ અને નાના પ્રકારની રાચરચીલાની માયાજાળ ઊભી કરી. પેન્સિલ છોલવાના સંચાથી માંડીને રેફ્રીજેટર સુધી નવાં સાધનો શોધાયાં. આ બધાં નવાં સાધનોને ખપાવવાં હોય તો સમાજના મોટા વર્ગની ખરીદશક્તિ વધવી જોઈએ. અને તેને માટે પણ કારીગરોને વધુ રોજી મળવી જોઈએ.

'આ રીતે રહેણી કરણીમાં 'પૈસા ભેગા કરવા પાછળ' ખૂબ ભાર મુકાયો. સદાય વધારે ને વધારે ચીજો ખરીદ્યા કરવી એમાં જ જાણે આખું જીવનકાર્ય સમાઈ ગયું...સામાન્ય માનવીનો સ્વભાવ જ બદલાઈ ગયો.

'માણસ ભૌતિક વિષયોમાં રચ્યોપચ્યો રહેવા લાગ્યો, અને માનસિક ભૂમિકા પર જીવવાનું પ્રમાણ ઓછું થવા લાગ્યું.

'કપડાંનો વપરાશ તેણે વધાર્યો. ખર્ચાળ ખોરાક ખાતાં તે શીખ્યો. આધ્યાત્મિક રીતે કે બુદ્ધિને સ્પર્શતી રીતો વડે મનોરંજન મેળવવાને બદલે પોતાના આનંદ માટે તે પોતાની આસપાસના વાતાવરણ ઉપર વધુ ને વધુ આધાર રાખવા લાગ્યો. આ રીતે છેવટે તે પોતાના દરેક જાતના મનોરંજન કે રમતગમત માટે પણ પૈસા પર આધાર રાખતો થયો.

'નાણાં પર રચાયેલી અર્થવ્યવસ્થાની બૂરી અસર એ થઈ કે સ્વચ્છંદ વધતો ચાલ્યો. સ્વચ્છંદની જોડે તેની હરોળનાં બીજાં દૂષણો પણ પેસી ગયાં. આવી જાતની જીવનપદ્ધતિથી માનવ જાતના અધઃપતનની અને થયેલી આત્મિક અવનતિની નોંધ લેવા જેવી છે.'

અમે આ ઉદ્ધરણ જરા લાંબી રીતે ટાંક્યું તેનો અર્થ એ છે, કે ભારતમાં નહિ, પણ ભારત બહાર જેઓ રાજકીય તંત્રમાં પડ્યા નથી તેવા વિદ્વાન ને વિચિક્ષણ પુરુષો કથળી રહેલા માનવજીવનને સચિંત નજરે નીરખી રહ્યા છે.

યુદ્ધ અને ઉચ્ચતાની હરીફાઈ રોજિંદો શાપ બન્યો છે. હડતાળો, આપઘાતો ને અનીતિના ગુનાઓનું પ્રમાણ વધ્યું છે. દુષ્કાળો, અછત

અને મોંઘવારી જીવનવ્યાપી તત્ત્વો બન્યાં છે. આવેશોને એટલા બહેકાવવામાં આવ્યા છે, કે માણસ દારૂગોળાનો જ બની રહ્યો છે. સ્ત્રીની આંખમાં વિલાસ છે. પુરુષની નજરમાં ભૂખ છે. ખૂન તો સામાન્ય બન્યાં છે. દાદાઓએ જાણે દુનિયાને વીંટી લીધી હોય એમ યુદ્ધ, અકસ્માત અને મોત ડગલે અને પગલે સામે આવીને ઊભાં છે!

બટકું રોટલામાં જે શાન્તિ હતી, સાદી ઝૂંપડીમાં જે ઉચ્ચ પ્રકારનો આનંદ હતો, એક ઓઢવાનું ને એક પહેરવાનું એમાં જે ગૃહસ્થાઈનો સંતોષ હતો, એ આજે નષ્ટ થયો છે. પગે પચાસ માઈલ ચાલ્યો જતો અને મહિને માસે સગાંનો સંદેશાનો પત્ર પામતો માણસ સુખી હતો—ભલે એ આપણને અપૂર્ણ લાગતો હોય–પણ આજે ખોજવા જેવો જરૂર છે. એ માણસ કદાચ જંગલી હશે પણ એ તંદુરસ્ત હતો, એ કૉલેજમાં નહિ ગયો હોય પણ કોઠાવિદ્યાવાળો ને નીતિવાન હતો. એ ફિલસૂફ નહિ હોય, પણ હૃદયવાળો હતો.

માણસના હૃદયમાં એક વરુ બેઠું હોય છે. આપણા જૂના પૂર્વજો એને બાંધી રાખવાની મહેનતમાં માનતા, એને બહુ ખવરાવી ફટાવવામાં ન માનતા, એને જ્યાં ત્યાં હિલચાલ કરવા દેવાની છૂટ ન આપતા.

આજે એ વરુને નિર્બંધ રાખવાની કેળવણી અપાય છે. જે વરુ ગઈ કાલે માનવજાતનું ગુલામ હતું માનવજાત આજ એની ગુલામ બનતી જાય છે. એક દેશથી બીજા દેશની દુશ્મની, એક પ્રાંતથી બીજા પ્રાંતની ચડસાચડસી, એક કુળથી બીજા કુળની વિશિષ્ટ કુલિનતા ને એક માનવથી બીજા માનવની મોટાઈ–આ માણસના હૈયામાં અડ્ડો જમાવી બેઠેલા વરુની ઘુરકાઘુરકી જ છે.

આ વરુને જેમણે વશ કર્યું છે, ને જેમણે પોતાની જીવનસાધનાથી સંસારમાં પ્રેમ અને મૈત્રીની સુવાસ પ્રસરાવી છે, એવા પુણ્યઆત્માઓની જીવનગાથાને વિદ્વાન અને ચિંતક મુનિરાજ શ્રી. ચન્દ્રપ્રભસાગરજીએ પોતાની ચિન્તનપ્રધાન મધુર શૈલીમાં મૂકી, માનવ-

સમાજને જીવનનું એક નૂતન દર્શન આપ્યું છે.

આવા માનવજીવન માટે–માનવભવ માટે ભાથું શું? વ્યાસજી કહે છે, એ સાદા શબ્દોમાં કહીએ તો

'परोपकारः पुण्याय, पापाय परपीडनम्।'

કોઈને આપણાથી નિરર્થક પીડા પહોંચે તે પાપ.

પરના–પાડોશીના ભલા માટે મથીએ તે પુણ્ય.

આખરે નવલરામની લીંટીઓ મૂકીને આ નિવેદન પૂરું કરીશું.

'વધ્યો શોક, થંભ્યું મુજ ગાન, જ્ઞાન આ એક જ રે!
વિના ધર્મ, નવલ, આ સ્થાન ચલિત સૌ છેક જ રે!'

આશા છે, કે અમારા વાચકો આ ભાથાનો પેટ ભરીને આસ્વાદ લેશે, ને જીવન–પ્રવાસમાં નવી તાજગી અનુભવશે.

—ટ્રસ્ટીઓ

# ચોથી આવૃત્તિ પ્રસંગે

'ભવનું ભાતું' પુસ્તકનું આ ચોથું પુનર્મુદ્રણ છે. વિદ્વાન મુનિરાજનાં આ પછી ઘણાં પુસ્તકો આ ટ્રસ્ટને મળ્યાં છેઃ ને આવા વિદ્વાનની સુંદર કૃતિઓ મેળવવા બદલ ટ્રસ્ટ પોતાને અહોભાગી માને છે. સૌરભ, ભવનું ભાતું, બિંદુમાં સિંધુ, હવે તો જાગો, ધર્મરત્નનાં અજવાળાં, પ્રેરણાની પરબ આટલાં પુસ્તકો પછી નૈવેદ્ય તૈયાર થઈ રહ્યું છે.

# અનુક્રમ


| | | |
|---|---|---|
| ૧. | ભવનું ભાતું | ૩ |
| ૨. | ખીણ અને શિખર | ૨૯ |
| ૩. | શલ્યાની અહલ્યા | ૪૨ |
| ૪. | આતમની અગ્નિપરીક્ષા | ૫૮ |
| ૫. | મૌનનો મહિમા | ૬૮ |
| ૬. | સૌજન્યનું આંસુ | ૮૩ |
| ૭. | દિલની વાત | ૯૪ |
| ૮. | ભવનું ભાતું | ૯૭ |
| ૯. | આત્મવિલોપન | ૧૧૦ |
| ૧૦. | શોકના તળિયે શાન્તિ | ૧૪૦ |

## પાંચમા વર્ષનાં પુસ્તકો

*

૧ અજાતશત્રુ ભા. ૧
લે. જયભિખ્ખુ

૨ અજાતશત્રુ ભા. ૨
લે. જયભિખ્ખુ

૩ ધર્મરત્નનાં અજવાળાં
'ચિત્રભાનુ'

૪ નકલંક મોતી
શ્રી. કૃષ્ણશંકર શાસ્ત્રી

૫ પાલી પરવાળાં
લે. જયભિખ્ખુ

૬ કલ્યાણ–મુર્તિ
– લે. રતિલાલ દેસાઈ

૭ પ્રેરણાની પરબ ભેટ પુ.
'ચિત્રભાનુ'

## સંસ્કારી ઘરનું સુંદર પુસ્તકાલય
## એટલે
## શ્રી જીવન-મણિ સદ્‌વાચનમાળા ટ્રસ્ટ

**વૃદ્ધોનો જીવન-આનંદ.**
**સ્ત્રીઓના સમયનો સદુપયોગ.**
**કિશોર-કિશોરીઓનું ઘડતર.**

*

**સા**હિત્ય, કલા, નીતિ અને ધર્મ–આ ચતુઃસૂત્રીનાં પ્રચાર અર્થે આ વાચનમાળાની યોજના કરવામાં આવી છે.

*

**આ** વાચનમાળાનું વાર્ષિક લવાજમ રૂા. ૧૦ રાખ્યું છે: તેમાં રૂા. ૧૩ થી ૧૫નાં પુસ્તકો આપવાનું ઠરાવ્યું છે. આ પુસ્તકો લગભગ મૂળ કિંમતે જ આપવામાં આવે છે: એટલે બજાર કિંમતના હિસાબે કિંમત ગણતાં લગભગ લવાજમથી બમણી કિંમતનાં પુસ્તકો ગ્રાહકોને મળે છે.

**પોસ્ટ ખર્ચ રૂા. ૪–૦૦**

**આ** પુસ્તકોને એની સાહિત્યિક ગુણવત્તા સાથે રંગ, રેખા અને કલામય ગેટઅપમાં બહાર પાડવામાં આવે છે.

*

**લગ્નની** ભેટ, વર્ષગાંઠની ભેટ કે ઈનામ માટે આ પુસ્તકો પહેલી તકે પસંદગી પામે તેવાં છે.

*

સાંપ્રદાયિકતાનું નામનિશાન નથી છતાં ધર્મ–નીતિનાં સુંદર તત્ત્વો છે.

ટે. નં. ૨૬૦૧

**શ્રી જીવન-મણિ સદ્‌વાચનમાળા ટ્રસ્ટ**

**હઠીભાઈની વાડી સામે, દિલ્હી દરવાજા બહાર, અમદાવાદ**

# ભવનું ભાતું

[ વાર્તાસંગ્રહ ]

# ૧

# ભવનું ભાતું

**આષાઢી** વાદળો વરસીને થાકયાં હતાં. મારગમાં કીચડના થર જામ્યા હતા, વનસ્પતિ આળસ મરડીને ધરતી પરથી ઊભી થઈ રહી હતી. ધરતીએ જાણે બુટ્ટાદાર લીલી સાડી પહેરી હતી. નાનાં નાનાં વનફૂલોએ એમાં ભાત ગૂંથી હતી.

આ વખતે એક સાધુવૃંદ અટવીનો માર્ગ વીંધીને આગળ વધી રહ્યું હતું, પણ હવે આગળ કદમ ઉઠાવી શકાય તેમ ન હતું. માર્ગમાં નાની નાની દેડકીઓ કૂદી રહી હતી. લાંબાં લાંબાં અળસિયાં તરફડી રહ્યાં હતાં. જીવજંતુઓનો ઉપદ્રવ વધી ગયો હતો, અને વોંકળામાં પાણી બે કાંઠે છલકાઈ રહ્યા હતાં.

મુનિવૃંદના નાયક વિચારમાં પડ્યા : હવે આગળ કેમ વધવું? શહેર અહીંથી ઘણું જ દૂર જણાય છે. અષાઢી પૂનમને હવે માત્ર ચાર જ દિવસ બાકી છે. મુનિએ ચાર મહિના તો એક સ્થાને રહેવું જ જોઈએ, પૂર્ણિમા પછી પ્રવાસ થાય નહિ.

હવે ન અટવીમાં રહેવાય કે ન આગળ વધાય!

એ જ સમયે આ અટવીમાં મુક્તગાન ગાતો એક પડછંડ માણસ ચાલ્યો આવતો દેખાયો. એના મુખ પર પ્રતાપ હતો, બાહુમાં બળ હતું, ખભે ધનુષ્ય હતું અને પીઠ પર બાણનું ભાથું હતું.

ખડકની જેમ અડગ એ આગંતુક થંભ્યો, અને જાણે પૂર્વ-પરિચિત ન હોય તેમ એણે પૂછયું : 'સંત! અત્યારે, આવા ભયંકર જંગલમાં આપ કયાંથી? ચાર દિવસ પછી તો પૂનમ છે. શહેર અહીંથી ચાલીશ ગાઉ દૂર છે. માર્ગ પાણીથી ભરાઈ ગયા છે, ચાતુર્માસ કરવા કયાં ધાર્યું છે?'

આગંતુકની ભાષા કડક હતી; છતાં એમાં સંસ્કારિતાની છાંટ હતી. સાધુઓને લાગ્યું કે મુનિઓના ધાર્મિક આચારનો આ જાણકાર છે, નહિ તો આ નિર્જન વસતીમાં રહેતા માણસને ચાતુર્માસની અને વિહારની કલ્પના કયાંથી હોય?

આચાર્યે કહ્યું : 'ભાઈ! અમે ભૂલા પડયા છીએ. નિકળ્યા તો હતા અષ્ટાપદ જવા, પણ વર્ષા થતાં ઘાસ ફૂટી નીકળ્યું. પગદંડી ભૂંસાઈ ગઈ, અને અમે ત્રણ દિવસથી અહીંતહીં ભમીએ છીએ. શહેરમાં પહોંચાય તેમ લાગતું નથી. તમે આટલામાં કયાંક વસતી-રહેઠાણ ન બતાવો? મુનિને તો શું શહેર કે શું વગડો! તમે મંજુરી આપો તો આ ચાર માસ અહીં જ તપ-જપથી ટૂંકા કરી નાખીએ.'

આગંતુક ક્ષણભર વિચારમાં પડયો. એક ક્ષણમાં તો એના મુખ પર અનેક ભાવો રમી ગયા. ધીરે ધીરે એના

લોહીમાં રહેલા ઉત્તમ સંસ્કારોએ એના પર વિજય મેળવ્યો. બીજુ ભણી આંગળી ચીંધતા આગંતુકે કહ્યું :

'આ ટેકરીઓની ઓથમાં ઝૂંપડીઓ દેખાય છે ને! એ ભીલની પલ્લી છે. ત્યાં અમે રહીએ છીએ. તમારે વસતી જોઈતી હોય તો ત્યાં મળશે. પણ એક શરત છે, એ શરત તમે પાળો તો તમે ત્યાં ખુશીથી રહી શકો.'

સાધુવૃંદના નાયક આચાર્ય સુસ્થિત સમયજ્ઞ હતા. માણસને પારખવાની નૈસર્ગિક દૃષ્ટિ એમને મળી હતી. ઝવેરી જેમ હીરાને પારખે તેમ એ માણસને પારખતા. એમણે આ માણસમાં રહેલી સંસ્કારિતા જોઈ લીધી અને પૂછ્યું : 'ભાઈ! શી શરત છે તમારી ?'

પડછંદ દેહ જરા ટટ્ટાર કરતાં નિખાલસ અને સ્પષ્ટ શબ્દોમાં એ પલ્લીવાસીએ કહ્યું : 'જુઓ, અમે રહ્યા લૂંટારા અને તમે રહ્યા સંત. આપણા બંનેના માર્ગ જ ન્યારા. અમારો માર્ગ મારવાનો અને તમારો માર્ગ તારવાનો. અમારો ધર્મ લૂંટવાનો અને તમારો ધર્મ આપવાનો. એટલે તમે અમારે સંગે અડો તો તમે બગડો, અને અમે તમારે સંગે ચઢીએ તો અમારો રોટલો રઝળે.

'છતાં તમારે વસતી જોઈતી હોય તો હું આપું, પણ એક શરતે. તમારે અમારી દુનિયામાં દખલ ન કરવી. મારા હાથ નીચે પાંચસો લૂંટારા છે. અમારો ધંધો છે : લૂંટ, ખૂન ને ચોરી. અમારા કોઈ પણ માણસને તમારે ધર્મનો ઉપદેશ ન આપવો. હું જાણું છું કે તમારો માર્ગ સાચો છે,

સારો છે, પણ અમારા માટે નકામો છે. અહિંસા સ્વીકારીએ તો ખૂન કેમ થાય? લૂંટ ન કરીએ તો પેટ કેમ ભરાય? આપ અહીં ખુશીથી રહો, પણ શરત અમારી ધ્યાનમાં રાખજો. નહિ તો......'

લૂંટારાની આ નિખાલસ વાત સાંભળી આચાર્યને આનંદ થયો. એનું વક્તવ્ય એટલું સ્પષ્ટ હતું ને છતાં કેટલી બધી સમજણથી ભરેલું હતું? આચાર્યનું હૈયું લોભાયું. એમને થયું: હજારો બકરાંઓને બોધ આપવા કરતાં આ એક સિંહને પ્રતિબોધ્યો હોય તો કેવું સુંદર? પણ એ પ્રતિબોધ પામે ખરો? સાવ, અસંભવ. અરે, જ્યાં ઉપદેશને સાંભળવાની જ ના પાડે છે, ત્યાં બોધની તો વાત જ શી કરવી? છતાં હીંમતવાને શ્રદ્ધા ન ખોવી. આશા અમર છે. સાચા પુરુષાર્થીને કશુંય અશક્ય નથી.

આચાર્યે એની વાત સ્વીકારી લીધી.

ચારે બાજુ ઊંચા ઊંચા પર્વતોની દીવાલો હતી, અને એની વચ્ચે નાની નાની ટેકરીઓ પર કેટલીય છૂટીછવાઈ ઝૂંપડીઓ હતી. ઝૂંપડીમાં વસતો પ્રત્યેક માનવી કાળના અવતારસમો હતો. એનો શ્યામ રંગ, કાળી દાઢી, વળાંક લેતી મૂછો, કદાવર દેહ અને બુકાની બાંધેલું મોં જોતાં જ સામાન્ય માણસ તો છળી જતો.

આ મહાકાળોની દુનિયામાં સાધુઓએ પોતાનું સ્થાન જમાવ્યું.

નિસર્ગના આ શાન્ત વાતાવરણમાં સાધુઓ મૌનમાં

મસ્ત રહેતા. આત્મસાધનામાં મગ્ન રહેતા. જ્યારે લૂંટનો માલ લઈ ચોરો આ સાધુઓની વસતી પાસેથી પસાર થતા ત્યારે ક્ષણભર તો એમના હૈયાના અંધારિયા આકાશમાં પણ ત્યાગની પ્રભા ઝગમગી જતી, પણ ચોરો એ પ્રકાશમાં વધારે ન થોભતા. એ પોતાના ઘોડાઓને આગળ દોડાવી મૂકતા!

ચોરો લૂંટવામાં મગ્ન હતા. સાધુઓ જપ–તપમાં મગ્ન હતા. ચાર મહિના વાયુના ઝકોરાની જેમ વહી ગયા.

ગ્રીષ્મ ઋતુમાં નદીના કિનારા પરથી પસાર થતા માણસને પણ શીતળતાનો સ્પર્શ થાય છે, તો શું સાધુતાના કિનારા પર રહેલાને એની મૌનભરી શીતળતા ન સ્પર્શે?

કારતક સુદ પૂર્ણિમાના નવપ્રભાતે આકાશમાં સૂરજે પ્રકાશની પીચકારી મારી ત્યારે સાધુઓએ વિહાર માટે કેડ બાંધી. પલ્લીપતિએ આવી ભાવપૂર્વક નમન કર્યું. સાધુઓ આગળ વધ્યા. પલ્લીપતિ પણ એમને વિદાય આપવા થોડે સુધી એમને પગલે પગલે ચાલ્યો, પણ એના હૃદયમાં કંઈક મંથન હતું. ચાર ચાર મહિના સુધી સાધુઓ એમની પલ્લીમાં રહ્યા હતા, પણ કેવા શાન્તિથી! ન કોઈની આઘી, ન કોઈની પાછી! ન ક્રોધ કે ન ઘૃણા! કેવી પ્રેમભરી નજર!

પલ્લીપતિ વિચારી રહ્યો, સાધુઓએ મૌન રહીને જાણે વ્યાખ્યાન આપ્યું હતું. સત્ય અને સંયમની મૂક હવા ઊભી કરી હતી! આજે એ હવા કામ કરી રહી હતી.

પગદંડીના વળાંક આગળ આચાર્ય સુસ્થિત થંભ્યા. એમણે છેલ્લી વિદાય માગતાં કહ્યું: 'પલ્લીપતિ! તમને

એક પ્રશ્ન પૂછું ? તમે કહ્યું હતું કે ચાતુર્માસમાં અમારે તમારા સંબંધી કંઈ જ ન પૂછવું, પણ આજ એ ચાતુર્માસ પૂર્ણ થયું છે, સાથે તમારી એ શરત પણ પૂર્ણ થઈ છે. એટલે કહો તો કંઈક પૂછું.'

આચાર્યની સંયમભરી સહૃદયતાએ પલ્લીપતિના હૈયાનો કબજો લીધો. એ ગળગળો થઈ ગયો : બોલ્યો, 'પૂછોને પ્રભો ! જે પૂછવું હોય તે પૂછો. હું આપનાથી કોઈ વાત નહિ છુપાવું.'

'તમે કહો છો કે હું ચોર છું, પણ તમારા સંસ્કાર તો ચાડી ખાય છે કે તમે કોઈ કુલીન વંશના છો. તમારામાં રહેલા કેટલાક ગુણો મને આકર્ષી રહ્યા છે; ભાઈ! તમારું પોતાનું કુળ એ ચોરનું કુળ હોય ના.'

આચાર્યની પ્રેમવાણીથી પલ્લીપતિનું હૃદય પીગળવા લાગ્યું. મીણને ગરમી મળતાં એ ઓગળે એમ એનું હૈયું આચાર્યની પ્રેમ–ઉષ્મામાં ઓગળી રહ્યું. એને પોતાનો ભવ્ય ભૂતકાળ સાંભરી આવ્યો, એની આંખમાં વેદનાનાં આંસુ આવ્યાં–જાણે પહાડ ભેદીને જળધોધ બહાર આવ્યો. બંને હાથવતી પોતાનું કપાળ દાબતાં એણે કહ્યું :

'પ્રભો ! પ્રભો ! એ જૂની વાત ન પૂછો. જિગરના કેટલાક ઘા અપ્રગટ જ સારા. હું અત્યારે કોણ છું એટલું જાણો એ જ પૂરતું છે !'

આચાર્યને આગળ વધવું હતું. તાપ વધી રહ્યો હતો, છતાં એ થંભ્યા. એમની રત્નપારખુ નજર કહી રહી હતી

કે ઝવેરાત અહીં જ છે. આ કોલસામાંથી જ હીરો મળવાનો છે. એ જરા નજીક આવ્યા, પિતા પોતાના પુત્ર પર જે વાત્સલ્યથી હાથ મૂકે તે વાત્સલ્યથી હાથ મૂકતાં એમણે કહ્યું : ‘ પલ્લીપતિ ! સ્મૃતિના અંગારા પર શા માટે રાખ ઢાંકી રાખો છો ? એ તમને અંદર ને અંદર બાળ્યા કરશે. એને બહાર લાવો, જ્ઞાન અને પશ્ચાત્તાપનાં વારિથી એને બુઝાવી નાખો.’

આચાર્યનાં સ્નેહભીનાં વચનો પલ્લીપતિના હૈયામાં ઊંડે ઊંડે ઊતરી ગયાં. ગિરિરાજ જેવો અડગ દેખાતો પલ્લીપતિ સહજમાં બાળક જેવો નાનો અને નિર્દોષ થઈ ગયો. આંસુને લૂછતાં એણે કહ્યું : ‘ પ્રભો ! મારી આ વેદનાની ભઠ્ઠી તમારાં ભાવભર્યાં જ્ઞાનવચનોથી નહિ ઠરે. એ મને ઠારીને જ ઠરશે. છતાં હું મારી વ્યથા આજ આપની પાસે ઠાલવું છું.

‘ મારો જન્મ ટીપુરીના રાજા વિમળશાને ત્યાં થયો હતો. મારી માતાનું નામ સુમંગલા હતું. મારું નામ પુષ્પચૂલ. મારે એક બહેન હતી. એનું નામ પુષ્પચૂલા.

હું મારા પિતાને એકનો એક પુત્ર હતો, એટલે તેઓ મને ઘણા જ લાડથી ઉછેરતા. અંતરની ઓશિયાળ તો જાણો જ છો. મને દરેક પ્રકારની સ્વતંત્ર હતી. દાસ દાસીઓ મારી આજ્ઞા ઉઠાવવા સદા તત્પર રહેતાં. સૌ ઝૂકી ઝૂકીને પ્રણામ કરતાં, પણ જેમ શ્રીમંત ઘી–દૂધ પચાવી શકતો નથી, તેમ અધૂરા ઘડા જેવો હું આ સ્વતંત્રતા ન

પચાવી શક્યો. માતા-પિતાનાં વાત્સલ્યનો મેં દુરુપયોગ કર્યો.

ધીમે ધીમે મારામાં સ્વચ્છંદતા આવતી ગઈ. મારી ઉન્મત્તતાથી, મારાં તોફાનથી મને લોકો પુષ્પચૂલને બદલે વંકચૂલ કહેવા લાગ્યા! પ્રજા મારાથી ત્રાસી ગઈ.

મારા આશ્રયને લીધે જુગારીઓ મત્ત થઈ ફરતા. મદિરાપાનથી ડોલતી આંખો લઈ હું ઘોડાને નગરીના રાજમાર્ગ પર પૂરપાટ દોડાવતો. મૂક અને નિર્દોષ પ્રજાજન હડફેટમાં આવતો, ત્યારે એને ક્યાં વાગ્યું છે એ પૂછવાને બદલે, એ હડફેટમાં કેમ આવ્યો, એમ કહી ધમકાવી હું એને ફટકા મારતો. મારા આ જુલમથી ત્રાસેલી પ્રજાએ મારા પિતા પાસે ફરિયાદ કરી. પિતાએ મને મમતાથી સમજાવ્યો પણ હું ન સમજ્યો. માતાએ વાત્સલ્યભીની શિખામણ આપી પણ એ શિખામણને મેં ઠોકરે મારી. પ્રેમાળ માતાએ વહાલના જળથી મને સિંચ્યો પણ હું ન પલળ્યો—કારણ કે સ્વચ્છંદતાથી હું પથ્થર બન્યો હતો!'

છેલ્લું વાક્ય ઉચ્ચારતાં પલ્લીપતિનો કંઠ ભરાઈ આવ્યો. થોડી વાર થંભી એણે આગળ ચલાવ્યું : 'માતાપિતાની આ મમતાને મેં નબળાઈ માની અને હું વધારે તોફાની બન્યો. દશેરાના દિવસે તો મારાં તોફાનો ટોચે પહોંચ્યાં. મારાથી કંટાળેલા પિતાએ આખરે મને જાકારો આપતાં કહ્યું : જા, પાપી! અહીંથી ચાલ્યો જા. મને તારું મોં બતાવીશ નહિ. તારાથી મારી રાંક પ્રજા ત્રાસી ગઈ છે.'

આ શબ્દોએ મારા કાળજામાં ઘા કર્યો. હું તે જ

ક્ષણે ઘરથી બહાર નીકળી પડ્યો. મારી નાની બહેન મારી સાથે જ આવી, બધાં વિખૂટાં પડે તોય મારી નાની બહેન મારાથી વિખૂટી પડે તેમ ન હતી. અમારો ભાઈબહેનનો પ્રેમ પુષ્પ અને પરાગ જેવો અતૂટ હતો. અમે ચાલતાં ચાલતાં આ અટવીમાં આવી ચડ્યાં. ત્રણ ત્રણ દિવસના અખંડ પ્રવાસથી મારી વીરભગિની પણ થાકીને લોથ થઈ ગઈ હતી. એણે કહ્યું : ભાઈ!

મેં પુષ્પચૂલાની સામે જોયું તો છોડપરથી કરમાઈને ખરી પડતા ગુલાબની જેમ એ ઢળી પડવાની અણી પર હતી. એને એક વૃક્ષ નીચે બેસાડી હું ખાનપાનની શોધ કરવા નીકળ્યો. ત્યાં સામેથી એક ભીલ આવતો દેખાયો. હું થંભ્યો. મેં એને મારી હકીકત સમજાવી, એટલે એણે એની પલ્લીમાં આવવાનું આમંત્રણ આપ્યું.

તે જ આ પલ્લી, જ્યાં આપ ચાર મહિના સુધી રહ્યા. તે દિવસથી અમે અહીં જ છીએ. એ વૃદ્ધ, ભલો ભીલ મરી ગયો. હવે એના સ્થાને હું આવ્યો છું, પાંચસો ભીલ મારા હાથ નીચે છે. આ સિંહગુફાનો હું બેતાજ બાદશાહ છું. ચોરી, લૂંટ ને ખૂન એ મારો ધંધો, મારું નામ પડે ત્યાં મોટા ચમરબંધી પણ ધ્રૂજી ઊઠે છે!

પણ આજ જ્યારે એ મમતાળુ માતા અને પ્રેમાળ પિતાને યાદ કરું છું ત્યારે હૃદય વિષાદની છાયાથી ગમગીન થઈ જાય છે અને આંખો આંસુથી છલકાય છે.

શું કહું? આજે એ આ દુનિયામાં નથી. માતા–

પિતાનો પ્રેમ જગતમાં ક્યાંય થવો છે? અમારા વિયોગમાં એ અમારી પાછળ ઝૂરી ઝૂરીને મરી ગયાં પણ હું અભાગી એવો કે એમની અંતિમ ક્રિયા વખતે પણ ન જઈ શક્યો. જેમણે મને પ્રેમથી પોષ્યો, એમને જ મેં દગો દીધો... પ્રભો! આ મારી દુઃખદ જીવનકહાણી છે!'

આકાશ ભણી મંડાયેલી ધ્રુવના તારા જેવી એની આંખોમાંથી બે આંસુ ટપકી પડ્યાં.

આચાર્ય સહૃદયભાવે બોલ્યા: 'પુષ્પચૂલ! આનું નામ જ જીવન! હું જાણું છું કે તારો જીવનપંથ પાપની ખીણમાં થઈને જઈ રહ્યો છે, છતાં ત્યાં પણ પ્રકાશને અવકાશ છે. આવી ખીણમાંથી પણ નિયમના પગથારદ્વારા માનવી ઉપર આવી શકે છે. આજ મારું હૃદય કહે છે કે પુષ્પચૂલને કંઈક આપ, કંઈક જીવનપાથેય–ભવનું ભાતું આપ. હું તને ભવના ભાતા જેવા ચાર નિયમો આપું છું, જે આકરા નથી છતાં તારા માર્ગમાં સહાયક બની રહેશે:–

'પહેલો નિયમ–

'હું ઇચ્છું છું કે તું કોઈની હિંસા ન કર, પણ એ તારા માટે અશક્ય છે. તો આટલું કર; કોઈ પણ ઠેકાણે ઘા કરતાં પહેલાં સાત ડગલાં પાછા હઠવું અને સાત વાર પ્રભુસ્મરણ કરવું.

'કબૂલ છે, ધર્મના અવતાર!' લૂંટારો બોલ્યો.

'હવે બીજો નિયમ–

'હું ઇચ્છું છું કે તું સાદો ને સાત્ત્વિક ખોરાક લે,

પણ એ તું ન કરી શકે તો એમ કર, જે ખાદ્યનું નામ તું જાણે નહિ એવું અજાણ્યું ખાદ્ય તારે ન જ ખાવું."

'નહિ ખાઉં.' લૂંટારાએ સ્વીકાર કર્યો.

'હવે ત્રીજો નિયમ–

'હું તો ઇચ્છું છું કે તું શીલવંત જીવન ગુજારે, પણ તું કદાચ એ ન કરી શકે તો રાજાની રાણીનો ત્યાગ તો તારે કરવો જ, કારણ કે એ પ્રજાની માતા છે.'

'કેવી ઘેલી વાતો કરો છો, મહારાજ! રાજાની રાણી અને હું? હા, હા, હા' લૂંટારો ખડખડ હસ્યો ને બોલ્યો: 'કબૂલ એકવાર નહિ, સાત વાર. રાજી થાઓ તમે.'

'હવે ચોથો ને છેલ્લો નિયમ–

છેલ્લે, હું ઇચ્છું છું કે તું માંસાહાર ન કર, પણ એ તારાથી શકય ન હોય તો કાગનું માંસ તો તારે ન જ વાપરવું.

'બોલ, આ ચાર નિયમ, આ ચાર મહિનાની પુણ્ય-સ્મૃતિ તરીકે તું ન લઈ શકે?'

'સંત! આજસુધી તો કોઈનેય આ માથું નમ્યું નથી, ત્યાં આ હાથોને પ્રતિજ્ઞા તો કોણ આપે? પણ તમારી મધુર વાણી અને સહૃદયતાભર્યું જીવન જોઉં છું અને મારું મસ્તક તમારા ચરણોમાં ઢળી પડે છે. મને સમજાતું નથી કે કોઈ વખત નહિ ખેંચાનારું આ હૃદય આજે આમ કેમ ખેંચાય છે? તમારી પવિત્ર સ્મૃતિ નિમિત્તે આ ચાર નિયમ જરૂર પાળીશ. પર્વત ડગે તો આ પુષ્પચૂલ ડગે. આ નિયમ

તો આપણા મિલનની પુણ્યસ્મૃતિ છે, અને મારા આ ભટકેલા ભવનું એક પવિત્ર સાધુએ આપેલું ભાતું છે.'

વિદાય લેતાં આચાર્ય સુસ્થિતે કહ્યું : 'પુષ્પચૂલ! માનવીમાં રહેલા સંસ્કાર, એને સિંચન મળતાં વિકસ્યા વિના રહેતા નથી. તારા સંસ્કાર પણ તને જરૂર વિકસાવશે. આજે જ્યાં અંધકાર દેખાય છે ત્યાં કાલે પ્રકાશ દેખાશે. પ્રકાશ અને અંધકાર દૂર નથી. અંધકારના પડદા પાછળ જ પ્રકાશ છે, એ પડદો ઊંચકાવાની ઘડી ક્યારે આવે છે તે કોણ કહી શકે?'

મુનિવૃંદે વિદાય લીધી. પગદંડી પર ઊભેલો લૂંટારો પુષ્પચૂલ જતા મુનિવૃંદને જોઈ જ રહ્યો. આજે એનું હૈયું અનુપમ મીઠાશ અનુભવી રહ્યું હતું.

❀

**અષ્ટમીનો** ચન્દ્રમા ગગનમાં આનંદગીત ગાઈ રહ્યો હતો. પ્રકાશની મીઠી હેલી જામી હતી.

પલ્લીના મેદાનમાં એક પલંગ પર બે જણ એક-બીજાને બાથ ભીડીને સૂતાં હતાં. ચન્દ્રકિરણો આ યુવાન રૂપભર્યાં દેહો પર નૃત્ય કરી રહ્યાં હતાં, અને પોયણાં જેવી સુંદર આંખો પર નિદ્રાદેવીએ આસન જમાવ્યું હતું.

લૂંટનો માલ લઈને ધસમસતો પુષ્પચૂલ જેવો પોતાની પલ્લીમાં આવ્યો, તેવી જ એની પહેલી નજર આ દૃશ્ય પર પડી. એ ચમક્યો, આહ! પોતાની જ પત્ની સાથે કોઈ પુરુષ પલંગમાં પોઢ્યો છે, અને એનો જમણો હાથ એના વક્ષસ્થલ પર છે.

રે પાપી ! પુષ્પચૂલને આંખે તમ્મર આવવા લાગ્યાં. ક્રોધથી એનું હૈયું સળગી ઊઠયું. અંગઅંગમાંથી તણખા ઝરવા લાગ્યા. એણે તલવાર ખેંચી. એક જ ઘાએ બંનેનાં માથાં ઉડાડવાના નિર્ણય સાથે એણે આગળ પગ ઉપાડયો. ત્યાં એને પેલો મુનિનો નિયમ યાદ આવ્યો :–

'ઘા કરતાં પહેલાં સાત ડગલાં પાછા હઠવું અને સાત વાર પ્રભુના નામનું સ્મરણ કરવું... '

અદ્ધર ઊઠેલી તલવાર આકાશમાં વીજળીની જેમ ચમકતી હતી. એણે ડગલાં પાછાં ભર્યાં, એક...બે...ત્રણ ...ચાર ને પાંચમું ડગલું ઉપાડે ત્યાં તલવાર પાછળની ભીંત સાથે અથડાઈ. અવાજ થયો અને પુરુષ ઝબકીને જાગ્યો : 'કોણ ? ભાઈ ! ઘણું જીવો મારા ભાઈ !'

પુષ્પચૂલના આશ્ચર્યનો પાર ન રહ્યો. પોતાની જ બહેન પુષ્પચૂલા પુરુષના વેશમાં પલંગમાંથી છલંગ મારી બેઠી થઈ.

તલવાર મ્યાન કરતાં એણે પૂછયું : 'આ બધું શું માંડયું છે ? તું પુરુષના વેશમાં ? આજ તો મહાન અનર્થ થઈ જાત. ભલું થજો એ મહાન સંતનું ! એમના નિયમે આપણી રક્ષા કરી.'

વસંતસેના જરા આળસુ હતી. એની ઊંઘ પુષ્પચૂલા જેવી હળવી ન હતી. એ કોલાહલ થયા પછી જાગી. એની ઘેનભરી આંખમાં કુતૂહલ હતું. કમળની પાંખડી જેવી એની મત્ત આંખો ઉપાલંભ આપી કાંઈક પૃચ્છા કરી રહી હતી:

'આ શું ગરબડ આદરી છે ? આહ, ઊંઘ કેવી જામી હતી !'

પુષ્પચૂલના મુખ પર હજુ અહોભાવ હતો. એ પલંગ પર બેઠો. એનો ખભો ઢંઢોળતાં પુષ્પચૂલાએ કહ્યું: 'ભાઈ! તમે ધાડ પાડવા ઊપડ્યા, અને અહીં નટમંડળ આવ્યું, એમનું નાટક જોવા સૌ ગયાં. મારાં ભાભી વસંતસેના અને હું–અમે બે જ બાકી રહ્યાં. ત્યાં આપણા દૂતે આવી કહ્યું: 'રાજનાં માણસો અહીં આવ્યાં છે. પુષ્પચૂલની હાજરીની જરૂર છે. શ્રીનગરમાં ધાડ પડી ત્યારે એ અહીં જ હતો, એમ આપણે બતાવી શકીએ એવું કાંઈક કરો. એટલે મેં તમારો વેશ પહેર્યો. હું પતિ બની. આ મારાં પત્ની બન્યાં–અમે તમારી હાજરી સિદ્ધ કરી. રાત્રે મોડેથી આવ્યાં ને એ જ વેશમાં સૂઈ ગયાં. વેશનું કેવું પરિવર્તન ! તમેય થાપ ખાઈ ગયા ને !'

વસન્તસેના અત્યાર સુધી ચૂપ હતી. એ વાત સમજી ગઈ. એણે કટાક્ષ કર્યો: 'અમારા પર તમારો કેટલો વિશ્વાસ છે, તેની આજ ખબર પડી ગઈ! ગમે તેવા તોય તમે તો લૂંટારા ને ! તમારે મન કશું ય પવિત્ર નહિ, આખી દુનિયા ચોર અને ઠગ. તમારે માણસ મારવો અને ચીભડું કાપવું બંને સરખાં !'

*

**આ વાત** પછી આઠ દિવસ પણ નહિ વીત્યા હોય ત્યાં પુષ્પચૂલને ધારાનગરી પર ત્રાટકવાનો વારો આવ્યો. એના પ્રયાણ સમયે અપશુકન થયાં, પણ એવી વાતોને ગણકારે એવો એ ભીરુ ન હતો. એના લોહીમાં વીરતા અને

સાહસ હતાં, છતાં, કાળ કાળનું કામ કર્યે જ જાય છે.

એણે લૂંટ ચલાવી પણ ચોકિયાતો અને ગામલોકો શસ્ત્રસજ્જ હતા. એ ધૈર્યથી લડ્યો, પણ સામે સમૂહ મોટો હતો. સમયસૂચકતા વાપરી એ સરકી ગયો. અને એ જંગલની એક ભયંકર ખીણમાં ઊતરી ગયો.

પર્વતની હારમાળામાં પુષ્પચૂલને પકડવો એટલે પાણીમાં મગરને નાથવા જેવો પ્રયત્ન હતો. હવે એ નિર્ભય હતો, એણે એક ઝાડની નીચે એના દેહને લંબાવ્યો, ત્યાં એના સાથીઓ પણ આવી પહોંચ્યા.

ખળખળ વહેતા ઝરણાના કિનારા પર ઊભેલા પુષ્પિત વૃક્ષ નીચે પડ્યો પડ્યો પુષ્પચૂલ વનસૃષ્ટિને નિહાળી રહ્યો ’તો, ત્યાં એના સાથીઓએ એની આગળ ફળનો ઢગલો કર્યો. કેવાં સુંદર એ ફળ હતાં ! ગોળ અને સુંવાળાં; રંગીલા અને સૌરભથી મહેકતાં. ફળ જોતાં જ મોંમાં પાણી છૂટે.

છરાથી ફળને સમારતાં પુષ્પચૂલે પૂછ્યું : ‘ જગુ ! આવાં સુંદર ફળો ક્યાંથી લાવ્યો ? એની સુવાસથી જ નાક તૃપ્ત થઈ જાય છે. આ ફળનું નામ શું ? ’ જગુએ ચીર મુખમાં મૂકતાં કહ્યું : ‘ નામ ને ઠામ કોણ પૂછવા બેઠું છે ? એની મીઠાશ અને એનો રંગ જ એની ઉત્તમતા સિદ્ધ કરે છે.’

‘ ના, ના, એમ ન કહે, મારે તો નિયમ છે. જે ફળનું નામ હું ન જાણું એ અજાણ્યું ફળ મારે ન ખાવું. નામ કહે તો ખાઉં, નહિ તો લે આ તારું ફળ પાછું.’

‘ તો રહો ભૂખ્યાં. ચોરી કરવી છે અને નિયમ પાળવા

છે! ગાવું છે ને લોટ ફાકવો છે, એ વાત ન બને.' બીજા સાથીએ ચીર મોંમાં મૂકતાં કહ્યું.

સાથીઓએ ફળ ખાધાં, પાણી પીધું અને જરા આડે પડખે થયા. પુષ્પચૂલના પેટમાં ભૂખના ભડકા જાગ્યા હતા. આજ નિયમ જરા આકરો લાગ્યો, પણ એ ટેકીલો હતો. પ્રતિજ્ઞાને એ પ્રાણ માનતો.

કલાક આરામ લઈ એ ઊભો થયો. કપડાં ખંખેર્યાં અને સાથીઓને ઢંઢોળ્યા. પણ કોણ જાગે ? સૌ ચિરનિદ્રામાં પોઢ્યા હતા. સાથીઓને મૃત્યુશય્યામાં પોઢેલા જોઈ ક્યાંક સાંભળેલી એને ઇંદ્રવરણાં ફળની વાત યાદ આવી. મીઠાં, રંગીલાં, સુંવાળાં ને સુગંધવાળાં–ઇંદ્રવરણાનાં ફળ ! આહ ! ત્યારે તો વાત ખલાસ. હું એક જ રહ્યો, આઠે સાથી પૂરા ! રે, સંત ! તમે તે મને નિયમ આપ્યો કે જીવન આપ્યું ?

એનું માથું હવામાં નમ્યું. એની આંખમાં શ્રદ્ધાના નીર છલકાયાં. એનામાં રહેલું સંસ્કારનું જીવનબીજ ફૂટી નીકળ્યું. એ પલ્લીમાં આવ્યો ત્યારે એના ચિત્તમાં પ્રકાશનો પમરાટ હતો.

પલ્લીપતિએ નિર્ણય કર્યો, ચોરી છોડી દેવી. પણ એના હૈયાના ઊંડાણમાં એક કામના ઘણાં વર્ષોથી ઘર કરીને બેઠી હતી: પૂર્ણિમાની પ્રકાશમય રજનીમાં રાજાની પટરાણીના ગળાનો નવલખો હાર ચોરવો અને પોતાની આ અપૂર્વ ચૌર્યકળાથી ઉજ્જયિનીના પૌરજનો અને નૃપતિને આશ્ચર્યચકિત કરી દેવાં. બસ, આટલું કરી લઉં, પછી સદાને માટે ચોરીને તિલાંજલિ !

પૂર્ણિમાને થોડા દિવસની જ વાર હતી. એ દિવસો ગણવા લાગ્યો. પૂનમ આવી અને એ દિવસે એ પોતાનાં સાધનો સાથે રાજમહેલમાં પહોંચી ગયો. અગાસીમાં પલંગ પર રાણી પોઢયાં હતાં. એણે આકાશમાં મીટ માંડી, તો જાણે આરસીની તખ્તી પર મુક્તાફળ ગોઠવ્યાં હોય એવા સફેદ તારા આકાશમાં શોભી રહ્યા હતા. ચંદ્રનાં ધવલ કિરણો રાણીના રૂપભર્યાં અંગને સ્નાન કરાવી રહ્યાં હતાં.

પુષ્પચૂલ ધીમે પગલે પલંગ પાસે સરકયો, ત્યાં રાણી સફાળી જાગી ઊઠી, એની વાણીમાં કંપ હતો છતાં સત્તા-વાહક રીતે તેણે પૂછ્યું : 'કોણ છે તું ?'

ચાંદનીમાં પુષ્પચૂલનો રૂપાળો ચહેરો વધુ રૂપાળો લાગતો હતો. એની ઝીણી આંખમાંથી ઝરતી જ્યોત્સ્ના, એનો સશક્ત દેહ, ઢાલ જેવી એની ઉપસેલી છાતી. એના માથા પર ઊડતા વાંકડિયા વાળ—આ સૌ પુષ્પચૂલના રૂપની જાણે પ્રશંસા કરતાં હતાં.

ચંચળનારીનાં મનને નચાવી મૂકતું એનું જુવાન રૂપ રાણીના મન પર પણ સામ્રાજ્ય જમાવી બેઠું. એ ચૂપ ઊભો હતો, એના મુખ પર ભયને બદલે વીરતા રમી રહી હતી.

રાણી પલંગ પરથી અંગડાઈ લેતી ઊભી થઈ. એ એની પાસે આવી, અને બોલી :

'પુષ્પચૂલ ! હું જાણું છું કે તું ચોર છે. તારે ચોરી કરવી છે ના ! ગભરાઈશ નહિ. આજ તો હું પોતે જ ચોરીના માલ તરીકે તારા હાથમાં પડવા તૈયાર છું. તું તો દાગીના ચોરવા

આવ્યો છે, પણ મારા મનના ચોર! હું તો દેહ, દાગીના અને દિલ બધું આપવા તૈયાર થઈ છું. આવ, જરા નજીક આવ!"

પ્રશાન્ત રજની છે. ઊછળતી યુવાની છે. એકાન્તનો સમય છે. ચન્દ્ર રોહિણી સાથે રસલહાણ લૂંટી રહ્યો છે તો આપણે શા માટે વંચિત રહીએ?' મધુર સ્મિત કરી રાણી એનો હાથ ગ્રહવા ગઈ, ત્યાં એ બે ડગલાં પાછો હઠી ગયો.

વાતાવરણ તો એવું હતું કે એક યોગી પણ પીગળી જાય. જ્યારે આ તો એક ભોગી હતો. પણ આ ભોગીનાં હૈયામાં એક જીવંતયોગીની મૂર્તિ બેઠી હતી. એ કહી રહી હતી: 'પુષ્પ! આજ તારી કસોટી છે. તું કહેતો હતો: દેહના ટુકડા થશે પણ પ્રતિજ્ઞાની પવિત્રતા નહિ જાય. વાતો ઘણા કરે છે. આજ તારે તલવારની ધાર પર ચાલવાનું છે. [ક્રોધને દાબી શકાય છે, ભૂખે રહી શકાય છે. વીરતાથી સિંહને કબજે કરી શકાય છે, પણ એકાન્તમાં રૂપથી છલકાતી યૌવનવંતી નારી જ્યારે નિમંત્રણ આપે ત્યારે ટકવું એ તો વીરનું—ના—મહાવીરનું કામ છે!']

પુષ્પચૂલ પોતાના ચિત્તમાં રમી રહેલી એ ત્યાગમૂર્તિને નમી રહ્યો. એ મનમાં જ ગણગણ્યો: 'ગુરુદેવ! તમારી આણને છોડી નહિ દઉં. આપે પ્રગટાવેલા પ્રતિજ્ઞાદિપને અખંડ રાખીશ.'

રાણીએ હાથ પકડતાં કહ્યું: 'કેમ દૂર ભાગે છે? ભીરુ! ડરે છે? હું રાણી! મહારાજાની માનીતી નવી રાણી તારા પર પ્રસન્ન થઈ છું, અને તું દૂર ભાગે છે?'

ઝાટકો મારી દૂર ખસતાં એણે કહ્યું: 'મા' તમે આ શું બોલો છો? ધર્મને કેમ ભૂલો છો? અમે તમારાં બાળકો? બાળક માને પાપભરી નજરથી કેમ જોઈ શકે?'

વાર્તાલાપ ધીમો હતો, પણ રાત પ્રશાન્ત હતી, એટલે પડખેની અગાસીમાં સૂતેલી વ્યક્તિને એ સંભળાતો હતો. આ વ્યક્તિ પોતાની સમગ્ર ઇન્દ્રિયોને કેન્દ્રિત કરી, નાનામાં નાના શબ્દને પણ પકડી રહી હતી. એના અંગમાં રોષનો જ્વાળામુખી ફાટચો હતો. અત્યારે એની સામે કોઈએ જોયું હોત, તો એને જોતાં જ એ છળી જાત, એવી એની ભીષણ આકૃતિ હતી. એનો હાથ તલવાર પર ગયો, છતાં એણે રોષને દાબી વાર્તાલાપને પૂરેપૂરો સાંભળવા પ્રયત્ન કર્યો.

રાણીએ સ્મિત કર્યું. એના દાંતનાં શ્વેત કિરણો સાથે ચન્દ્રકિરણ મળ્યાં: એ બોલી:

'ઝટકો મારીને નાસી જવા માગે છે? કાયર! ચોરી કરવા નીકળ્યો છે અને ધર્મ ને નીતિની વાતો કરે છે? ધર્મ પાળવો હતો તો ચોરી કરવા શું કામ આવ્યો? નીતિને માનતો હોય તો આવા ધંધા શું કામ કરે છે? પણ જવા દે. સોહામણી રાત વીતી રહી છે. આનંદની પળો સરકી રહી છે. રાજા તો હવે વૃદ્ધ થયા છે. શાસ્ત્ર પણ કહે છે કે—वृद्धय तरुणी विषम—[યૌવનવંતી લલના વૃદ્ધને ઝેર બરાબર છે.] મારા જીવનમાં યૌવનની ભરતી આવી રહી છે, ત્યારે રાજાના જીવનમાં ઓટ છે, મારા દિલના ચોર! આવ. આવો સમય ફરી નહીં મળે. તારા ચરણોમાં હું મારાં તન, મન ને

ધન–સર્વસ્વ ધરું છું,'

પુષ્પચૂલના મુખ પર દૃઢ નિશ્ચયની રેખાઓ ખેંચાઈ: એ દૃઢ સંકલ્પ સાથે બોલ્યો: 'રાણી! તમે શું માનો છો? શું ચોરને ધર્મ ન હોય? ધર્મ સૌનેય હોય. પાળે એનો ધર્મ. અંધારી રાતમાં શું તારા નથી હોતા? ગમે તેવા ધંધામાં પણ ધર્મનો પ્રકાશ હોઈ શકે છે. રાણી! મારે માથે ટેક છે. મારા ગુરુનો બોલ છે. રાજરાણી મારે માટે મા સમાન છે.

રાણીએ પોતાની વાણીમાં હાસ્ય અને સત્તાનું મિશ્રણ કરતાં કહ્યું: 'તને ખબર છે કે તું ક્યાં છે? વધારે વાતો રહેવા દે. મારું માની જા. મારે આધીન થઈશ તો તું ધન્ય બનીશ. ના કહીશ તો હમણાં જ અંગરક્ષકોનાં ભાલાં તારી છાતીને વીંધીને ચારણી કરી નાખશે.'

'રાણી! ધિક્કાર હો આ પાપી કામને! બે ક્ષણના આવેશમાં પાગલ બનીને, તમે તમારા સ્ત્રીધર્મમાં અંગારા મૂકી રહ્યાં છો! [તારી પાસે સતીધર્મ નથી, સાચો પ્રેમ પણ નથી; માત્ર પાશવતા છે–વાસનાની પાપજવાળા છે.] પણ હું એવો નીચ નથી. ભાલાઓથી વીંધાવા છતાં હું મારો નિયમ નહિ તજું. પ્રતિજ્ઞા પાળતાં પાળતાં મરવામાં પણ મજા છે!'

માગણીના અસ્વીકારથી રાણી છંછેડાઈ. એણે એક ચીસ નાખી. સૈનિકો ચારે બાજુથી ધસી આવ્યા. પુષ્પચૂલની છાતી પર ભાલા મંડાઈ ગયા.

[નારી સૌમ્યતાની મૂર્તિ છે, પરંતુ વિફરે તો મહાકાળી પણ એ જ છે. પછી એની પાસે દયા, કરુણા શોધીય ન જડે.

અત્યાર સુધી આ વાર્તાલાપને ગુપ્તપણે સાંભળનાર વ્યક્તિ એકદમ પ્રગટ થઈ. એણે આજ્ઞા કરી: સૈનિકો ! આ ચોરને મારા મહેલમાં લઈ જાઓ. રાણીને કારાવાસમાં પૂરો.'

મહારાજની આ વિષમ આજ્ઞા સાંભળી સૈનિકો સ્તબ્ધ થઈ ગયા. એમની પ્રતાપી આજ્ઞા વિરૂદ્ધ બોલી શકે પણ કોણ? અને અકારણ આવી આજ્ઞા કરે પણ કોણ? જરૂર કાંઈક ભેદ છે.

રાતભર રાજા અને પુષ્પચૂલે વાતો કરી અને એને જાણવા મળ્યું કે દુનિયામાં જે વંકચૂલ ચોર તરીકે પ્રસિદ્ધ હતો એ તો મહારાજા વિમળશાનો પુત્ર પુષ્પચૂલ હતો. એ સિવાય આવા ઉત્તમ સંસ્કાર ક્યાંથી હોય?

સવારે સભામાં જાહેર કરવામાં આવ્યું કે રાજકુમાર પુષ્પચૂલને ઉજ્જયિનીના સેનાપતિ બનાવવામાં આવે છે, એમના સાથીઓની સૈન્યમાં ભરતી કરવામાં આવે છે, અને રાણીને દેહાંતદંડની શિક્ષા કરવાની હતી, પણ પુષ્પચૂલની વિનવણીથી એમને ક્ષમા આપવામાં આવે છે.

ઉજ્જયિનીમાં આનંદનું મોજું ફરી વળ્યું. આજ સુધી જેનો ભય નગરીને માથે ભમતો હતો, તે જ હવે નગરનો રક્ષક બન્યો. નગરી અભય બની.

*

મહેલની ચન્દ્રશાળામાં ઓશિકાને ટેકે પુષ્પચૂલ આડો પડ્યો હતો. એની સામે બેઠેલી વસન્તસેના એના મુખ

પર રમતા મનોભાવને જાણવા પ્રયત્ન કરતી હતી. ક્ષણમાં આનંદના શિખર પર તો ક્ષણમાં ચિન્તનના સાગરમાં એમ એ ચઢ–ઊતર કરી રહ્યો હતો. પુષ્પચૂલે કહ્યું :

'વસન્ત! માણસનું જીવન કેવું ગહન છે? ધરતીની જેમ એમાંય કેટલા ખાડા ટેકરા છે? મેં પણ આ એક જીવનમાં કેટલા વેષ ભજવ્યા? રાજકુમાર મટી પ્રજાને ત્રાસ આપનાર લૂંટારો થયો. દારૂડિયો અને ખૂની પણ થયો અને હવે મારા ભાગ્યે સેનાપતિનું ગૌરવભર્યું સ્થાન મળ્યું, તને ખબર છે? અહીં સુધી દોરનાર કયો પ્રકાશ મારા જીવનમાં કામ કરી રહ્યો છે?'

વસન્તસેના એના મનોભાવને જાણવા તો ઝંખતી જ હતી, ત્યાં એ પોતે જ પ્રગટ કરી રહ્યા. એણે પ્રકાશની વાત કરી એટલે વસન્તે પૂછ્યું: 'ના, આપના જીવનમાં ક્યાંથી પ્રકાશ આવ્યો છે, તે હું જાણતી નથી, પણ હમણાં તમારું જીવન ઊંચે જઈ રહ્યું છે એમ લાગે છે. આજ સુધી મને મારા કુળના સંસ્કારનો ગર્વ હતો, પણ હવે લાગે છે કે તમે મારા કરતાં આગળ વધી રહ્યા છો, અને તમને આંબવા હું તમારી પાછળ દોડી રહી છું, તમને આંબી શકીશ કે નહિ? દેવ? તમે મને છોડીને તો આગળ નહિ વધી જાઓ ને? તમારો પ્રકાશ આપણને જુદાં તો નહિ પાડે ને?'

વસન્તસેનાનો ભય જોઈ એ હસી પડ્યો: 'અરે, તું તો હજી એવી જ રહી. હું કંઈ સાધુ નથી થવાનો કે તને મૂકીને આગળ જાઉં. હું તો કહું છું, આચાર્યે આપેલી

પ્રતિજ્ઞા મને ઊંચે ને ઊંચે લઈ જાય છે. હું ક્યાં હતો ને ક્યાં આવી ગયો ? ક્યાં ચોરનું અંધકારમય-ભયભર્યું જીવન અને ક્યાં આજનું ગૌરવભર્યું નિર્ભય જીવન ! આહ ! એ દિવસે એ નિયમનું મૂલ્ય મારે મન કાંઈ ન હતું. આજ એ જ નિયમ મારા જીવનનો વિધાયક બન્યો છે. મારા નિર્ભાગીના ભવનું ભાતું બન્યો છે.

'મનમાં થાય છે કે ગુરુને વંદન કરી આવું—એમનાં પ્રત્યક્ષ દર્શન કરું. પણ એ ક્યાં મળે ? જ્યેષ્ઠ માસમાં પુષ્પચૂલાનાં લગ્ન પતી જાય એટલે ગુરુદેવની શોધમાં નીકળી પડું. ઈચ્છા તો એવી થાય છે કે એમના ચરણોમાં બેસી મારા પાપનું પ્રક્ષાલન, મારાં ઊંના ઊંનાં આંસુઓથી કરું.'

વાર્તાલાપ આગળ ચાલતો પણ એટલામાં તો બહાર રમવા ગયેલો એમનો સૌથી નાનો પુત્ર અજય આવી પહોંચ્યો, એટલે વાતને ટૂંકી કરતાં વસન્તસેનાએ કહ્યું:

'ઉઠો, જમવાનો સમય થયો છે. સ્વપ્નોથી પેટની ભૂખ નહિ ભાંગે. સપનાંની સુખલડી ભૂખ ભાંગે નહિ રે લોલ!' વસન્તસેના આનંદમાં આવીને ગાવા લાગી.

પુષ્પચૂલને હોદ્દો સંભાળ્યાને બાર મહિના થયા હતા, પણ એક યુગમાં ન આવે એવું પરિવર્તન આ બાર મહિનામાં આવ્યું હતું. પ્રજામાં નિર્ભયતા, શિસ્ત, સંયમ અને શ્રદ્ધા આવ્યાં હતાં. ચોરની કળા ચોર જાણે. ચોર સેનાપતિ બને ત્યાં બીજો ચોર આવે ક્યાંથી ? અને આવે તો ફાવે ક્યાંથી ?

સેવામાં, પ્રતાપમાં, નમ્રતામાં ને ભક્તિમાં એ અપ્રતિમ

બન્યો હતો. રાજા અને પ્રજા બન્ને એને બહુમાનની દૃષ્ટિથી જોતાં.

એક નમતી સાંજે રાજાએ કહ્યું: 'પુષ્પચૂલ! તમારા આવ્યાથી રાજ્યમાં શાન્તિ છે, પ્રજા નિર્ભય છે. લૂંટ અને ચોરીનાં અનિષ્ટ દૂર થયાં છે. પણ પડોશી રાજ્યની દૂનીત પ્રજા આપણી પ્રજાને રંજાડે છે. સરહદ પર વારંવાર અથડામણ ઊભી થાય છે. અને ગઈ કાલે તો યુદ્ધનો સંકેત કરતો સંદેશ આવ્યો છે. તો યુદ્ધની તૈયારી કરો અને તમારી એક નવીન ભવ્યતમ વીરગાથા સર્જો.'

પુષ્પચૂલના પરાક્રમ પાસે શું અશક્ય હતું?

ઉજ્જયિનીને પુષ્પચૂલના અદ્ભુત વીરત્વભર્યા પરાક્રમથી યુદ્ધમાં વિજય મળ્યો. પણ જીવલેણ કારમા ઘાથી એનો દેહ વેદનામાં તરફડી રહ્યો હતો. એના અંગઅંગમાંથી રુધિર વહી રહ્યું હતું. વિજય મળવા છતાં સૌના દિલમાં દુઃખ હતું.

વૈદરાજે કહ્યું: 'પુષ્પચૂલ એક રીતે બચી શકે તેમ છે.'

'હેં? બચી શકે? કઈ રીતે? અને ક્યા ઉપાયથી?' રાજાએ આસન પરથી અર્ધા બેઠાં થતાં પૂછ્યું.

વૈદરાજે કહ્યું: 'સેનાપતિ પુષ્પચૂલ એમાં સંમત નહિ થાય, એવી મને શંકા છે.'

'કેમ સંમત ન થાય? આવા પ્રસંગે ગમે તો ઉપચાર કરીને પણ જીવ બચાવવો જોઈએ. જીવ કરતાં વધારે શું છે!' નૃપતિએ પોતાનો અભિપ્રાય ઉચ્ચાર્યો.

'ઔષધમાં જો કાગમાંસ આપવામાં આવે તો જ આ

ઝેરી ઘા રૂઝાય અને શરીરમાં રક્ત આવે.' વૈદે બીતાં બીતાં ઉપાય કહ્યો.

પુષ્પચૂલનો દેહ લથડી ગયો હતો. બોલવાની શક્તિ ન હતી, છતાં કાગમાંસનું નામ આવતાં એનાથી ન રહેવાયું: વૈદરાજ! એ કદી નહિ બને. જીવ કરતાંય મને મારો ધર્મ વધારે વહાલો છે. દેહ પડે તો પડવા દો. આવતી કાલે જનાર દેહ આજ જાય તોય શું? મેં જે ચીજનો ત્યાગ કર્યો છે, એ મારે ન ખપે, મારા વીરત્વનું એ અપમાન છે. હું માત્ર દેહથી વીર નથી, દિલથી પણ વીર છું. પ્રતિજ્ઞા એ મારા પ્રાણ છે.

'આપ વધારે ન બોલો, બોલવાથી હૃદયને નુકશાન થશે.' વાતને વચ્ચેથી જ કાપતાં વૈદરાજે કહ્યું.

વૈદરાજ! મરનારને કોઈ બચાવનાર નથી. [દીપકની વાટ જ જ્યાં બળી ગઈ હોય, ત્યાં ગમે તેટલું તેલ રેડો તોય શું વળવાનું છે? જીવનમાં નવી વાટ મૂકવી એ તમારા હાથની વાત નથી.] પૂર્વજન્મમાંથી એ જેટલી લાવ્યો છું, તેટલી જ રહેવાની છે.' પુષ્પચૂલ થાક ખાવા થોભ્યો.

'મારો આત્મા કહે છે: વાટનો અંત હવે આવી ગયો છે. મને, શાંતિથી, સમાધિથી મરવા દો. મને સંતોષ છે. મારા ગુરુએ દીધેલી પ્રતિજ્ઞા મેં બરાબર પાળી છે. એ મારું ભવનું ભાતું છે. મને હતું કે કાગમાંસ ખાવાનો વારો ક્યાં આવવાનો છે? પણ આજ એ વાત તમે ઉચ્ચારી. જાણે નિયમ મારી કસોટી કરવા આવ્યા હતા. અત્યારે કરુણાળુ

ગુરુદેવની મૂર્તિ મારા નયન સન્મુખ રમી રહી છે.' પુષ્પચૂલ અટક્યો. એની આંખમાં આંસુ આવ્યાં.

અંતરમાંથી જાણે નાદ આવી રહ્યો હતો : 'પુષ્પચૂલ! [જીર્ણ વસ્ત્રનો મોહ રાખીશ નહિ, નૂતન વસ્ત્રો તારા માટે તૈયાર છે.] તેં પ્રતિજ્ઞાને પાળી છે, તો એનું ફળ પણ અપૂર્વ છે. દેવભવનની પ્રકાશમય ખંડની પ્રકાશમય શય્યા તારી પ્રતીક્ષા કરી રહી છે.'

એની આંખમાં તેજ ચમક્યું : એણે કહ્યું : 'હું જાઉં છું. સમય પૂરો થયો છે.' અને પ્રભુસ્મરણમાં એનો દેહ ઢળી પડ્યો.

પુષ્પચૂલના દેહની આસપાસ એનાં કુટુમ્બીઓ, રાજા, પ્રજા—સૌ બેઠાં હતાં અને તેની શ્રદ્ધાને, તેની ઊંડી સમજણને અંજલિ આપી રહ્યાં હતાં. તે જ ક્ષણે પુષ્પચૂલનો આત્મા દેવલોકની પુષ્પશય્યામાંથી આળસ મરડીને ઊભો થતો હતો.

જય જય નંદા, જય જય ભદ્દા!

મૃત્યુલોકમાં આંસુ હતાં. દેવલોકમાં આનંદ હતો.

❀

# ૨

## ખીણ અને શિખર

ગ્રીષ્મનું મધ્યાહ્ન હતું. તન અને મનને શેકી નાખે એવો તાપ હતો. સુખી લોકો વિશ્રામગૃહમાં આરામ લઈ રહ્યા હતા, દુઃખી લોકો વૃક્ષ નીચે લપાયા હતા. પંખીઓ માળામાં સંતાયા હતાં. એ વખતે પારિજાતકના પુષ્પ જેવો કોમળ સાધુ અરણિક આજે પહેલવહેલો ભિક્ષા માટે જઈ રહ્યો હતો.

અરણિકે પિતા દત્તની સાથે કિશોર વયમાં સંસારત્યાગ કર્યો હતો. એની માતા ભદ્રા સંયમ લઈ સાધ્વીસંઘમાં વિહરતાં હતાં. પિતા સાધુ જીવનમાં સાથે જ હતા. પિતાના વાત્સલ્યને લીધે સાધુજીવનની કઠિનતા અરણિકને સ્પર્શી નહોતી.

અરણિકનું પ્રત્યેક કાર્ય સ્નેહાળ મુનિ–પિતા દત્ત ઉપાડી લેતા. એ તપસ્વી હતા, ત્યાગી હતા, છતાં પુત્ર પ્રત્યેના સ્નેહના તાંતણા એ નહોતા તોડી શક્યા: અને તેથી જ તપ અને ત્યાગના તાપમાં પણ અરણિક જાઈજૂઈના ફૂલ

જેવો સુકુમાર રહ્યો હતો.

માનવીનો સ્નેહ ગમે તેટલો ઊંડો હોય પણ તે મૃત્યુને નથી ખાળી શકતો. કાળ પોતાનું કર્તવ્ય કઠોરતા પૂર્વક કર્યે જ જાય છે.

આયુષ્ય પૂર્ણ થતાં દત્તમુનિ સ્વર્ગે સિધાવ્યા.

અરણિક માટે સંસાર શૂન્ય જેવો તો હતો જ, પણ આજ એને સાધુજીવન પણ શૂન્ય જેવું ભાસ્યું. એને ભિક્ષા લાવી આપનાર કોઈ નથી. એના બરડા પર પ્રેમભર્યો હાથ ફેરવનાર કોઈ નથી, સ્નેહભીના શબ્દોમાં એની ભાળ રાખનાર પણ કોઈ નથી. એનું જીવન નીરસ–નિરાધાર થઈ પડ્યું.

મુનિદત્તના વૃદ્ધ ગુરુ આવ્યા. એમનું શરીર જીર્ણ થઈ ગયું હતું. એ કંઈ જ કરી શકે તેમ ન હતા. એ દેહથી થાકચા હતા, પણ મન સાબૂત હતું. એમણે કહ્યું :

'અરણિક, ભાઈ, આમ ખિન્ન થયે શું વળે! આપણે તો સાધુ. સાધુને શોક ન શોભે, શોક સંસારીઓને હોય, આપણે શોકને નિર્મૂળ કરવા નીકળ્યા છીએ. આ શોકનાં વાદળને તારે જ્ઞાનના પ્રકાશથી દૂર કરવાં જોઈએ. ભાઈ, સ્વસ્થ થા!'

આ વાક્યો પળભર આશ્વાસન આપી ગયાં, પણ પછી તો અરણિકનું હૈયું વધારે ભરાઈ આવ્યું. તપેલા તવા પર પડેલાં પાણીનાં બિંદુ 'સમસમ' કરતાં બળી જાય એમ એના શોકથી તપેલા હૈયા પર પડેલાં આ વાક્યો

પણ બળીને લય થઇ ગયાં. એના હૈયાની અશાન્તિ દૂર કરવા કોઈ જ સમર્થ નહોતું.

આ શોકમાં એક...બે...અને ત્રણ ઉપવાસ તો ખેંચી કાઢ્યા પણ અંતે આ કાયા છે, એને કંઈક આપવું તો પડે જ.

એણે હાથમાં પાત્ર લીધું, પણ શરમ મૂકીને કેમ માગવું એ એક કોયડો હતો, છતાં એ ભિક્ષા માટે ચાલી નીકળ્યો.

સૂર્ય મધ્ય આકાશમાં આવ્યો છે. એ પગ મૂકે અને પગે ફરફોલા ઊઠે છે. શરીર પરસેવાથી રેબઝેબ થયું છે, જાણે માલતીનું ફૂલ તાપમાં કરમાઈ રહ્યું છે. થોડો વિશ્રામ લેવા માર્ગ પરના ઝાડ નીચે અરણિક ઊભો રહ્યો.

વિકસતા યૌવનમાં બ્રહ્મચર્યનું તેજ ભળ્યું હતું. શિલ્પીએ ઘડી કાઢેલી આરસની સુકુમાર પ્રતિમા જેવો એ ઊભો હતો. એની ભાવઘેરી આંખોમાં પિતૃસ્મૃતિ હતી. હૈયામાં અકથ્ય ભાવો હતા. મુખ પર નિર્દોષતા રમતી હતી. એ સમયનો એનો દેખાવ એટલો તો સુંદર હતો કે કોઈ ભાવભીનું હૃદય એના પર ન્યોછાવર થઈ જાય.

એ વૃક્ષની સામે જ એક ભવ્ય હવેલી આવેલી હતી. એ હવેલીના નકશીદાર ગોખમાં કવયિત્રી અમિતા બેઠી બેઠી સ્વપ્નોની સ્નેહસૃષ્ટિમાં રમી રહી હતી. ત્યાં એની નજરે આ મસ્ત સાધુ ચઢ્યો. એને જોતાં જ એનું હૈયું કોઈ અગમ્ય ભાવોથી ખેંચાવા લાગ્યું. અકાળે તૂટી પડેલાં ગત-જન્મનાં સ્નેહતંતુ અહીં જાણે સંધાઈ ગયાં.

અરણિકે પરસેવો લૂછતાં ઉપર જોયું, ત્યાં નયનેનયન

પરોવાઈ ગયાં. અંતરમાં એક આંચકો આવ્યો અને વર્ષોના શ્રમથી બાંધેલું સંયમનું મહામંદિર ભાંગીને ભુક્કો થઈ ગયું.

અરણિકનું હૃદય પ્રેમને ઝૂલે ઝૂલવા લાગ્યું. એની હૃદયભૂમિમાં કુમળી લાગણીઓ પાંગરી. એ ત્યાંથી હવે ખસી શકે તેમ ન હતો. એ જેમ જેમ સુંદરીનો વિચાર કરતો ગયો તેમ તેમ વધારે ને વધારે બંધાતો ગયો.

અમિતાએ તાળી વગાડી ને દાસી હાજર થઈ. સુંદરીએ કહ્યુંઃ 'જા, પેલા તરુણ મુનિને ઉપર તેડી લાવ.'

મુનિ તો આમંત્રણની રાહમાં જ હતા. દિલ જે માંગતું હતું તે જ સામેથી મળ્યું. એ તો ધબધબ ઉપર પહોંચી ગયા.

'પધારો, મુનિરાજ, આજ અમને અને અમારા ગૃહાંગણને પાવન કરો.' સુંદરીએ સત્કાર કર્યો.

માનુનીની આંખો મદભરી હતી. વાણીમાં મદનનો કેફ હતો. રતિપતિના આવેગથી એનો દેહ ઊછળી રહ્યો હતો. એ પોતાની સ્નેહવ્યથા ન રોકી શકી.

દાસી સરકી ગઈ.

અરણિક એકલો રહ્યો.

એકાંત પણ જામી ગયું.

'યોગી! નવયૌવનમાં આ શું આદર્યું છે? યૌવન-વસંતમાં આ પાનખર શી? આ સમય ત્યાગનો છે? અવસ્થાને અયોગ્ય કાર્ય કેમ કર્યું? જીવનરસ જ્યારે છલોછલ થઈ ઊભરાઈ રહ્યો હોય, ત્યારે આમ વૈરાગી થઈને ભટકવાનું કોણે કહ્યું? અકાળે દેહને દમવાનો હોય? મનને મારવાનું

હોય ? તનને તપાવવાનું હોય ? આ તમને કોણે શીખવ્યું ? ભટકવું જ હોય તો હજુ ક્યાં દિવસ થોડા છે ? પાનખર આવે ત્યારે આ બધું કરજો ને, હું પણ સાથ આપીશ, પણ આજ તો વસંત છે. જીવનની પૂરબહારમાં ખીલેલી નવ વસંત ! વસંતને વધાવો. પ્રાણનાથ ! આવો !'

અરણિકના ઉદાસ અને નીરસ જીવનમાં ફરી એક વાર મીઠાશ પ્રગટી. મન ક્ષણવાર ધ્રૂજ્યું અને આખરે સ્નેહની મૂર્છનામાં એ સરી પડ્યું.

સ્નેહ, સૌંદર્ય ને સંગીતના ત્રિવેણી સંગમમાં આકંઠ ડૂબેલા મનને ઊંચે આવવાની આશા વ્યર્થ છે.

ત્યાગનાં ભવ્ય વસ્ત્રોને રાગનો રંગ લાગ્યો. હવે આ ત્યાગનાં વસ્ત્રો કેમ શોભે ?

અરણિકે એ મુનિવેષ ઉતારીને એક સ્મૃતિચિહ્ન તરીકે પાસેની સુવર્ણમંજૂષામાં મૂક્યો.

અમિતા રૂપવતી ને યૌવનવંતી હતી, તેમ રસજ્ઞ પણ હતી. એને હાથે, ભાવનાના છોડ જેવો અરણિક ચઢ્યો, જેની પાસે દિલની દુનિયા સિવાય કંઈ જ ન મળે.

અમિતા અરણિકની નિર્દોષ જીવનલીલાથી વધારે આકર્ષાઈ. એમના મહિના દિવસ બન્યા, અને વર્ષો મહિના બન્યા.

સ્વપ્નસૃષ્ટિની જેમ વર્ષો વીતવા લાગ્યાં.

પ્રત્યેક ગ્રીષ્મમાં એમના મિલનનો એ યાદગાર દિન, બન્ને ખૂબ જ ઠાઠમાઠથી ઊજવતાં અને પ્રેમજ્યોતની

ઉજ્જવળતાના પ્રતીક રૂપે એમના ઉપવનમાં વૃક્ષોનાં–વેલી-ઓનાં પાંદડે પાંદડે દીપક પ્રગટાવતાં.

એમનો સાંજનો કાર્યક્રમ ચોપાટનો હતો, નમેલા ઝરૂખામાં સુંદર કોમળ આસનો ગોઠવાતાં. ત્યાં તોફાન અને રમત વચ્ચે એમની બાજી ચગતી. વિશ્વને ભૂલી બન્ને એકબીજામાં રાચતાં.

અરણિકની સૃષ્ટિ એટલે અમિતા.

અમિતાને મન વિશ્વ એટલે અરણિક.

બીજું બધું જ જાણે શૂન્ય બન્યું હતું.

[ ૨ ]

પુત્રનું હૃદય ન સમજે તો તે મા કેમ કહેવાય?

દત્તમુનિના સ્વર્ગવાસના સમાચાર મળતાં નાજુક હૈયાવાળા ભાવનાઘેલા અરણિકની શી દશા થઈ હશે, તેની કલ્પના ભદ્રા સાધ્વીને તરત આવી.

ભદ્રા સાધ્વી થયાં હતાં, પણ એમનું માતૃહૃદય હજુ એવું જ ભાવભીનું હતું. એ પોતાની સાધના સાથે પુત્રના પ્રેય અને શ્રેયની ચિંતા રાખતાં. સૂર્યની આસપાસ જેમ ગ્રહમંડળ ભમે, તેમ એ પણ પુત્રની આસપાસનાં ક્ષેત્રમાં વસતાં.

એ ઉગ્ર વિહાર કરી ત્યાં આવી પહોંચ્યાં, પણ અરણિકનો પત્તો જ ન મળે. અરણિકના સહાધ્યાયીએ કહ્યું:

'દત્તમુનિના સ્વર્ગવાસથી એના જીવન પર વિષાદ છવાયો હતો. ત્રણ ચાર દિવસ તો એણે ઉપવાસ કર્યા! પછી

એક દિવસ મધ્યાહ્નને ગયો તે ગયો. ખૂબ શોધ કરી પણ આજ પંદર દિવસ થયા. એના કંઈ જ સમાચાર નથી, હવે તો અમે આગળ વધવાના છીએ.'

આ સમાચારે સાધ્વી ભદ્રાના મગજ ઉપર ભારે અસર કરી. એનું ચિત્તતંત્ર હલી ઊઠ્યું. એ શુધબુધ ખોઈ બેઠી. અરણિક! અરણિક!

સાધ્વી ભદ્રાએ અરણિકના નામની જપમાળા આદરી. ગામડે ગામડે એ ફરી વળી. શેરીએ શેરીએ એ અરણિકને શોધવા લાગી.

ઘરની ડેલીએ ડેલીએ એ એક જ પ્રશ્ન પૂછતી:

'કહો, ભાઈઓ કહો. તમે કોઈએ મારા અરણિકને દીઠો? હા. મારો અરણિયો! હરણિયા જેવો ગભરુ ને કોમળ, નિર્દંશ અને નાજુક એવા મારા અરણિકને કોઈએ જોયો કે?'

આ વાત્સલ્યભીની વાણી, આ દર્દભરી આંખો, આ સ્નેહાર્દ્ર હૃદય જોઈ સૌની આંખોમાં આંસુ આવતાં.

રે વાત્સલ્ય! એ કેવું નિર્મળ ઝરણું છે!

ભદ્રાની આ સ્નેહઘેલછા સહૃદય માણસોના હૃદયને જેમ દ્રવિત કરતી, તેમ મશ્કરા અને કુતૂહલી માણસોને ઉત્તેજના આપતી. તોફાની છોકરા આ ગાંડી બાઈની હાંસી ઉડાવતા. દૂરથી બૂમ પાડતા:

'એ....આ રહ્યો તમારો અરણિક!'

અરણિકનું નામ સાંભળતાં જ ભદ્રા દોડી આવતી, ગળગળી થતી અને કહેતી: 'ક્યાં છે? ક્યાં છે, મારો અરણિક ?'

દોડી આવતી સાધ્વીને જોઈ એ અટકચાળા છોકરા હસી પડતા, ત્યારે ભદ્રા ઊંડા નિઃશ્વાસ નાખી પાછી વળતી.

એનું દયામણું મુખ જોઈ કોઈકને દયા પણ આવતી અને એના માતૃસ્નેહના દર્શનથી કોક તો ગદગદિત પણ થઈ જતું.

ભદ્રા આગળ વધતી. ભૂખ લાગતી તો થોડું ખાતી, પણ તે વખતે ય રોટલાની કિનાર પર એને અરણિક દેખાતો. એ ભગવાનનાં દર્શન કરતી ત્યારેય એક જ વાત કહેતી:

'મને બીજું કંઈ નહિ, પણ અરણિક દેખાડો, ભગવાન !'

એ વખતે મંદિરમાં વિષાદનું વાદળ છવાઈ જતું.

આજે ભારે હૈયે ભદ્રા મંદિરમાંથી બહાર નીકળી અને એક વૃક્ષના નીચે આવીને ઊભી રહી. એનું શરીર કૃશ છે, આંખો ઊંડી ઊતરી ગઈ છે, એના પગમાં થાક છે. એની પાછળ બાળકોનું વૃન્દ હોહા મચાવી રહ્યું છે. અરણિકના નામની ખોટી બૂમો પાડી રહ્યું છે.

ભદ્રા ચારે બાજુ જુવે છે. પણ એના પગ ત્યાંથી ઊપડતા નથી. જાણે ધરતીએ એને બાંધી લીધી છે. લોહચુંબકથી લોહ ખેંચાય એમ એ ધરતીનું આકર્ષણ એના પગને ખેંચી રહ્યું છે. શું ત્યાં જ એનો વહાલસોયો અરણિક

વર્ષો પહેલાં ખોવાયો હતો ? શું તે આ જ ભૂમિ છે, જ્યાં અરણિકના દિલને કોઈ બાંધીને ઉપાડી ગયું હતું ?

ભદ્રાની વિહ્વલ દૃષ્ટિ નમેલા ઝરૂખા પર પડી, ત્યાં ઝરૂખામાં પૂર્ણ યૌવનમાં આવેલું એક યુગલ આનંદના ઝૂલે ઝૂલી રહ્યું હતું. શ્યામ આકાશમાં જાણે ઉજ્જવળ હંસયુગલ મહાલતું હોય એવું એ શોભતું હતું. બાળકના જેવી દૃષ્ટિથી ભદ્રા ત્યાં જોઈ જ રહી.

ઝરૂખામાં યુગલ આનંદના સાગરમાં લહેરિયાં લેતું હતું. પુરુષે સુંદરીની સોગઠી ઉડાડતાં બાળકોની હોહા સામે દૃષ્ટિપાત કર્યો. જોયું તો એક સાધ્વીની આસપાસ બાળકોનું વૃન્દ જાણે નૃત્ય કરી રહ્યું છે, અને અરણિકના નામના પોકાર કરી રહ્યું છે.

પોતાનું જ નામ સાંભળતાં પુરુષ ચમક્યો. સાધ્વીને ઓળખતાં જ એને એક વીજળીના ઝાટકા જેવો આંચકો આવ્યો. એનું હાસ્ય ઊડી ગયું. એના ફિક્કા હોઠ ધ્રૂજવા લાગ્યા, સમસ્ત ભૂતકાળ એની દૃષ્ટિ પાસેથી પસાર થવા લાગ્યો.

ક્યાં એ સતી–સાધ્વી ભદ્રાનું ભવ્ય, પ્રતાપી, સુડોલ અને શુભ્ર શરીર અને ક્યાં આજનું એનું સુકાઈ ગયેલું, આંખો ઊંડી ઊતરી ગયેલું કાળું હાડપિંજર !

એ હાડપિંજર વૃક્ષના નીચે ઊભું છે. એક હાથમાં પાત્ર છે. બીજા હાથમાં દંડ છે. દંડના ટેકે એ માંડ માંડ ટક્યું છે. એની આંખમાં જ માત્ર ચેતના દેખાય છે. સ્નેહના એ દીપક હજુ ત્યાં નેત્રોમાં અખંડ રીતે જલી રહ્યા છે.

પુરુષના હૃદયમાં કારમો ઘા થયો. એ ન રમી શક્યો, ન સ્વસ્થ રહી શક્યો. એ દોડ્યો અને વૃદ્ધાના ચરણમાં જઈ ઢળી પડ્યો :

'મા !'

આ અણધાર્યા મિલનથી ભદ્રા અવાક થઈ ગઈ.

'કોણ તું ?'

'મા, હું તારો અરણિક.'

'મારો અરણિક ? ગંગાનો પુત્ર કાદવકીચડમાં આળોટતો ન હોય. નહિ બેટા ! સાચું કહે. બૂઢીની મશ્કરી ન કર, તું કોણ છે ?'

'મા ! હું તારો અરણિક જ છું, મને માફ કર.'

'મારો અરણિક ? આખરે તું મળ્યો, વત્સ !' માતાનું વાત્સલ્યઘેલું હૃદય પળમાં પુત્રનો દોષ ભૂલી ગયું.

'હા, મા. હું જ તારો અરણિક, કૃતઘ્ની અરણિક, કામઘેલો અરણિક !'

'ના, વત્સ ! તું મારો વહાલસોયો અરણિક, તું મારો સુશીલ અરણિક ! ચંદ્ર જેવો શીતલ અરણિક, સૂરજ જેવો તેજસ્વી અરણિક ! મારો અરણિક !'

લાગણીનું આ પૂર હતું, વર્ષોનો વિયોગ એક જ પળમાં વિરમ્યો હતો. હજાર માઈલની ઝડપે જતા વાહનને અણધારી ઠેસ લાગે ત્યારે જે જોરદાર આંચકો આવે એવો આંચકો આ વૃદ્ધાના સ્નેહભીના હૃદયને લાગ્યો. ગંભીર મૌન પછી એકદમ સ્નેહનાં આંસુ ધસી આવ્યાં.

સ્નેહતૃપ્તિમાં બંધ કરેલાં નેત્ર ખોલતાં વૃદ્ધાએ કરુણાર્દ્ર સ્વરે કહ્યું :

'મારો અરણિક ! બેટા, તું ? તું આ વેષે ?' એ વધારે કંઈ ન બોલી શકી, પણ અરણિકના આત્માને જગાડવા માટે તો આટલા શબ્દો પણ વધારે હતા, આટલા વર્ષ એ જાગતો–સૂતો હતો.

'હા, મા, તારો કલંકી અરણિક આ વેષે. મા, સ્નેહ એ તલવાર છે. એ જ મારે છે અને એ જ તારે છે.' પ્રશસ્ત રાગ રક્ષક બને છે, અપ્રશસ્ત રાગ ભક્ષક બને છે. ભોગાવલિ કર્મો મને આજ સુધી અહીં બાંધી ગયાં હતાં. આજ હું મુક્ત બનું છું. કર્મોની ભૂખ ભાંગી છે, મંથનની કાજળઘેરી રાતોમાં મને પ્રકાશની એંધાણી દેખાઈ જ રહી હતી, આજે મારું પ્રભાત ઊઘડ્યું.'

અરણિક થોડી વાર થોભ્યો, ને વળી બોલ્યો :

'રાગની ધરતી પર રહેવા છતાં મારી નજર ત્યાગના સૂર્ય પર જ હતી. પગ ભલે પૃથ્વી પર રગદોળાતા હોય, શિર તો આકાશ તરફ જ ઊંચકાયેલું હતું. કામવશ બનીને પડેલા પંખીને આજ તેં આવીને પાંખો આપી. હવે હું આ રાગની ધરતી પર કેમ રહી શકું ? મારે હવે તપ–સંયમના શિખરે જવું છે. આરામ ખૂબ લીધો. આજ ઉતાવળો પંથ કાપવો છે.'

સુંદરી અમિતા આ દૃષ્ય જોઈ જ રહી. બાર બાર વર્ષ સુધી અરણિક સાથે સ્નેહને ઝૂલે ઝૂલનારી અમિતાએ આ પળે

જ અરણિકનું સાચું દર્શન કર્યું. હમેશાં એ કલાકો સુધી ગગન સામે મીટ માંડીને બેસી રહેતો અને ચિન્તનલોકમાં ખોવાઈ જતો, તેનું રહસ્ય અમિતાને અત્યારે જ જણાયું. હવે એને સમજાયું કે એના હૈયા પર જે રંગ ચઢ્યો હતો તે તો માત્ર સંયોગજન્ય રંગ હતો. મૂળે તો એનું હૃદય એક પારદર્શક સ્ફટિકરત્ન જ હતું–જેણે સ્નેહની છાયા સદાકાળ ઝીલી હતી.

ત્યાગ અને વિશ્વબંધુત્વની ભાવનાથી રંગાયેલી અરણિકની આંખોમાંથી કરુણાની અમીધારા વર્ષી રહી હતી. એણે કહ્યું : ‘ અમિતા ! જાઉં છું. અને જીવનમાંથી જડેલી વાત કહેતો જાઉં છું. વ્યક્તિગત સ્નેહ એક આકર્ષણ છે, મોહના ઘર્ષણનો ચમકાર છે, દિલની ઊછળતી લાગણીઓની ઉપરછલી ભૂખ છે. જ્યારે સમષ્ટિગત સ્નેહ એક એવું તત્ત્વ છે જે આત્માની ભૂખને તૃપ્ત કરે છે, માણસને ઊંચકે છે, ઉપર ને ઉપર લઈ જાય છે.’

‘ આજ સુધી ઝાંખો દેખાતો મારો પંથ આજ મને સ્પષ્ટ દેખાય છે. હું એ અમર પંથે જાઉં છું અને ઇચ્છું કે તારો આત્મા પણ વિશ્વપ્રેમના પ્રકાશમય પંથે પ્રગતિ કરે.’

પ્રભાતનો સૂર્ય જેમ રાત્રિનાં દ્વાર ઉઘાડી રજનીના હૃદયને પ્રકાશથી ભરી દે છે, તેમ અરણિકના ભાવભર્યા શબ્દોએ પણ અમિતાના હૃદયને પ્રકાશથી રંગી દીધું.

જ્યાં પ્રકાશનું અસ્તિત્વ હોય ત્યાં વૃત્તિઓનું અંધારું કેમ ટકે ? અમિતાની આંખમાં કોઈ અદ્ભુત પ્રોજ્જવળ જ્યોતિપૂંજ પ્રગટ્યો.

એ નમી અને આત્મસાધનાના મંગળમય પંથે ચાલી નીકળી. જેવી આસક્તિથી એણે ભોગોને સ્વીકાર્યા એવી જ

અનાશક્તિથી એણે ભોગોને ઠોકર મારી.

અરણિકના શબ્દો ભદ્રા પણ તરસી ધરતીની જેમ પી રહી હતી. એનો વૈરાગ્યરંગ માના હૃદયને પણ ભીંજવી ગયો. અરણિકનું આત્મપંખી હવે ગગનમાં ઊડવા પાંખો ફફડાવી રહ્યું હતું. મા પૂર્ણ પ્રસન્ન હતી. પુત્ર મળ્યો હતો—જેનાં જ્ઞાન–લોચન પણ ખૂલ્લાં હતાં. અમાવાસ્યાના અંધકારને ઓળંગીને એ પૂર્ણિમાના પ્રકાશમાં પગ મૂકી રહ્યો હતો.

ભદ્રા અને અરણિક પોતાના ગુરુ શ્રી મિત્રાચાર્ય પાસે આવ્યાં, નમન કરી રહીને અનુતાપપૂર્ણ હૈયે પ્રાયશ્ચિત કર્યું.

અરણિકે સમાધિ આદરી અને સમાધિમાં અહિંસા, સંયમ અને તપના ઉચ્ચ શિખરે ચઢવા માટે અનશનની ગુરુદેવ પાસે આજ્ઞા માગી.

ગુરુદેવે એની સાધનાને વધાવી અને આજ્ઞા આપી.

ગિરિરાજનું ઊંચું શિખર છે. ચારે તરફ પ્રકાશ, પ્રકાશ ને પ્રકાશ છે, સૂર્ય મધ્યાકાશમાં પોતાના પૂર્ણ સ્વરૂપે તપી રહ્યો છે. બરાબર તે જ સમયે શિલા પર અરણિકે આસન જમાવી અનશન આદર્યું.

માખણનો પિંડ ઓગળે તેમ એનો નાજુક દેહ શિખરની એ ધગધગતી શિલા પર ઓગળી ગયો.

આ અશાશ્વત કાયાને ત્યાગી એનો દિવ્યાત્મા પ્રકાશને પંથે ઉપડી ગયો.

ભોગના કીચડમાંથી ઊંચે આવેલું કમળ એટલે અરણિક !

3

## શલ્યાની અહલ્યા

**સંતોષ** અને શાન્તિમાં થા જ પ઼ણ છે ચેલી ચંપકનગરી ઉપર શતાનિક રાજાના સૈન્યનાં ધાડાં અણધાર્યાં ત્રાટકી પડચાં. નિદ્રાની મધુર ગોદમાં પોઢેલા માનવીની આસપાસ અણધારી જવાળા ફરી વળે ત્યારે જે દશા થાય એવી દશા ચંપાપતિ દધિવાહનની થઈ.

દધિવાહન જીવ લઈ નાઠો. એનું સૈન્ય છિન્નભિન્ન થઈ ભાગી છૂટચું અને ચંપાનગરી અનાથ થઈ.

કૌશામ્બીના સ્વામી શતાનિકે પોતાનો વિજયધ્વજ ચંપકનગરી પર ફરકાવ્યો અને એની ખુશાલીમાં પોતાના સૈન્યને એક દિવસ માટે જે લૂંટવું હોય તે લૂંટવાની છૂટ આપી.

સૈનિકોએ ગાંડા હાથીઓની જેમ આખી નગરીમાં હાહાકાર મચાવી દીધો.

નગરી નિર્નાયક હતી, પ્રજા નિઃશસ્ત્ર અને ગભરુ હતી.

સૈનિકો શસ્ત્રસજ્જ અને મદમાં મત્ત હતા. લૂંટનું ત્રાસદાયક વાતાવરણ નગર પર નદીના ઘોડાપૂરની જેમ ફરી વળ્યું.

રાજમહેલ ભયથી ધ્રૂજી રહ્યો હતો. અંતઃપુરનું નારીવૃંદ ચિન્તાથી આમતેમ દોડાદોડ કરી રહ્યું હતું. લૂંટનો ત્રાસ ધીમે ધીમે રાજમહેલ પ્રતિ આવી રહ્યો હતો.

'મા, ભાગો. શિયળ અને સંયમનું રક્ષણ કરવું હોય તો આ રાજમહેલનો ત્યાગ કરો. જંગલનો માર્ગ લો. લૂંટાયેલી સંપત્તિ ફરી મળશે, અરે, ગયેલું જીવન પણ પુર્નજન્મમાં મળી રહેશે, પણ લૂંટાયેલી પવિત્રતા તો અનંત ભવે પણ નહિ મળે. માનવજીવનની મૂડી—માનવીનું સર્વસ્વ એક પવિત્રતા! આજ એની કસોટી છે. દોડો, ભાગો!'

કોણ આ બોલે છે?

આ ઘોષણા રાજકુમારી વસુમતીની છે? આ કોલાહલમાં આ અવાજ કોનો છે તે પણ સમજાતું નથી, પણ મહારાણી ધારિણીનું હૃદય લૂંટની આ કિકિયારીથી ચિરાઈ રહ્યું છે. એનું હૃદય જોરજોરથી ધડકી રહ્યું છે. હમણાં જ તો એણે પતિ ખોયો હતો. પતિના વિરહની કારમી કથા પૂર્ણ થઈ નથી, ત્યાં આ લૂંટનો ભય! હા, લૂંટ ધનની નહિ, વસ્તુની નહિ, પણ માણસની પવિત્રતાની, આહ! હદ થઈ!

રાણી ધારિણી પોતાની પુત્રી વસુમતીને લઈ આ ત્રાસમાંથી ભાગી છૂટવા પગ ઉપાડે છે, ત્યાં એક ટોળું ધસી આવ્યું.

ટોળાના સાંઢણીસવાર નાયકે ઈશારો કર્યો, અને એ ટોળાએ માતાપુત્રીને એની પાસે હાજર કર્યાં. આ બન્ને

વિચાર કરે તે પહેલાં તો વીજળીની જેમ એમને સાંઢણી પર નાખી નાયકે સાંઢણી મારી મૂકી.

માતાપુત્રીના દેહમાં ભય છે. મુખમાં ઈષ્ટદેવનો જાપ છે. હૃદયમાં જીવન–મરણની કટોકટી છે. જીવનના ભોગે પણ પોતાનો ધર્મ સાચવવાની તમન્ના છે.

નાયકે કૌશામ્બીના નિર્જન વનમાં એક વૃક્ષ નીચે સાંઢણી ઊભી રાખી. એણે આકડે મધ જોયું હતું.

અસવારની આંખમાં રૂપલાલસા હતી. પાપભરી ઉન્મત્ત વાંછનાઓથી એનો દેહ ઊછળી રહ્યો હતો. એ સાંઢણી પરથી છલાંગ મારી નીચે ઊતર્યો. માતાપુત્રીને પણ નીચે ઉતાર્યાં અને પોતાની અધમ વૃત્તિનું પ્રદર્શન કરતી, વાસનાભરી વાણીમાં એણે રાણીના દેહની માંગણી કરી.

આ સાંભળી રાણીની આંખમાં સતીત્વથી શોભતું ક્ષાત્રતેજ તરી આવ્યું, એના દેહમાં શિયળનું શૌર્ય નર્તન કરવા લાગ્યું. એના ધ્રૂજતા હોઠ ઉપર અચલ રેખા ખેંચાઈ અને વાણીમાંથી જાણે તણખા ઝર્યા.

'પાપી, મારો દેહ તારે જોઈએ છે? હું કોણ છું તે તું જાણે છે? ક્ષત્રિયાણીઓ જીવતાં તો કદી પોતાની ટેક છોડતી જ નથી. પોતાની ટેક માટે જીવનને ફોતરા જેવું તુચ્છ ગણે છે. તારે દેહ જોઈએ છે? તો લે આ મારો દે...હ...

અને પવિત્ર રાણીનો રૂપભર્યો દેહ વૃક્ષથી છૂટા પડેલા પુષ્પની જેમ ધરણી પર ઢળી પડયો. સાપ કાંચળીને છોડીને

જાય એમ એનો આત્મા દેહ છોડી સ્વર્ગે સિધાવ્યો. અરે, મરણ આટલું સહેલું !

જંગલની ભીષણતામાં આ અકાળ મૃત્યુની ભીષણતાએ વધારો કર્યો. સતીના મૃતદેહમાંથી જાણે કંઈક સંકેત-ભર્યા ભીષણ શબ્દો આવી રહ્યા હતા. અસવાર કંપી રહ્યો. એનો પડછંદ દેહ પણ અત્યારે પાંદડાની જેમ ધ્રૂજી રહ્યો હતો. એનો કામ અને એની અધમ વૃત્તિ તો ક્યારનાંય નષ્ટ થઈ ગયાં હતાં. આ સ્ત્રીહત્યાના પાપથી એ પોતે જ મૂર્છિત જેવો થઈ ગયો હતો. શું કરવું એની સૂઝ જ પડતી ન હતી. એને લાગ્યું કે આ સ્ત્રીની જેમ આ કન્યા પણ રખે કંઈ કરી બેસે તો !

માનવીના જીવનમાં સત્ અને અસત્ બન્ને તત્ત્વો છે. આવાં કોઈ દૃશ્યથી માનવીનું સુષુપ્ત સત્ તત્ત્વ જાગી ઊઠે છે, અને તે પળે પાપીમાં પાપી માનવીનું અંતર પણ રડતું હોય છે, એવી જ કંઈ આ પળ હતી.

વસુમતી તો આ બનાવથી હેબતાઈ ગઈ હતી. થોડી વાર પછી એની કરુણાપૂર્ણ દર્દભરી વાણી પ્રગટી :

‘મા, ઓ મા, તેં આ શું કર્યું ? તું મને મુકીને ચાલી ગઈ? હવે આ જગતમાં મારું કોણ ! રાજ્ય લૂંટાયું, પિતાજીને ગુમાવ્યા, શહેર છોડી જંગલમાં આવ્યાં ત્યાં તું પણ મને એકલી જ નિરાધાર મૂકી ચાલી ગઈ. ઓ મા, તું જ્યાં હો ત્યાં મનેય બોલાવી લે. મા, આ નર્ક જેવા માનવીના સહવાસ કરતાં મૃત્યુ જરાય ખોટું નથી. મા,

મને બોલાવી લે,' અને વૃક્ષના ટેકા વિના લતા ઢળી પડે તેમ એ પણ ધરતી પર ઢળી પડી.

અસવાર આથી વધારે ગભરાયો, હવે તો એને પોતાનેય તમ્મર આવવાની તૈયારી હતી. એ આ પાપથી પાછો હઠવા માગતો હતો. એણે થોથવાતાં થોથવાતાં કહ્યું:

'બેટા, તું જરા પણ ગભરાઈશ નહિ, હું તને હેરાન નહિ કરું. તને દીકરીની જેમ સાચવીશ. તું રડ નહિ. તારો વિલાપ મને વલોવી નાખે છે. મેં આવું નહોતું ધાર્યું. મારા કામ ભર્યા શબ્દો અત્યારે મને પોતાને જ બાળી રહ્યા છે. સ્ત્રીહત્યા—ના, ના, એક સતીના આત્માનો અભિશાપ...રે! હું હવે કયે ભવે છૂટીશ?

નાયકે આશ્વાસન આપ્યું. રાજકુમારી વસુમતીને એ પોતાના ગામ લઈ ગયો, પણ એના આત્માને શાંતિ નથી, વસુમતી જાણે એના પાપનું સ્મરણ ન કરાવતી હોય એમ એને બાળ્યા કરે છે. એ નિર્દોષ બાળાને જુવે છે અને એનું જીવન એકવ્યથા બની જાય છે. રાત–દિવસ એને એક જ વિચાર આવે છે.

'મારા પાપની સ્મૃતિરૂપ આ બાળાને દૂર કરું, પણ કેવી રીતે? આ સોનાની કટાર રાખવી ક્યાં?

❀

શ્રમણ ભગવાન મહાવીરનાં જ્ઞાનકિરણોનો લાભ હજુ આ યુગને મળ્યો ન હતો. નવપ્રકાશના આગમન પહેલાં અંધકાર ઘુંટાય તેમ અજ્ઞાન ઘુંટાઈ રહ્યું હતું—હવે થોડાં

જ વર્ષો પછી ભગવાન મહાવીરનાં જ્ઞાનકિરણો સમસ્ત યુગને નવ પ્રકાશથી ભરી દેવાનાં હતાં. પણ તે માટે હજુ યુગને થોડી તપશ્ચર્યાભરી પ્રતીક્ષા કરવાની હતી.

એ દિવસોમાં અનાથ માણસો પશુની જેમ બજારમાં વેચાતાં. ધનિક માણસો ગુલામોને ખરીદતા. દ્વિપદ–મનુષ્ય –ચતુષ્પદ પશુના મેળા ભરાતા, અને માણસો પૈસો આપી માણસને અને પશુને ખરીદી લાવતા.

દેવદેવીઓ આગળ પશુઓનો બલિ અપાતો. જાતિવાદના ઘમંડમાં કેટલાક માણસો સામા માણસોને હીન-દૃષ્ટિથી જોતાં. સામ્રાજ્યની લાલસાથી અશ્વમેધ થતા અને ભાઈ જેવો ભાઈ પણ પોતાના જ ભાઈને મારવા તત્પર થતો. અંધકારનો થર ફરી વળ્યો હતો. ભગવાન પાર્શ્વનાથના જ્ઞાનવચનો ભુલાઈ ગયાં હતાં. હવે પુનઃ નૂતન પ્રકાશ માટે યુગ ઝંખી રહ્યો હતો.

સૈનિકને વિચાર આવ્યો : ‘ આ બાળાને વેચી નાખું— એને ઠેકાણે પાડવાનો મારા માટે આ સિવાય બીજો કોઈ માર્ગ જ નથી.’ એણે કૌશામ્બીના દાસબજારમાં વેચાતા માણસો વચ્ચે વસુમતીને પણ ઊભી રાખી.

કેવી છે વસુમતી! હરણાં જેવી મોટી મોટી નિર્દોષ આંખો છે, ચાંદની જેવું ઉજ્જવળ ભાવપૂર્ણ મુખ છે, માતા વસુંધરાને સ્પર્શે એવો લાંબો કેશકલાપ છે, અને પાણીમાં પતાસું ઓગળે એમ એને જોતાં જ દુષ્ટતા ઓગળી જાય એવું દેહ પર શિયળનું તેજ છે!

સૌ આવે છે, જુએ છે, અને ન જાણે કેમ, પણ ચાલ્યા જાય છે. આને કોણ ખરીદી શકે? આ સૌન્દર્ય છે, પણ એની આસપાસ સતની કેવી જ્વલંત જ્વાળા છે.

નિર્મળ હૃદય વિના એ ભાવનામૂર્તિને કોણ ખરીદી શકે?

સાંજ નમી રહી છે. કૌશામ્બીના ધનાઢ્ય અને સજ્જન-શિરોમણિ ધનાવાહ દર્શન કરવા મંદિર પ્રતિ જઈ રહ્યા છે. એ નિઃસંતાન છે. એમના હૈયામાં વાત્સલ્યનો સાગર છે, હૃદય સતત કંઈક ઝંખી રહ્યું છે—સંતાન.

એમની નજર બાળા પર પડી. એ ત્યાં જ થંભી ગયા. હૃદયમાં છુપાયેલો સંતાનપ્રેમ જાગી ઊઠ્યો. હૃદય માગે પછી પૈસા શું ચીજ છે! માંગ્યા એટલા પૈસા આપી એમણે બાળાને ખરીદી લીધી.

નાયક ખુશ હતો. એને પૂરતા પૈસા મળ્યા હતા, અને માનસિક ભારમાંથી એ મુક્ત પણ થયો હતો. હવે ન દેખવું ન દાઝવું.

બાળા એટલા પૂરતી જ સુખી હતી કે એ દુષ્ટના પંજામાંથી મુક્ત થઈ હતી, અને એને એક ભાવનાઘેલા પિતાનો સંગ લાધી ગયો હતો.

ધનાવાહ વધારે ખુશ હતા, કારણ કે એમના ઉણા હૃદયને ભરી દેનારું સૌરભમય શીતળ ચંદન મળ્યું હતું.

શેઠે પૂછ્યું: 'બેટા, તારું નામ?'

બાળા મૌન હતી. કારણ કે ભૂતકાળનાં સ્મરણોએ એની બુદ્ધિને ઘેરી લીધી હતી. એની આંખોમાં અવ્યક્ત

વેદના હતી. હોઠ પર યાતનાની સખત રેખા હતી. છતાં આછી આછી ચંદનની શીતળતા એની કાયા પર હતી–શિયળની.

શેઠ મનમાં જ વિચારતા હતા, રે ! સુગંધી પવિત્ર ચંદનને માનવદેહ ધારવાનું મન થયું અને આ કુમારિકા રૂપે અવતર્યું, આનું નામ ચંદન અને બાળા તો છે જ. નામ મળી ગયું–ચંદનબાળા–બેટા, તારુ નામ ચંદનબાળાને ?

આ વૃદ્ધની વાણીમાં કેવું વાત્સલ્ય હતું ! એમના બોલ વસુમતીને ગમ્યા. એણે માથું નમાવ્યું, જાણે શેઠે કરેલા નવા નામાભિધાનને એણે મૂક સંમતિ આપી.

ધનાવાહે બધી જ વાત પોતાની પત્ની મૂળાને કરી, અને બાળાને એને સોંપી.

ચંદનાના સંસ્કાર અજબ હતા. એ પ્રભાતે વહેલી ઊઠતી. હાથ પગ ધોઈ પલાંઠીવાળી કંઈક ધ્યાન ધરતી, સામાયિક કરતી. પૂજા કરતી. ધનાવાહ અને મૂળા શેઠાણીને પગે લાગતી, આંગણાને આરસી જેવું સ્વચ્છ રાખતી. ભમ્મરડો ફરે એમ ઘર–કામમાં એ ફર્યા કરતી, આ બધું જોઈ શેઠ હરખાતા અને કહેતા :

‘ આજસુધી આપણું ઘર ઊંઘતું હતું. આજ ? આજ તો એ હસી રહ્યું છે ! ઘર નોકરીથી નથી શોભતાં, પણ આવી ઘરદીવડીઓથી શોભે છે.

અતિ પ્રશંસા પાપનું મૂળ બને છે. વહાલનું અતિ પ્રદર્શન સ્નેહની ક્યારીઓમાં ઘણીવાર વિષનું વાવેતર કરે છે.

અંતરના ભાવને તો મૌન જ સાચવે છે.

ચંદના ગુણવતી હતી, સાથે રૂપવતી હતી, યુવાવસ્થા હવે એના દેહદ્વાર પર ડોકિયાં કરતી હતી, શેઠ પોતાની પુત્રીના આ નવ વસંત જેવા દેહને હેતની નજરે નીરખી રહેતા, ને પછી ડોલી ઊઠતા.

શેઠાણી સામાન્ય ઘરની ગૃહિણી જેવી હતી. નરને ભ્રમર માનનારી એ શંકાશીલ નારી હતી. ધીરે ધીરે ચંદનની આ અતિ પ્રશંસા મૂળાના હૈયામાં તણખા બની એને બાળવા લાગી. શેઠ સહજ ગુણાનુરાગથી બોલતા, પણ મૂળાને એ નહોતું ગમતું.

ધીમે ધીમે ઈર્ષામાંથી એક દિવસ એના હૈયામાં શંકાએ ડોકિયું કર્યું. આના રૂપ અને યૌવને શેઠના મનને ચલિત તો નથી કર્યું ને? પણ એનું જાગૃત મન પોતાના પતિ પર આમ એકદમ આક્ષેપ કરવા તત્પર ન થયું. એણે બળ કરી આ વિચારને તે પળે તો કાઢી નાખ્યો, પણ તેનાં સુષુપ્ત મનમાં પડ્યાં રહ્યાં.

આજે તાપ ખૂબ હતો. મધ્યાહ્ને શેઠ દુકાનેથી ઘરે આવ્યા ત્યારે નોકરો તાપ અને થાકથી કંટાળીને જ્યાં ત્યાં ઊંઘતા પડ્યા હતા.

શેઠના પગ ધોનાર કોઈ જ ન હતું. ચંદનાને નોકરો પર દયા આવી એણે કોઈને ય ન ઊઠાડ્યા. એ પોતે જ જળની ઝારી લઈને દોડી આવી.

પ્રાંગણની વિશાળ શિલા પર એ શેઠના પગ ધોવા લાગી. એના દિલમાં માતા–પિતાના વિયોગની વિષાદમય

છાયા સતત રહેતી, છતાં શેઠના પિતૃવાત્સલ્યે આ ઘા ઉપર કાંઈક મલમપટ્ટાનું કામ કર્યું હતું. તેથી જ શેઠ પ્રત્યે એને જેમ માન હતું તેમ પિતૃ જેવી મમતા પણ હતી.

શેઠના ઘરમાં વૈભવ હતો પણ દિલને લાગણી અને ભાવનાથી ભરે એવું સંતાન ન હતું ચંદનાએ એમની આ પિતૃભૂખને સંતોષી હતી. ચંદના શેઠની આંખનું અમૃત હતી. એને હસતી રમતી એ જોતા અને એમનો થાક ઊતરી જતો. એ જ પુત્રી અત્યારે આટઆટલા નોકરો હોવા છતાં બધાને પડતા મુકી પિતાના પગ ધોવા દોડી આવી હતી.

પિતા આ વિનયવતી દૈવી પુત્રીને જોઈ જ રહ્યા. એ પાતળી છતાં મજબૂત હતી. કમળની પાંખડી જેવી વિશાળ આંખોમાં હિંમતનાં તેજ હતાં. કાળી કમાનદાર ભમ્મરો નીચે રહેલી આંખમાં આ કેવું દિવ્ય તેજ હતું ! મૌનના ભાવથી હોઠ બિડાયેલા હતા છતાં સ્મિત કેવું રમી રહ્યું હતું. એના દેહ પર સંયમનું ગૌરવ હતું, છતાં કેવી વિનમ્રતા હતી.

આ સદ્‌ગુણી સંતાનની પ્રાપ્તિથી શેઠ પોતાને ધન્ય માનતા હતા. કાર્ય–કારણ ભાવનો સંયોગ પણ અજબ છે. ચંદના નીચી નમી શેઠના પગ પ્રક્ષાલી રહી હતી. નીચે નમેલા મસ્તકનો ઢીલો અંબોડો એ વખતે છૂટો થઈ ગયો. લાંબી લાંબી રેશમના લચ્છા જેવી લટો નીચે કાદવમાં રગદોળાતી પડી.

શેઠે આ સ્થિતિ જોઈ, અને ચંદનાની કેશાવલિને કાદવમાં રગદોળાતી બચાવવા લાકડાના ટેકાથી એને અદ્ધર ઝીલી લીધી.

તેજ પળે મૂળા ઝરૂખામાં દેખાઈ. એણે આ દૃશ્ય જોયું.

અને એની બધી જ સુષુપ્ત શંકાઓ જખમી નાગણની જેમ છંછેડાઈ ઊઠી. એણે વિચાર્યું, હું ધારતી જ હતી અને તે જ બન્યું. કમળની જેમ મઘમઘતું અને વિકસતું યૌવન સામે હોય ત્યાં આ પુરૂષનું મન ચળે એમાં નવાઈ પણ શું ? આમાં કલહ કરે કંઈજ નહિ વળે. આ કાંટાને મારે દૂર કરેજ છૂટકો છે.

બીજા દિવસે મધ્યાહ્નનો સમય છે. શેઠ જમીને દુકાને ગયા છે. ઘરનું વાતાવરણ શૂન્ય જેવું છે, તે તકનો લાભ લઈ મૂળાએ ચંદનાને લાકડીથી ઝૂડી, એના પગમાં બેડી નાખી એક અંધારી ઓરડીમાં એને ધકેલી દીધી. એને ખાતરી હતી કે ત્રણ ચાર દિવસમાં તો આ ફૂલના પ્રાણ ઊડી જ ગયા હશે અને પછી તો ડોળ અને દંભ કેમ કરવો તે તો આવડે જ છે.

આ દૃશ્યની સાક્ષી એક વૃદ્ધા હતી. એને મૂળાએ ધમકી આપી કે કોઈનેય કહ્યું તો દુનિયામાં તારૂં નામનિશાન પણ નહિ રહે ! મૂળાનું પિયર ગામમાં જ હતું. એ બે દિવસ માટે પોતાને પિયર ચાલી ગઈ.

શેઠ ઘેર જમવા આવ્યા. ચંદના ન દેખાઈ. એના વિના ઘર નિસ્તેજ હતું. ઘર જાણે આજ રડી રહ્યું હતું. શેઠે માન્યું કે મૂળા સાથે એ મોસાળ ગઈ હશે.

બે દિવસ વીતી ગયા પણ શેઠને ચેન નથી. એના હૈયા પર જાણે દુર્દૈવના ઓળા ઊતરવા લાગ્યા. એ વિચારવા લાગ્યા. મને આમ કેમ થાય છે ? શું કંઈ અશુભ છે ? હૃદય આમ કેમ બળી રહ્યું છે ? મારા આ અવ્યક્ત દુઃખમાં ચંદના વિના શાંતિ કોણ આપે ?

ચંદનાને પૂર્યાને ત્રણ દિવસ થયા હતા. છેલ્લી રાતથી પેલી વૃદ્ધા દાસીના હૈયામાં તુમુલ યુદ્ધ ચાલતું હતું. એની માનવતાએ એને જગાડી હતી. એક બાજુ એની શેઠાણીની સખત આજ્ઞા હતી, બીજી બાજુ ચંદનાની કરુણ વ્યથામાંથી જાગેલી કરુણા હતી. આખરે માનસિક યુદ્ધમાં કરુણાનો જય થયો. માણસાઈ જીતી. પોતાના જીવના જોખમે પણ એણે હિંમત કરી. ચંદનાની દશા શેઠને વર્ણવી, અને જ્યાં પૂરવામાં આવી હતી, તે સ્થાન શેઠને બતાવી દીધું.

શેઠ દોડચા. ઓરડીનાં બારણાં તોડચાં. ચંદનાની આ દશા જોતાં જ જાણે એમના પર વીજળી ત્રાટકી. એ બેસી જ ગયા. એમનું હૃદય જોરથી ધબકવા લાગ્યું. આંસુ થંભી ગયાં હતાં, લોહી થીજી ગયું હતું. આ દુઃખની વરાળથી હૃદય ફાટવાની અણી પર હતું ત્યાં ચંદનાના સુકાઈ ગયેલા ગળામાંથી વેદનાભીનો કરુણ સ્વર પ્રગટ્યો :

'પિતાજી !'

'બેટા, તારી આ દશા !' શેઠનો કંઠ પાછો રૂંધાઈ ગયો. એમને તમ્મર આવવા લાગ્યાં. હવે શું કરવું એની એમને સૂઝ પડતી ન હતી, છતાં ગમે તેમ કરી એ ઊભા થયા.

રસોડું ક્યારનુંય ચોખ્ખું થઈ ગયું હતું. માત્ર ઢોરને આપવા માટે અડદ બફાતા હતા.

બાજુમાં એક સૂપડું પડયું હતું. શેઠને કંઈ જ ન સૂઝયું, એમણે એ બાકળા સૂપડામાં ઠાલવી, ચાંદના આગળ મૂકી, પોતે જ લુહારને બોલાવવા દોડી ગયા.

આજ એ ક્યાં વૃદ્ધ હતા ? ચંદનાની યાતનાએ એમને જુવાનીની જેમ દોટ મુકાવી.

આ બાકળા જોઈ ચંદનાને પોતાનો ભૂતકાળ સાંભળી આવ્યો. સુખનાં મધુર સ્વપ્નોમાં વીતેલો પોતાનો બાલ્યકાળ અને યૌવનના ઊંબરામાં પગ મૂકતાં જ પોતા ઉપર વરસેલી અસહ્ય દુઃખની ઝડીથી એનું હૃદય ભરાઈ આવ્યું. પોતે રોજ કેટલાય અતિથિને ભોજન આપતી; એને બદલે આને કેટલાય દિવસથી અતિથિનાં દર્શન પણ દુર્લભ થયાં છે. પોતાના આ દુર્ભાગ્ય પર આંસુ સારતી ચંદના ઊંબરામાં બેઠી.

પાંચ મહિના અને પચીસ દિવસથી કૌશામ્બીની શેરીએ શેરીએ એક તપસ્વી વિહરી રહ્યા છે. આ તપસ્વીની આંખમાંથી અમી ઝરે છે. મુખ પરથી તેજ નીતરે છે. હોઠમાંથી ચાંદની જેવી શીતળતા ટપકે છે. આખોય દેહ કારુણ્ય અને માર્દવથી મઢેલો છે. એમનો દૃષ્ટિપાત જીવનનાં દુઃખોથી સળગતા માણસને શાંત કરે છે, શું એ માનવી છે! જાણે અહિંસાનો અવતાર હોય એવા આ મહાતપસ્વી કૌશામ્બીને બારણે ફરી વળ્યા, પણ એમનો ભિક્ષાનો અભિગ્રહ અપૂર્ણ છે.

આખું નગર પ્રભુના આ અભિગ્રહની પૂર્તિ માટે અનેક પ્રકારના ઉપયોગો ઉત્સુક હૈયે કરે છે, પણ નિષ્ફળ જાય છે. રે એવો કોણ ભાગ્યવાન હશે જેના હાથનું પ્રભુ દાન સ્વીકારે અને લાંબી તપશ્ચર્યાનું પારણું કરે !

આજ પાંચમા માસનો પચીસમો દિવસ છે. રોજના ક્રમ પ્રમાણે મધ્યાહ્નના સમયે પ્રભુ આહાર માટે નીકળ્યા છે,

ત્યાં એમની દૃષ્ટિ ધનાવાહના બારણામાં બેઠેલી ચંદના પર પડી.

પ્રભુને જોઈ એ ઊભી થઈ ગઈ. એના પગમાં બેડી છે. એક પગ ઊંબરામાં છે, બીજો બહાર છે, દાન દેવા ઉત્સુક થઈ છે. માથે મૂંડી છે. રાજકુમારી આજ દાસીની દશામાં છે. એની આંખો આંસુથી આર્દ્ર બની છે.

પ્રભુએ હાથ લંબાવ્યા અને ભિક્ષાનો સ્વીકાર કર્યો.

તે જ પળે આકાશમાંથી પુષ્પની વૃષ્ટિ થઈ. દેવોએ સુવર્ણ વરસાવ્યું. પંચ દિવ્ય પ્રગટ્યાં. બેડી તૂટી ગઈ અને ચંદનબાળાના મસ્તક ઉપર પહેલાંની જેમ વાળ શોભી રહ્યા.

આ મંગળ પ્રસંગની વાત કૌશામ્બીના ઘરઘરમાં થવા લાગી. માનવસમૂહ આ ધન્ય બાળાને જોવા ધસી રહ્યો હતો.

મહારાજા શતાનિક, મહારાણી મૃગાવતી, મહામંત્રી સુગુપ્ત અને શેઠ ધનાવાહ સૌ દોડી આવ્યાં હતાં. આજ સૌ પોતાની જાતને ભૂલી ગયાં હતાં. સૌનું મધ્યબિંદુ આ બાળ હતી.

એવામાં એક વૃદ્ધ આગળ આવ્યો અને ચંદનાના પગમાં પડી કહેવા લાગ્યો. 'કુંવરીબા! તમે?' એની આંખમાં વાત્સલ્યનાં વારિ ઊભરાતાં હતાં.

શતાનિકે પૂછ્યું: વૃદ્ધ! તું આ બાળાને ઓળખે છે!'

'અરે, પ્રભુ! હું ન ઓળખું? મેં જ તો એમને મોટાં કર્યાં છે. ચંપાનગરના મહારાજ દધિવાહનનાં આ પુત્રી છે. અને હું એમના રાજમહેલનો કંચુકી છું. તમારા સૈનિકોએ લૂંટ ચલાવી ત્યારે અમે સૌ સાથે જ ભાગ્યાં હતાં. મેં અહીં આવતાં સાંભળ્યું કે એમની માતાએ પોતાના સતના રક્ષણ માટે દેહનું

બલિદાન આપ્યું અને કુંવરી એમના પુણ્યે બચી ગયાં.'

આ કરુણ ઇતિહાસ એક નારીના હૃદયબંધને તોડી નાખતો હતો અને તે હતી રાણી મૃગાવતી. એ આગળ આવી અને ચંદનબાળાને આલિંગન આપતાં બોલી :

'બેટા, તેં મને ઓળખી? હું તારી માસી, તારી માતાની સગી નાની બેન મૃગાવતી?'

ચંદનબાળાના હૈયામાં અસંખ્ય ભાવોની અત્યારે ભરતી આવી હતી. એનું હૃદયપાત્ર છલકાઈ રહ્યું હતું. પ્રભુના મહાભિગ્રહનો પોતાને જ મળેલો અપૂર્વ લાભ, માતાનો વિયોગ માસીનો સંયોગ, ધનાવાહનું વાત્સલ્ય, મૂળાએ પોતાના અપરાધ માટે ફરી ફરીને લળી લળીને માંગેલી ક્ષમા અને પોતાના મનમાં આ સંસારની રંગભૂમિ પ્રત્યે જાગેલી ઉદાસીનતા—આ બધા જ ભાવો એક સાથે ધસી આવ્યા. એ મૌન હતી, એની આંખો સ્થિર હતી. સૌને એ નમી અને રાણી મૃગાવતી સાથે રાજમહેલ ભણી ચાલી નીકળી.

એ પ્રયાણ વખતે દિવ્યવાણી સંભળાઈ. પુણ્યવંતી બાળા ભગવાન મહાવીરના સંઘની પ્રથમ પ્રવર્તિની થશે અને નારીમુક્તિનું પ્રથમ મંગળગીત ગુંજસે.

એક બાજુ રાજમહેલના રંગભર્યા આનંદ—ઉલ્લાસના વિલાસ હતા, બીજી બાજુ ચંદનાની તીવ્ર સંયમસાધના હતી. એક રીતે એની સાધનાની આ કસોટી હતી. જળમાં કમળ વસે એમ આ વાતાવરણથી અલિપ્ત અને અદ્ધર હતી. એ અહીં રહેવા માટે નહોતી રહી. પણ પ્રભુ મહા-

વીરના કૈવલ્યની પ્રતીક્ષા કરતી દિવસો વિતાવી રહી હતી.

ભગવાન મહાવીરને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું. એમણે ચતુ-ર્વિધ સંઘની સ્થાપના કરી—સાધુ—સાધ્વી—શ્રાવક—શ્રાવિકા એમાં ચંદનાએ પ્રથમ દીક્ષા સ્વીકારી, સાધ્વીસંઘનું નેતૃત્વ સ્વીકાર્યું.

આજ પણ જેના ત્યાગ, તપ અને સંયમને સંભારી માનવજાત જેને ચરણે નમે છે, તે સાધ્વી સંઘની ગંગોત્રી એટલે ચંદનબાળા.

*

૪

# આતમની અગ્નિપરીક્ષા

**કારતક** વદ એકમની મધરાત હતી. રાતના બે વાગ્યાનો સમય હતો. આકાશની શુભ્ર આરસીમાં મોગરાના ફૂલ જેવા તારા હસી રહ્યા હતા. ચંદ્રમાંથી ઝરતી ચંદન જેવી શીતળ ચાંદની પૃથ્વીને લીંપી રહી હતી.

ત્રણ માળની ઊંચી હવેલીને બીજે માળે અમે ચાર જણ સુખનિદ્રામાં પોઢયા હતા. મંદમંદ વાતો પવન અમારા આત્માને સૌરભની દુનિયામાં લઈ ગયો હતો. એવામાં હૈયાને વીંધી નાખે એવી એક કારમી, લાંબી તીણી, ચીસ સંભળાઈ, અને હું ભયપૂર્વક સફાળો ઊભો થઈ ગયો.

કમાડ ઉપર કોઈ જોરજોરથી લાત મારતું બોલી રહ્યું હતું.

‘ મહારાજશ્રી ! બચાવો. કમાડ ઉઘાડો. ભયંકર આગ લાગી છે, દોડો રે દોડો......!!

મારી પડખે જ પિતાશ્રી પોઢયા હતા. મૂળચંદ ને તારાચંદ નામના બે યુવાનો બારણા પાસે આળોટતા હતા.

આ ભયભરેલી તીણી ચીસ સાંભળી એ ત્રણે જણ વિહ્‌લતાપૂર્વક જાગીને આમતેમ જોવા લાગ્યા.

અમારા ચારેના આત્મા ભયગ્રસ્ત હતા. એવામાં એક જોરદાર ધક્કો વાગ્યો અને જૂનાં કમાડ સાંકળ સાથે જ ઊખડી પડયાં. છ બહેનો અને ત્રણ બાળકો ગભરાટમાં રાડો પાડતાં ઉપર ધસી આવ્યાં.

મેં બારણા તરફ જોયું તો નવ જણની પાછળ લાલ રંગની લાંબી જીભ કાઢતી અગ્નિની પ્રચંડ જ્વાળાઓ આવતી દેખાઈ. ભયંકર રીતે પળ પળ ઊંચે વધતી આ પાવકજ્વાળાને જોઈ મારી મતિ પણ ક્ષણભર મૂઢ થઈ ગઈ. ફાટી આંખે હું જોઈ રહ્યો હતો. આ શું થઈ રહ્યું છે તે મને સમજાતું ન હતું.

પ્રચંડ આગના ભડકા અમારી નજીક આવી રહ્યા છે એટલું જ મારી આંખો જોઈ શકી, માર્ગ ક્યાંય ન હતો. વિચારોમાં ધુમાડો વંટોળિયા લઈ રહ્યો હતો.

અમે ત્રીજે માળે હતા. બહેનો ને બાળકો બીજે માળે હતાં પણ ભોંયતળિયે પ્રચંડ આગ લાગી એટલે એ સૌ ઉપર ધસી આવ્યા હતાં.

જ્વાળા વધતી વધતી ઉપર ને ઉપર આવી રહી હતી, નીચે ઉતરવાનો માર્ગ અને દાદર તો ક્યારનાંય બળીને ખાખ થઈ ગયાં હતાં, હવે ક્યાં જવું ?

ગઈ કાલે આજ સ્થાને કેવો આનંદ અને શાંતિ હતાં ? અત્યારે કેવો શોક અને ભય હતો ? ગઈ કાલે આ હવેલીના

મુખદ્વાર આગળ ભવ્ય મંડપ હતો. એમાં પ્રવચન, પ્રભાવના અને મંગળ ગીતોના મંજુલ ધ્વનિથી વાતાવરણ ગુંજતું હતું, અત્યારે તે જ સ્થાનમાં ઊભેલા માણસો કરુણા ભરી ચીસો નાંખી રહ્યા છે :

‘ આ ઉપર રહેલા લોકોને કોઈ બચાવો, રે ! ઉપરથી નીચે ઉતારો, રે ! નહિ તો બાપડા હમણાં બળીને ખાખ થઈ જશે........”

આગ જોવા એકત્રિત થયેલા સૌ ચીસો નાખતા હતા, કોલાહલ કરતા હતા, પણ માર્ગ કોઈનેય કાંઈ સૂઝતો નહોતો.

અમે ઉપરથી ચીસો નાખતા હતા, અમને બચાવો!

એ લોકો નીચેથી રાડો પાડતા હતા: આ દુઃખિયાઓને કોઈ પણ રીતે બચાવો.

આપણા લોકોની આ વિશિષ્ટતા છે. આપણને રાડો પાડતાં કોલાહલ કરતાં આવડે છે, પણ યોજનાપૂર્વક કામ કરતાં નથી આવડતું. પરિણામે અવ્યવસ્થા વધે છે. કાર્ય કંઈ જ થતું નથી. આવા પ્રસંગે તાલીમ પામેલા અને બિનતાલીમ પામેલા પરખાઈ જાય છે. આવા ભયમાં તાલીમ પામેલો એક માણસ જે કરી શકે છે. તે બિનકેળવાયેલા હજાર પણ કરી શકતા નથી.

નીચે અને ઉપર સર્વત્ર કોલાહલ હતો પણ કોઈને એટલુંય ન સૂઝયું કે બંબાવાળાને ખબર આપીએ. નીસરણીની શોધ કરીએ, એકાદ દોરડું શોધી ઉપર ફેંકીએ—

સૌને એક જ વાત આવડે : રાડો પાડવી, બૂમબરાડા નાખવા અને વાચાની વાંઝણી દયા દેખાડવી.

પળેપળ ભયંકર રીતે પસાર થઈ રહી હતી. નીચેથી મદદ મળે એવી આશા હવે રહી ન હતી. વિપદ વખતે માણસને, શી ખબર ક્યાંથી પણ, ધૈર્યનું બળ મળી રહે છે. એ વખતે સદ્ભાગ્યે સેવાદળમાં લીધેલી તાલીમ મારી મદદે આવી. મેં કહ્યું : 'બહેનો ! હિંમત રાખો. કેવળ ચીસો પાડવાથી હવે આપણને કોઈ ઉગારે તેમ નથી, અને આપણી દયામણી ચીસોથી આ પ્રચંડ આગ પણ શાંત પડે તેમ નથી. તમે તમ્મારા સૌના સાડલા આપો, એને એક બીજા સાથે બાંધી એનું લાંબું દોરડું બનાવીએ એને કઠેડે બાંધી એના પર ટિંગાઈને, લટકીને, લપસીને એક પછી એક સૌ નીચે ઊતરી જઈએ.'

આ યોજના એમને જરા જોખમ ભરેલી લાગી. વચ્ચેથી ગાંઠ છૂટી જાય અગર તૂટી જાય તો અકાળે મૃત્યુ થાય. પણ આમેય આગનું અકાળ મૃત્યુ તો અમારી સામે વિકરાળ આંખો ફાડીને ઊભું જ હતું.

આગની ગરમી વધી રહી હતી. અને જવાળાઓ અમારી નજીક ને નજીક આવી રહી હતી. અમે જે ખંડમાં હતા, એ ખંડ છોડી સરકતા સરકતા અમે સૌ કઠેડા પાસે આવ્યા. અમે પાછળ જોયું તો એ ખંડ ક્યારનોય પ્રજ્વળી ઊઠ્યો હતો, હવે તો અમારા માટે એકેય માર્ગ ન હતો.

કઠેડાથી આગળ ક્યાં જવું ? મારી યોજનામાં બાળકને લઈને ઊતરવું જોખમ ભરેલું હતું. સંકટની ભયંકર ક્ષણો

પસાર થઈ રહી હતી.

નીચે કોલાહલ કરનારાઓમાં એક સાહસવીર નીકળ્યો, એ ક્યાંથી એક મોટી નીસરણી શોધી લાવ્યો. એણે નીસરણી માંડી. પણ અફસોસ ! એ ટૂંકી હતી. અમારાથી છ હાથ દૂર હતી. એણે એક ક્ષણ વિચાર કર્યો, અને પોતાના ખભા ઉપર જ એ માંડી. આવી મોટી નીસરણી અને તે માણસના ખભા ઉપર ! ઓહ ! બળ પણ જબરું અને ધૈર્ય પણ જબરું. એવી વીરતાને સહજ રીતે મસ્તક ઝૂકી જાય છે.

નીસરણી એણે ખભા પર લીધી એટલે એ ત્રણ હાથ ઊંચી આવી : પણ હજી ત્રણ હાથ અમારાથી એ દૂર હતી નીસરણી પર ઉપરથી ઠેકડો તો મરાય નહિ, સ્થિતિ નાજૂક હતી હવે તો જીવન અને મરણ વચ્ચે પ્રહર નહિ, કલાક નહિ પણ પળો ગણાઈ રહી હતી.

સર્વત્ર ભયના વાતાવરણથી માનવ હૈયાને ચીરી નાંખે એવી ચીસો સંભળાતી હતી, અંતે આસપાસ વધતી જતી જ્વાળાના તાપથી દેહ શેકાતા હતા.

પિતાશ્રી તો ઉપરથી ભૂસકો મારવાની વાત ઉપર આવી ગયા, પણ ભૂસકો મારવો એ શક્ય ન હતું. ત્રણ માળની તોતિંગ ઊંચી હવેલી પરથી પડનારનું એક પણ અંગ સલામત ન રહે !

ઇષ્ટદેવનો જાપ અંતરમાં સતત ચાલતો હતો. માણસ સુખમાં જેવી તીવ્રતાથી પ્રભુસ્મરણ નથી કરતો, એવી તીવ્રતાથી એ દુઃખમાં સ્મરે છે. તે જ પળે મારામાં અણધાર્યા બળનો

સંચાર થયો. ધૈર્યનાં કિરણ અંગ અંગમાંથી પ્રગટવા લાગ્યાં.

હું કઠેડો કૂદી બહારની સીમેન્ટની પાળ પર આવ્યો. કઠેડા બહાર દશેક આંગળની નાની પાળ હતી. મારો એક હાથ મેં કઠેડાના સળિયાઓમાં મજબૂત રીતે ભરાવ્યો, વજ્ર જેવી મજબૂત પકડથી સળિયાને પકડી મેં પિતાજીને કહ્યું:

'તમે ધીમેથી કઠેડો ઓળંગી આ સિમેન્ટની પાળ પર આવો. અને મારો આ હાથ પકડી ટિંગાઓ એટલે નીચે નીસરણીને આંબી જશો. તમારા પગ નીસરણીને અડે પછી જ મારો હાથ છોડજો.'

પિતાજી કહે : 'મારો ભાર આમ અદ્ધર આકાશમાં તું ઝીલી શકીશ? તારો હાથ પકડીને લટકું અને હાથ છૂટી જાય તો તો બંને પથ્થરની શિલા પર જ પછડાઈએ ના!'

મેં કહ્યું : 'વિચાર કરવાનો આ સમય નથી. જીવન મરણની આ પળ છે. જે થવાનું હશે તે થશે. પણ શ્રદ્ધા છે, સારું જ થશે.'

મારી શ્રદ્ધા સાચી પડી. એ બરાબર નીસરણી પર પહોંચ્યા ને ઊતરી ગયા. હવે મારો વારો આવ્યો. હું ઊતરી જાઉં તો બહેનો ને બાળકોને ઉતારનાર કોણ!

માણસનું મન ઘણું જ નીચ અને સ્વાર્થી છે. એ ઉચ્ચ ને પરોપકારી દેખાય છે, પણ તેની અગ્નિપરીક્ષા થઈ નથી ત્યાં સુધી જ. જ્યારે એવી પળ આવે છે ત્યારે જ મનની સાચી પારખ થાય છે.

સામાન્ય રીતે પ્રત્યેક માનવી પોતાના મન માટે ઉચ્ચ

અભિપ્રાયના ભ્રમમાં હોય છે, અને મારા માટે મને પણ એવો જ વિશ્વાસ હતો. આ પળે મને જીજિવિષા પ્રેરવા લાગી.

The last days of pompeii નો પ્રસંગ યાદ આવે છે. આખા શહેર પર લાવા રસ ઊછળી રહ્યો છે, અગ્નિની વર્ષા થઈ રહી છે. થોડી જ ક્ષણોમાં સૌ મરવાના છે. છતાં સૌ બચવાનો મરણિયો પ્રયત્ન કરે છે. આગળ દોડતા માણસને ધક્કો મારી, એનું ધન ઝુંટવી, માણસ આગળ નીકળવા પ્રયત્ન કરે છે, પોતાનો જ જીવ બચાવવા પ્રયત્ન કરે છે, જ્યારે બીજી બાજુ કોક સજ્જન લૂલાને મદદ કરે છે, આંધળાને ટેકો આપે છે, વૃદ્ધને દોરે છે, પોતે ઉતાવળ કરે છે, પણ અપંગોને ભૂલતો નથી. ત્યાં લેખક લખે છે: 'આ છેલ્લા કલાકમાં તેઓ માનવીની ઉચ્ચતા અને નીચતાનાં દર્શન કરે છે. In this last hour, they glimpsed specimens of every business nobility. મારું મન પણ મને કહી રહ્યું હતું: 'ઊતરી જા, ભાગી જા, નહિ તો બળીને ભડથું થઈ જઈશ, જા, જીવ બચાવ...'

એવામાં એક બહેનને જેમનું નામ દિવાળીબેન હતું તેમણે કહ્યું: 'મહારાજ ! તમે તમારે પહેલાં ઊતરી જાઓ. અમારું તો થવાનું હશે તે થશે.

નારી ! મા ! તને નમન છે. વિપદ વખતે પણ તારો અર્પણ ધર્મ તું ના ચૂકે. અર્પણના પ્રકાશથી તેં વસુંધરાને અજવાળી છે. તારા શિયળથી, તારી સહિષ્ણુતાથી, તારા અર્પણથી માણસ આજે 'માનવ' છે.

મને મારા પર ધિક્કાર આવ્યો. બહેનોને સ્પર્શ પણ ન થાય એ મારા સંયમધર્મની મર્યાદા છે. પણ એ મર્યાદાને આગળ ધરી હું ઊતરી જાઉં, મારો જીવ વહાલો કરું, તો મારા જેવો નીચ સ્વાર્થી કોણ ?

મર્યાદા માનવીને ઉગારવા માટે છે, બંધન માટે નહિ જ, પણ અત્યારે તો માનવતાનો પ્રશ્ન છે.

વાડ વૃક્ષના રક્ષણ માટે છે, પણ વાડથી વૃક્ષનો વિકાસ રૂંધાતો હોય તો વાડને જરા દૂર પણ કરવી પડે. ભગવાન મહાવીરના સંયમધર્મની મર્યાદા એવી નથી જે માનવતાને હણે !

મેં કહ્યું: 'બહેનો, હું એવો નીચ નહિ બનું. જીવ ખાતર ધર્મ છોડવો એ કાયરનું કામ છે. જલદી કરો, તમે પાળ ઉપર આવો, મારો હાથ પકડીને ટિંગાઈ જાઓ અને નીસરણીને પહોંચો.'

આ રીતે એ ઊતર્યાં, એટલામાં તો બીજી મદદ પણ આવી ગઈ, સૌ ઊતરી ગયાં.

છેલ્લે હું પાળ પર બે હાથથી ટિંગાઈને ઊતરવા પ્રયત્ન કરતો હતો ત્યાં એક માતાની ચીસ આવી:

'અરે બાબો તો હજુ ઉપર જ છે. એ તો રહી ગયો.'

ધુમાડો વંટોળિયાની જેમ બાળકને વીંટાઈ ગયો હતો આ કસોટી હતી, મારી માનવતાની, મારા સમસ્ત જીવનની આ છેલ્લી પરીક્ષા હતી. દેવે જાણે મારી ભાવનાને કરુણ દૃષ્ટિથી નિહાળી. તેજ પળે ધૈર્યનું બળવાન દૈવી કિરણ

મારા અંગ અંગમાં વ્યાપી ગયું.

હું પાછો કઠેડો ઠેકી ઉપર ગયો. સાથે તારાચંદ પણ આવ્યો. સમડી ઝડપ મારીને હાથમાંથી વસ્તુ છીનવી જાય એ જ વેગથી બાળકને મૃત્યુના હાથમાંથી ઝડપીને સલામત રીતે લઈને બહાર આવી ગયો. નીચે તાળીઓના, વાહવાના, આનંદમય અવાજો થઈ રહ્યા હતા. અને તે જ વખતે બંબાનો અવાજ સંભળાયો. ટન, ટન, ટન !

બાળકને લઈ મેં નીસરણી પર પગ મૂકયો, ત્યાં હૃદયને ધ્રુજાવી મૂકે એવો અવાજ થયો. અને ક્ષણ પહેલાં અમે જ્યાં ઊભા હતા એ ભાગ કકડભૂસ કરતો બેસી ગયો.

કુદરતનો કેવો સંકેત ! પાંચ દશ મિનિટ પહેલાં એ ભાગ બેસી ગયો હોત તો ! પણ એ પ્રશ્ન જ નકામો છે. રામ રાખે તેને કોણ ચાખે ?

રાતના ત્રણના ટકોરે અમે વડવાના ઉપાશ્રયે આવ્યા, ઉપાશ્રયમાં પગ મૂકયો અને હું શુદ્ધિ ખોઈ બેઠો. કલાક સુધી સંચિત કરેલા અપૂર્વ દૈવી બળનો બંધ તૂટી ગયો, જુસ્સો ઊતરી ગયો હતો.

સવારે સાત વાગે મેં આંખ ખોલી ત્યારે ભાવનગરના હજારો નાગરિકો વીંટળાઈને બેઠા હતા. સૌનાં નયનોમાં પ્રેમના આંસુ હતાં, હૈયામાં માનવતાને અભિનંદન હતાં, શેઠ જૂઠાભાઈ જેવા પ્રતાપી પુરુષના મુખ ઉપર પણ લાગણીની તીવ્ર રેખાઓ ખેંચાઈ હતી.

એમણે ગદ્ગદ્ કંઠે કહ્યું :

'મહારાજશ્રી ! તમે તો અમારી લાજ રાખી. સાધુતાને અર્પણના રંગથી રંગીને ભાવનગરમાં એક જ્વલંત ઇતિહાસ સર્જ્યો.'

આગની વિપદમાં સહભાગી બનેલાં ભાઈ–બહેનો સામે મેં જોયું અને મારી આંખમાં પણ આંસુ આવ્યાં. પણ તે શાનાં હતાં, હર્ષનાં કે કરુણાનાં ?

*

૫

# મૌનનો મહિમા

આજે રાજાધિરાજ શ્રીકૃષ્ણ વિચારમગ્ન હતા. પોતાના મિત્ર અને બાંધવ શ્રીનેમ એમને સાંભરી આવ્યા હતા. એમની સાથે વિતાવેલા દિવસો ચલચિત્રની જેમ એમની દૃષ્ટિ આગળથી પસાર થઈ રહ્યા હતા, અને વહી ગયેલા પ્રત્યેક દિવસમાં કોઈ ને કોઈ સ્મરણની માધુરી ભરેલી હતી. ભૂતકાળના આ મધપૂડામાંથી આજે સ્મરણનાં રસબિંદુ ટપકી રહ્યાં હતાં.

શ્રીનેમ શ્રીકૃષ્ણના પિતરાઈ ભાઈ થાય. યદુવંશના ગગનના સૂર્ય અને ચંદ્ર એટલે શ્રીનેમ અને કૃષ્ણ. બંનેના પંથ જાણે જુદા—એક ત્યાગરાજ તો બીજા રસરાજ. એકનો ત્યાગ ગિરનારના શિખરે પહોંચ્યો હતો, તો બીજાનો રાગ ગોવર્ધનની ટોચે રમતો હતો. તેમ છતાં જીવનની શાંત પળોમાં તો શ્રીકૃષ્ણનું હૈયું ગિરનારની ત્યાગમત્ત ઝાડીઓમાં જ વિહરતું.

શ્રીનેમે રાજેમતી જેવી સુંદર અને શાણી, સંસ્કારી

અને શીલવતી સુંદરીનો ત્યાગ કરી સંયમનો પંથ લીધો, ત્યારથી શ્રીકૃષ્ણના હૃદયમાં મંથન જાગ્યું હતું. શ્રીકૃષ્ણ રસિક હતા પણ વીરતાના પૂજક હતા. યુદ્ધની વીરતા કરતાં જીવનના છલોછલ ઊભરાતા મધુરસને તજવામાં વધુ વીરતા જોઈએ–આ સત્ય એ સારી રીતે જાણતા હતા.

ઇતિહાસને પાને પણ જગતને જિતનાર લાખો રમે છે; પણ કામને જિતનાર તો વિરલ જ.

અને તેથી જ શ્રીનેમ–વિરક્ત નેમ, શ્રીકૃષ્ણને ભાવ્યા હતા.

દિલની દુનિયાનો પણ એક વૈજ્ઞાનિક અફર નિયમ છે. દિલ એકાગ્ર થઈ, પવિત્ર ભાવથી કોઈપણ વસ્તુને સ્મરે તો એને એ મળે જ મળે.

અને તેથી શ્રીકૃષ્ણ જેના વિચારમાં મગ્ન હતા તે–શ્રીનેમના આગમનનાં વધામણાં વનપાળે આવીને આપ્યાં:

'પ્રભો ! ઉદ્યાનમાં શ્રીનેમિનાથ પધાર્યા છે !'

શ્રીકૃષ્ણે આ વધામણાં આપનારને સુવર્ણથી સત્કાર્યો અને રથ હાજર કરવા સૂચના કરી.

શ્રીકૃષ્ણ પોતાના પરિવાર સાથે શ્રીનેમને વાંદવા ચાલ્યા; પણ એમના હૈયામાં હર્ષ માતો નથી. રથના અશ્વ પવનવેગે દોડી રહ્યા છે, પણ એ તો ભાવસમાધિમાં અચલ છે.

દ્વારિકા નગરીનું ઉપવન છે. એ ઉપવનમાં ઘટાદાર એક વડલો છે. વડલા પર પક્ષીઓ, પ્રેમગીત ગાઈ રહ્યાં છે. એ વડલાની શીતળ છાયામાં પોતાના જ્ઞાની પરિવારની વચ્ચે

શ્રીનેમ પદ્માસને બિરાજ્યા છે.

મુખ ઉપર શાંતિ છે. આંખમાં અમૃત છે. દેહ પર દિવ્યતા છે. વાણીમાં સુધા છે, અને ભાવોમાં મૈત્રી છે.

શ્રીકૃષ્ણ તો આ મધુરમૂર્તિના દર્શને એટલા તો મસ્ત બન્યા કે નથી તો એ બોલતા કે નથી એ હસતા; નથી એ કાંઈ કહેતા કે નથી એ કાંઈ સાંભળતાં, એમની પ્રેમ-ભીની આંખો જ જાણે બધું કહેતી હતી અને સાંભળતી હતી.

શ્રીનેમ તો ગિરનારના અબધૂત હતા. કેવળજ્ઞાનનાં પૂર્ણ પ્રકાશમાં એમણે વિશ્વ સાથે મૈત્રી બાંધી હતી. આખુંય વિશ્વ જેનું મિત્ર હતું, તો શ્રીકૃષ્ણ એમના સખા શા માટે નહિ?

શ્રીકૃષ્ણે મૌન તોડ્યું: 'આપને જોઉં છું અને હૃદય કોઈ અગમ્ય ભાવોથી ઊભરાઈ જાય છે, મેઘના નાદથી મયૂર નાચે એમ મારા ભાવો નાચી રહ્યા છે. અને સૂર્યના દર્શને કમળ વિકસે તેમ મારું હૃદય વિકસી રહ્યું છે.

'અત્યારે તો એમ થાય છે કે તમારા સાનિધ્યમાં જ રહું, તમારા આ વિશ્વવાત્સલ્યના પ્રકાશમાં ન્હાયા જ કરું....પણ શું તે મારે માટે શક્ય છે? જીવનમાં ગતિમાન કરેલાં આ અનંત ચક્રો વચ્ચે નિત્યની આ શાંતિ શક્ય છે?'

'નિત્ય ન બને તો કોઈક દિવસ તો શક્ય બને ને?' ઘંટડી જેવો મધુર રણકાર કરતો પ્રભુનો બોલ પ્રગટ્યો.

'હા, કોઈક દિવસ તો જરૂર બને. એવો કોઈ શ્રેષ્ઠ દિવસ ચિંધો, જે આપના કલ્યાણકની પાવન સ્મૃતિથી ભર્યો હોય, જીવનનું મંગળગાન જેમાં ગુંજતું હોય અને પોતાની

પવિત્રતાથી અમારા આત્માને અજવાળતો હોય,' વાતાવરણને ભાવનાથી ભરતા શ્રીકૃષ્ણે કહ્યું.

'શ્રીકૃષ્ણદેવ ! દિવસ તો બધા જ પ્રકાશપૂર્ણ છે; પણ કેટલાક દિવસ મહાપુરુષોના કલ્યાણકની પાવન સ્મૃતિથી સભર છે. એવા દિવસોમાં મૌન એકાદશીનો દિવસ શ્રેષ્ઠ છે. દોઢસો કલ્યાણકોથી એ દિવસ અંકિત છે. અને સુવ્રતશેઠ જેવા ભદ્ર આત્માએ પણ એ દિવસોમાં આત્માની મંગળ સાધના મૌનદ્વારા કરી છે.'

બંસરીના મધુર સૂરને સતત ગુંજતો રાખતા શ્રીકૃષ્ણે મૌનની વાત આવતાં, સૌના મનમાં ઘૂંટાતો પ્રશ્ન પૂછ્યો:

'પ્રભો ! આપ મૌનનું કહો છો, પણ મૌન તો ઘણીવાર અસહ્ય થઈ પડે છે. માનવી એકલો હોય, પડખે કોઈ બોલનાર ન હોય, નીરવતા છવાયેલી હોય, બેમર્યાદ વિશાળતા પથરાયેલી હોય ત્યારે માનવી વાચાદ્વારા એ નીરવતાને ન ભરે, તો એમ લાગે કે આ અણદીઠ અગોચરની વિશાળતા હમણાં જ ભીંસી દેશે અને પોતાની મૌનભરી વિશાળતામાં દબાવી દેશે. એવે વખતે માનવીએ કંઈ નહિ તો ગીત ગાઈ ને કે બંસીના સૂરોને ગુંજતા રાખીને પણ એ અવકાશને ભરવું જ રહ્યું અને ગંભીર મૌનની એ વિશાળતાને તોડી, અવાજોની દુનિયા સર્જવી રહી.'

'કૃષ્ણદેવ ! હું પણ એ જ કહેવા માગું છું, માનવી એકલતાથી ગભરાય છે, કારણકે એ વિશાળ એકલતાના મૌનમાં જ જીવનના ગૂઢ પ્રશ્ન એની સામે ઉપસ્થિત થાય

છે. આજ સુધી જેની સામે આંખમીચામણાં કર્યાં હોય, જેને ઈન્દ્રિયોની લોલુપતાએ થોડી ક્ષણો માટે દૂર ધકેલ્યા હોય, તે સનાતન પ્રશ્ન એ નીરવતામાં, એ એકલતામાં, એ વિશાળતાના મૌનમાં સાકાર થાય છે અને મૂર્તિમંત થઈ જવાબ માગે છેઃ જીવન જીવતાં કયો હેતુ સિદ્ધ કર્યો, તેનો ગંભીરતાપૂર્વક એ ઉત્તર માંગે છે.

'માણસ બધે જ ઉત્તર વાળી શકે, પણ પોતાના જીવનના જ કેન્દ્રસ્થાનમાંથી સ્વયંભૂ રીતે પ્રગટતા આ પ્રશ્નનો ઉત્તર આપવા જતા એનું સમગ્ર અસ્તિત્વ હલી ઊઠે છે, એ કંપે છે, ડરે છે, મૂંઝાય છે, અને દૂર ભાગે છે. અવાજોની દુનિયા સર્જી, કોલાહલમાં આત્માના એ પ્રશ્નને રૂંધી નાંખે છે.'

રૂમઝુમ રૂમઝુમ નિનાદ કરતું કોઈ મધુર, શાંત ઝરણું વહેતું હોય તેમ શ્રીનેમની વાણીમાં મૌનની મધુરતા વહી રહી!

આત્માના અંતરમાં સત્યને પ્રગટ કરતી પ્રભુની આ રસઝરતી વાણી સાંભળતાં શ્રીકૃષ્ણનું હૈયું ભર્યું ભર્યું બની ગયું.

'તો શું મૌન એ આત્માના દ્વારને ઉઘાડનાર ગુરુ ચાવી છે?'

'હા, એ દ્વારને ઉઘાડનાર ગુરુચાવી છે—જો એ કોઈ સુવ્રત જેવા પુજ્યપુરુષ કે કોઈ ચિંતક સંયમીના હાથમાં હોય તો!'

સંયમી નેમના મુખમાંથી ઝરતી ચન્દ્રિકા જેવી શીતળ કથા સાંભળતાં એમના હૈયાને તૃપ્તિ નથી. એમને એમ કે એ વધારે કંઈક કહે તો કેવું સારું! એમણે પૂછ્યું:

આપે સુવ્રતનો ઉલ્લેખ કર્યો; જેને પોતાના મૌન-

દ્વારા આત્માની મંગળ સાધના કરી, તે સુવ્રત કોણ ?

❀

'શ્રીકૃષ્ણદેવ ! યુગો પહેલાંની વાત છે. માનવીમાં રાગદ્વેષ આજનાં જેટલાં ઉગ્ર ન હતાં તે દિવસની આ સોહામણી વાત છે :

'વિજયપુરના સ્વામી પૃથ્વીપાલની રાજસભાની ધવલ-કીર્તિ સર્વત્ર પ્રસરેલી હતી. એની સભામાં અનેક રત્નો હતાં, જેમને લીધે એ ઇન્દ્રસભા કહેવાતી. પણ એ સભામાં સૂરચંદ્ર આવતો ત્યારે તો એ સભાનો રંગ જ પલટાઈ જતો.

'હતો તો એ વણિક, પણ એના શૌર્ય આગળ તો ક્ષત્રિયો પણ નમતું મૂકતા, એની પ્રતિભા અને શૌર્યભરી યુદ્ધકલાને લીધે પૃથ્વીપાલે કેટલાંય શહેર મેળવ્યાં હતાં.

રાજ્યનો નૃપતિ પૃથ્વીપાલ હતો, પણ સ્વામી તો સૂરચન્દ્ર જ કહેવાતો. એની શક્તિને સૌ નમતા અને એ પોતે પણ પોતાની આ અદ્ભુત બુદ્ધિ–શક્તિ ઉપર મુસ્તાક હતો, ધીમે ધીમે એના મદનો પારો વધી રહ્યો હતો.

એવામાં એના આ ગર્વને ગાળે એવા શક્તિ અને સામર્થ્યથી સભર એવા મુનિનો ભેટો થયો. એ પ્રતાપી સાધુને જોતાં, સૂરચન્દ્રનો ગર્વ ઓગળી ગયો. ઓગળ્યો તે એવો ઓગળ્યો કે જાણે મીણ જોઈ લો ! વાળો તેમ વળે, અને ઢાળો ત્યાં ઢળે. મુનિએ પ્રેમભરી વાણી ઉચ્ચારી :

વીરા ! તારી આ અદ્ભુત પ્રતિભા અને શક્તિ

રાજ્યો જિતાડવામાં અને રાગદ્વેષ વધારવામાં જ વાપરીશ ? આત્મા માટે કાંઈ જ નહિ ? મહિનાનો એક દિવસ પણ શું તું આત્મા માટે ન આપી શકે ?'

આ પ્રેમભર્યા વચનો સૂરના હૈયામાં સોંસરા ઊતરી ગયાં. એણે કહ્યું : 'જરૂર, એક દિવસ તો જરૂર મારા માટે હું કાઢી શકું અને એ દિવસ આપના ચિંધ્યા માર્ગે હું વીતાવી શકું.'

'પ્રત્યેક મહિનાની એકાદશી એ તમારો સાધનાનો દિવસ હો ! એ દિવસે તમારે બ્રહ્મચર્ય પાળવું, ઉપવાસ પૌષધ લેવો અને મૌનમાં આત્માનું ચિંતન કરવું !'

હૈયાના ઉમળકાપૂર્વક સંતનો આ ઉપદેશ એણે સ્વીકાર્યો. લાંબી જીવનયાત્રામાં એણે આ દિવસને પોતાનું જીવન-પાથેય માની આરાધ્યો. અને જીવનયાત્રા પૂર્ણ કરી, સ્વર્ગનાં સુખ માણી, સૂરચંદ્રે સૌર્યપુરના શેઠ સમૃદ્ધિદત્તનાં પત્ની પ્રીતિમતિની કૂખે જન્મ લીધો. ગર્ભમાં હતો ત્યારે પ્રીતિમતિને સુંદર વ્રત પાળવાનો દોહલો જાગ્યો, એટલે એનું 'સુવ્રત' એવું નામાભિધાન કર્યું.

સુવ્રત કેવો ભાગ્યશાળી ! એના માતા-પિતાના સુંદર સંસ્કારનો વારસો એના દેહને મળ્યો. અને એના આત્માને ગતજન્મના ધર્મનો વારસો મળ્યો. શિયળ અને સંસ્કારથી એનું જીવન મઘમઘી રહ્યું.

સુવ્રત બાલ્યકાળ વટાવી, યૌવનને આંગણે આવ્યો; પણ એની ઇન્દ્રિયો શાંત છે. વૈભવના ફુવારા એના જીવનમાં ઊછળી રહ્યા છે, પણ એનું મન સાધુ જેવું સંતોષી છે.

એને કંઈ જ આકર્ષતું નથી. એની પ્રિયા શ્રીકાન્તા સોહામણાં આભૂષણો લાવી એને પહેરાવે છે, તો એ કહે છે; 'સખી, આ તો ભાર છે. દેહ અલંકારોથી નહિ, પણ આચરણથી શોભે છે. પ્રિયે ! આ દેહની માટીને આ ખાણની માટીથી મઢવા કરતાં ભવ્ય ભાવનાથી મઢીએ તો સારું નહિ ?'

સમૃદ્ધિદત્ત અને પ્રીતિમતી પોતાના ઉચ્ચ સંસ્કારી આ પુત્રને જોઈને રાજી રાજી થાય છે. પણ કોઈક વાર એ જયારે દૂર દૂરની ક્ષિતિજ પર નજર માંડીને બેઠો હોય અને એની ભાવભરી આંખોમાં કોઈ અણઊકલ્યા ઊંડા ભાવો રમતા દેખાય ત્યારે એમને ક્ષણભર ક્ષોભ પણ થાય : કે રખેને આ પિંજરનું પંખી મુક્ત ગગનમાં ઊડી જાય !

એક સાંજે ઉપવન–વિહાર કરી સુવ્રતકુમાર પાછો વળી રહ્યો હતો, ત્યાં માર્ગમાં એને આચાર્યશ્રી ધર્મઘોષ ભેટચા. એમને જોતાં જ સુવ્રતનું મન આનંદથી ઊભરાવા લાગ્યું. એને લાગ્યું : હું જે શોધતો હતો તે આ જ છે.

માણસનું મન માગે અને એ મળે, પછી તો પૂછવું જ શું !

આચાર્ય પણ માનવીના મનના ભોમિયા હતા. એમણે સુવ્રતને ભાવતું જ કહ્યું : ગયા જન્મમાં મૌન એકાદશીની આરાધનાં દ્વારા એણે કેવી સમાધિપૂર્ણ જીવનયાત્રા વીતાવી હતી, તેનું જ વર્ણન ચિત્રાત્મક રીતે કર્યું. એમના શબ્દે શબ્દમાંથી જીવંત ચિત્ર ઊભું થતું હતું.

આ સાંભળતાં સુવ્રતને જાતિસ્મરણ થયું. અને આ

*સ્મરણની પગદંડીએ ચાલતાં ચાલતાં એણે પોતાના પૂર્વ-* જન્મનો સમગ્ર ભૂતકાળ નિહાળ્યો !'

ગતજન્મમાં પોતે જ સૂરચન્દ્ર હતો–પ્રતાપી અને પ્રાણવાન ! મહિનામાં આવતા માત્ર એકાદશીના એક જ ઉજ્જવળ દિવસે એના જીવનને કેવું મંગળમય બનાવી દીધું !

સુવ્રતને જાણે હવે વધારે ઉપદેશની જરૂર ન હતી. રૂના ઢગલામાં અગ્નિનો એક તણખો પણ પૂરતો હોય છે !

ધર્મલાભના પાવન આશીર્વાદ આપી આચાર્ય વનભણી આગળ વધ્યા. સુવ્રત આચાર્યને વંદન કરી ઘેર આવ્યા. પણ એના દિલની દુનિયા આજ પલટાઈ ગઈ. એની સ્વપ્નઘેલી આંખોમાં જાણે કારુણ્યનું કાવ્ય રચાયું હતું !

માગશર સુદ એકાદશીનો દિવસ આવ્યો. સુવ્રતે ઉપવાસ કર્યો, પૌષધ લીધો, મૌન આદર્યું, જ્ઞાનશાળામાં બેસી આત્મચિંતનમાં લાગી ગયા.

દિવસ પૂરો થયો. રાત્રિ જામતી ગઈ. રૂપેરી હળવી ચાંદનીમાં શાંતિ પ્રસરી. સર્વત્ર નીરવતા છવાઈ અને શ્રીસુવ્રત મૌનના મહાસંગીતમાં મસ્ત બન્યા.

આવી શાંત રાત્રિ યોગીઓને જ પ્રિય હોય છે, એવું થોડું જ છે ? ચોરોને અને કામીઓને પણ આવી નીરવતા ગમતી હોય છે. સુવ્રત જ્યારે આત્માના ગાનમાં મસ્ત હતા ત્યારે એની જ હવેલીમાં પાંચ ચોર પટારા તોડી, સોનારૂપાના અલંકારો ચોરી, ગાંસડી બાંધી, ભાગી છૂટવામાં મસ્ત હતા.

એ બહાર નીકળવા જતા હતા, ત્યાં એમની નજર ધ્યાનમગ્ન સુવ્રત પર પડી અને એ ત્યાં જ થંભી ગયા. ચાલવું છે પણ એ ચાલતા નથી. ભાગવું છે છતાં એ ભાગી શકતા નથી. શું એ સુવ્રતના પુણ્ય–તેજમાં અંજાઈ ગયા ?

રાતના પ્રહરીઓએ એમને પકડ્યા, અને રાજ્યના સૈનિકોને આધીન કર્યા.

બારસનું પ્રભાત ઊઘડ્યું. સુવ્રતે પૌષધ અને મૌનને પૂર્ણ કરી, સ્નાન કરી, પ્રભુની પૂજા આદરી. પૂજા કરી એ ઘેર આવ્યા ત્યારે એમને સમાચાર મળ્યાં : એમને ત્યાં રાત્રે ચોરી કરવા આવેલા ચોરોને રાજાએ દેહાન્ત દંડની સજા ફરમાવી છે.

શ્રી સુવ્રતને વિચાર આવ્યો : હું પૌષધ કરું, મૌન પાળું, ઉપવાસ કરું અને એના પારણાના દિવસે, મારા જ ઘરમાં આવેલ માણસોને દેહાન્ત દંડ થવાનો છે, એ સાંભળું છતાં હું ઉપેક્ષાપૂર્વક બેસી રહું, એ શું મારા ધર્મને છાજે છે ? મારા મૌનની પૂર્ણાહુતિ શું રક્તપાતથી થાય ? મારા વ્રતનું ઉદ્યાપન શું ફાંસીથી થાય ? ધર્મી માણસની સાધનાની કલગી અપરાધીને દંડ દેવામાં છે કે ક્ષમા આપવામાં ?

અને અપરાધી કોણ ? વધારે સંગ્રહ કરનાર કે સંગ્રહ વિનાનો નિર્ધન ? એ ચોરવા કેમ આવ્યો ? મારે ત્યાં વધારે હતું તો ને ! એણે ચોરી કેમ કરી ? એની પાસે ન હતું તેથી ને ! તો જેની પાસે નથી, તે જેની પાસે વધારે હોય તેની પાસેથી લઈ જાય, એ અપરાધી ?

અને જેની પાસે ઘણું છે, છતાં સંતોષના અભાવે જેની પાસે થોડું છે એને નીચોવી લે, એ શું શાહુકાર? દુનિયા પણ કેવી છે? નાના ચોરોને સજા કરે છે અને મોટા ચોરોને સલામ ભરે છે!

શ્રીસુવ્રતે પૂજાનાં કપડાં બદલ્યાં. રાજદ્વારે શોભે એવાં વસ્ત્રોનું પરિધાન કર્યું. સ્થરૂઢ થઈ રાજમહેલ પ્રતિ જતાં જતાં એણે મનમાં જ નિર્ણય કર્યો:

'પણ દુનિયા ગમે તે કરે. મારે મારી રીતે જીવવું છે. આજ સુધીમાં મેં કેટલીય વાર મૈત્રી અને પ્રેમના મંગળ સૂત્રનું રટણ કર્યું છે, પણ એનો પ્રયોગ સંસારની આ પ્રયોગશાળામાં મેં કદી કર્યો નથી. આજ એનો પ્રત્યક્ષ પ્રયોગ કરવાની ઘડી આવી છે. શાહુકારને જોતાં તો પ્રેમ અને મૈત્રીએ મારામાં અનેક વાર દર્શન દીધાં છે, પણ આજ તો મારે ચોરના દર્શને પણ એ ભાવ જગાડવો છે. એમને જોતાં જો હૈયામાં ઊંડી મૈત્રી પ્રગટે, ક્ષમાનો પ્રકાશ પથરાય તો જાણું કે આજ સુધી મારાં મુખે ઉચ્ચારેલાં ધર્મસૂત્રો, એ મારા આત્માના જ બોલ હતા.

એ વિચારી જ રહ્યા હતા ત્યાં રથ દરબાર આગળ જઈને ઊભો રહ્યો. શ્રીસુવ્રત સાથે સુંદર ભેટ લાવ્યા હતા: તે લઈ એ રાજા પાસે ગયા.

ભેટ ધરી નમન કર્યું.

રાજાએ પણ એમનું સન્માન કર્યું અને પૂછ્યું: 'કહો, સુવ્રતશેઠ! આજ અત્યારે આટલા વહેલા કેમ આવવું થયું?'

સુવ્રતની આંખમાં કરુણા હતી. મુખ પર ભાવમાંથી

પ્રગટેલી પ્રસન્નતા હતી અને શ્વેતવસ્ત્રોમાં શોભતો એમનો ઉજ્જવળ દેહ એમના જીવનમાં વણાયેલી ઉજ્જવળ ભાવનાની જાણે ઉદ્દઘોષણા કરતો હતો.

'રાજન્! આપના કારાગૃહમાં મારે ઘેર આવેલા અતિથિ પુરાયેલા છે. તેમની મુક્તિની યાચના માટે આપને દ્વારે આવ્યો છું.'

'અતિથિ? એ અતિથિ વળી કોણ?' મંત્રી સામે રાજાએ પ્રશ્નાર્થ દૃષ્ટિ ફેંકી.

બેડીઓમાં જકડાયેલા અને સળિયા પાછળ બેઠેલા ચોરો સામે આંગળી ચીંધતા મંત્રીએ કટાક્ષ કર્યો: તમારે ત્યાંથી ચોરી કરતાં પકડાયેલા ચોરો સિવાય અમારા કારાગૃહમાં કોઈ છે નહિ, શું તમે આ અતિથિઓની શોધમાં નીકળ્યા છો?'

'હા, આ ચોર એ જ મારા અતિથિ. તિથિ નક્કી કર્યા વિના આવે તે અતિથિ! ગઈ કાલે એકાદશીનું પર્વ હતું. એમાં મારે મૌનપૂર્વક પૌષધ હતો. મૌન અને મૈત્રિના આ પર્વના દિવસે મેં જગતના જીવોને અભય વચન આપ્યું છે. મારા વ્રતની કસોટી કરવા જ જાણે ન આવ્યા હોય. આ પાવન દિવસે મારે દ્વારે આવનારા મારા અતિથિ ગણાય; પછી તે ચોર હોય કે શાહુકાર.'

સુવ્રત શેઠે વધુમાં કહ્યું.

'એ સિવાય મારા નિમિત્તે નાનામાં નાના જીવને વેદના થાય તોય મારો અભયધર્મ ઘવાય; જ્યારે આ તો મનુષ્ય છે. મનુષ્યોને મારા નિમિત્તે મોતની સજા થાય

તો પછી મારો અભયધર્મ જીવે કેમ? અને ધર્મ ન જીવે તો પછી મારા જીવવાનો પણ અર્થ શો? તો કૃપા કરી આ લોકોને મુક્તિની બક્ષિસ કરો.'

રાજા અને મંત્રી શેઠની સદ્‌ભાવના અને પ્રેમધર્મથી મુગ્ધ બન્યા. કોઈ શ્રેષ્ઠ કવિએ પણ રાજા આગળ મૈત્રીની આવી ઉત્કૃષ્ટ ભાવનાનું વર્ણન કર્યું હોત તો એ ન માનત, પણ એણે નજરોનજર સુવ્રતના અણુએ અણુમાં નર્તન કરતો મૈત્રીભાવ જોયો અને એ અહોભાવથી નમી પડ્યા.

ચોરોને મુક્ત કરતાં રાજાએ કહ્યું: સુવ્રતશેઠ! આજ લાગે છે કે ધર્મ એ ચર્ચાનો વિષય નથી, પણ આચરણનો વિષય છે. લાખ યુક્તિઓથી પણ મૈત્રીનું આ મહાવ્રત મને કોઈ ન સમજાવી શકત, તે તમે આચરણના મૂક સંગીતથી મારા રોમરોમમાં રમતું કર્યું છે. મૌનના સંગીતમાં ગુંજતા તમારા આચારને હું નમન કરું છું.'

ચોરોએ આ જોયું, સાંભળ્યું અને ગ્રીષ્મમાં બરફ ઓગળે તેમ એમનાં હૈયાં ઓગળવા લાગ્યાં.

શેઠે રથમાં એમને સાથે બેસાડ્યા. ઘેર લાવી એમને સ્નાનાગારમાં મોકલ્યા. અને સુંદર વસ્ત્રોનું પરિધાન કરાવી એમને પોતાની સાથે જ જમવા બેસાડ્યા.

શ્રેષ્ઠિની આ કરુણાપૂર્ણ ઉદારતા એ ન સહી શક્યા. એમની ચૌરવૃત્તિ, એમની દુષ્ટતા, બધું જ શેઠના પ્રેમપ્રવાહમાં ધોવાઈ ગયાં હતાં. એ ઊભા થયા અને શેઠના પગમાં પડ્યા:

'દેવ! તમારો આ પ્રેમ; આ ઉદાર મૈત્રીભાવ અમા-

રાથી નથી જીરવાતો. અમે જાણે દબાઈ રહ્યા છીએ. આ ભાવનાનો ભાર ઉપાડવા અમે અસમર્થ છીએ. આપ માનવ નહિ, પણ મહામાનવ દેવ છો ! આપે દુષ્ટો સામે પ્રેમ ધર્યો. દુર્જનો સામે સજ્જનતા ધરી. અંધકાર સામે પ્રકાશ ધર્યો; અમે પ્રતિજ્ઞા કરીએ છીએ; માનવને નહિ છાજતું કાર્ય અમે ગમે તેવા કપરા સંયોગોમાં પણ નહિ કરીએ...'

શેઠે એમને ઊભા કર્યા અને સન્માન્યાં. એમને પોતાને ત્યાં મુનિમ બનાવ્યા; ઉત્તરાર્ધમાં ધર્મનું જ્ઞાન અને સંસ્કાર આપી એમને જીવનના મંગળ પંથે દોર્યા.

એક સાંજે સુવ્રતશેઠ ઝરૂખામાં બેઠા હતા. મીઠો પવન વહી રહ્યો હતો. સરિતાના પ્રવાહની જેમ સુંદર વિચારો એમના મનમાં પસાર થઈ રહ્યા હતા. ત્યાં સૂર્ય નમ્યો; સૂર્ય ક્ષિતિજના ગર્ભમાં ડૂબ્યો અને અંધકાર પ્રસરી ગયો.

આ દૃશ્ય જોઈ એ વિચારવા લાગ્યા : ' ખરે, જિંદગી પણ આવી જ છે. આ સૂર્ય ડૂબે તે પહેલાં જિંદગીના પ્રકાશમાં જે કરવાનું છે તે કરી લઉં; નહિ તો અંધકાર ઘેરાયા પછી કંઈ જ નહિ થાય. વસ્તુ દેખાશે નહિ અને અથડામણ વધી જશે.'

આ સુંદર વિચાર સરી જાય તે પહેલાં એમણે અમલમાં મૂકયો, આચાર્ય શ્રીજયશેખરસુરિનું એમણે શરણ લીધું. સંયમની સાધના આદરી અને અરિહંતના ધ્યાનપૂર્વકના મૌનમાં મગ્ન બની, અનેક ઉપસર્ગો સહ્યા, અને મહાન નિર્વાણને પામ્યા.

' કૃષ્ણદેવ ! સુવ્રતશેઠની આ કથા એટલે મૌન એકાદશીનું મહાપર્વ ! એ પુણ્યાત્માએ આ પર્વને જીવનમાં એવું તો

વર્ણ્યું કે એનું જીવન જ આ પર્વનું એક મહાકાવ્ય બની ગયું.'

શ્રીનેમ પ્રભુએ જીવનના તત્વજ્ઞાનને શુષ્ક રીતે ન મૂકતાં એક મધુર કથામાં વણીને રજૂ કર્યું. બાળકથી તે વૃદ્ધ સુધી સૌ આ જ્ઞાનકથાથી પ્રસન્ન હતાં પણ શ્રીકૃષ્ણના હૃદયમાં તો આજે કોઈ દિવ્ય સંગીત ગુંજી રહ્યું હતું. એમણે કહ્યું :

'પ્રભો! આપની જ્ઞાનગંગામાં રૂમઝૂમ કરતું વહી રહેલું મૌનનું સંગીત મારા ઉરતંત્રને મત્ત બનાવે છે. સુવ્રતની સાધના અને આરાધના તો મારા ભાગ્યમાં ક્યાંથી હોય! છતાં હુંય એક દિવસની આરાધના તો જરૂર કરી શકું, આપ ધર્મના લાભપૂર્વક આશીર્વાદ આપો કે મારા આ પ્રવૃત્તિમય જીવનમાં મૌન એકાદશી નિવૃત્તિની ગાથા બની રહો. ધમાલની ઘોંઘાટમય જિંદગીમાં આ કલ્યાણકોનું ચિંતન એક મૂક કાવ્ય બની રહો! યુદ્ધ અને રાજ્યના ઝંઝાવાતમાં આ દિવસ એક પરમ શાંતિ બની રહો!'

શ્રીકૃષ્ણના આ ભાવોદ્‌ગાર પૂર્ણ થયા, અને શ્રી નેમિનાથની દૃષ્ટિમાંથી જીવનના સદ્‌ભાવોને અમર કરતી જાણે અમીધારા વર્ષવા લાગી.

ચક્ષુના કટોરામાં આ અમીભાવ ભરી શ્રીકૃષ્ણે નેમની વિદાય લીધી અને શ્રીનેમે ગિરનારના શિખરો ભણી પગલાં માંડ્યાં.

યદુકુલના સૂર્ય અને ચન્દ્રનો આ ભાવપૂર્ણ વાર્તાલાપ માનવહૃદયમાં મૌનની અમર ગાથા રચી રહ્યો.

૬

# સૌજન્યનું આંસુ

એમનું નામ પૂનમચંદ, પણ અમે એમને મામા કહેતા. એમના બંને નામ સાર્થક હતાં. એમનું હસતું ગોળ ગૌરવર્ણું મુખ, પૂનમના ચાંદની યાદ આપતું અને મામા પણ ખરા; કારણ કે આખાય ગામનો સ્ત્રી વર્ગ એમને ભાઉ કહી સંબોધતો અને એ પણ પ્રત્યેક નારીને ભગિની કહી સત્કારતા, પ્રત્યેક નારીનો પુત્ર એમનો ભાણો હતો. એ ભાણો એમની પાસેથી મામાનો મીઠો પ્રેમ પામતો.

અમારે સૌને સગા મામા તો હતા, છતાં અમને આ કહેણા મામા વધારે પ્રિય હતા, કારણ કે એમના દિલનું વાત્સલ્ય કોઈ ઓર હતું.

એમના મધુર વાત્સલ્ય પાછળ એક વ્યથાભરી કથા હતી.

એમનાં પત્ની બીમાર થઈ મૃત્યુશય્યામાં છેલ્લા દિવસો પસાર કરી રહ્યાં હતાં, ત્યારે એ ગમગીન અને ખિન્ન હતા.

એમની વેદનાભીની આંખોમાં જે અસહ્ય મૂક-વ્યથા હતી તે એમની શાણી પત્નીના ધ્યાન બહાર ન હતું.

એક નમતી સાંજે એ પલંગ પાસે બેઠા હતા, ત્યારે ગજરાએ કહ્યું: 'જીવવું ઘણુંય ગમે છે, પણ તે આપણા હાથમાં નથી. મૃત્યુ નથી ગમતું છતાં તે સન્મુખ આવીને ઊભું છે. આ સંયોગોમાં એક જ માર્ગ છે, જે નથી ગમતું તેના રહસ્યને સમજી, તેને ગમતું કરવાનું છે અને જે ગમે છે તેની ચંચળતા સમજી તેનો મોહ છોડવાનો છે. જીવનનો મોહ છોડી, મૃત્યુની મૈત્રી કરવાની આ પળ છે.'

ગજરાએ થોડો શ્વાસ ખાઈ વાત આગળ ચલાવી.

'હું જ્યારથી બીમાર થઈ છું ત્યારથી રાતદિવસ મૃત્યુના તત્વજ્ઞાનનો અભ્યાસ કરું છું. એના વિષે મેં ઊંડાણથી-શક્ય એટલા ઊંડાણથી ચિંતન કર્યું છે, અને મને સમજાયું છે કે જન્મ અને મૃત્યુના દૃશ્ય પાછળ નિસર્ગ પોતાનું શાશ્વત કાર્ય જ કરી રહ્યું છે. જૂની આકૃતિઓનો એ ધ્વંસ કરે છે, કારણ કે એને નવી આકૃતિઓ સર્જવી છે. જેમ સોની જૂના આભૂષણને ગાળી એ જ સુવર્ણમાંથી નવું અલંકાર સર્જે છે, તેમ જીવન પણ જીર્ણ દેહનું વિસર્જન કરી નવા આકાર લઈ રહ્યું છે. અને તેથી જ મારે મન આજ મૃત્યુ એ ભયનું કારણ રહ્યું નથી; માત્ર એક પરિવર્તન જ લાગે છે. પણ મને તો અત્યારે તમારી મુલાયમ અને ભોળી પ્રકૃતિનો વિચાર આવે છે. મારા મૃત્યુનો આ આકરો ઘા તમે કેમ સહી શકશો? આ સૂના અને નિર્જન ઘરમાં સાથી વિના તમારું જીવન

ખંડેર જેવું શૂન્ય થઈ જશે ? આ શૂન્યતાને ભરવાનો મને એક માર્ગ દેખાય છે, અને તે તમે બીજી વાર લ...ગ્ન...'

મામા ન રહી શક્યા. એમણે પોતાના હળવા હાથે એ શબ્દ એના મોમાં જ દાબી દીધો. બે ક્ષણ સ્તબ્ધતા છવાઈ ગઈ. એકબીજાનાં હૈયામાં નિર્મળ પ્રેમની વિદ્યુત પ્રગટીઃ

'ગજરા, શું તેં મારા દિલની આ જ કિમ્મત કરી ? પંદર પંદર વર્ષ સાથે રહેવા છતાં તું મારા દિલને ન પિછાની શકી ? આજસુધી મેં જે પ્રેમભાવથી દિલને ભર્યું, તેને ખાલી કરી એમાં બીજાને બેસાડું ? આ તો દિલ છે, દુકાન નથી; કે એક ખાલી કરે એટલે બીજાને ભાડે અપાય.'

મામાએ ભાવભીના શબ્દોમાં કહ્યું ને આગળ બોલ્યા :

'પણ જવા દે, એ વાતને. તું ક્યાં જવાની છે? મને આશા છે કે મારો પ્રેમ તને આ શય્યામાંથી પુનઃ ઊભી કરશે.'

'જવા દો તમારી આશાને ! પૂર્ણ થયેલા આયુષ્યને પ્રેમ કે શ્રદ્ધા કોઈજ રોકી શકતાં નથી. એ તો વિશ્વનો શાશ્વત ક્રમ છે. મૃત્યુ એ કલ્પના નથી, પુનઃનિર્માણની એક વાસ્તવિક હકીકત છે. અને અત્યારે કલ્પના કે ભાવોમાં વિહરવાનો સમય નથી. સમય થોડો છે....તો હું પૂછું તમે શું કરશો ? તમારી શૂન્યતાને શાથી ભરશો ? મારી વિદાય પછી તમારે કંઈક પ્રવૃત્તિ તો કરવી જ પડશે. પ્રવૃત્તિ વિનાની નિવૃત્તિ માણસને કાં તરંગી બનાવે છે, કાં ભટકતો...' ગજરાએ શક્તિ ન હોવા છતાં ઘણું કહી દીધું, અને ખાંસી આવતાં એ અટકી પડી.

ગજરા! તારા હૈયાના પાતાળકૂવામાં કેટલું તત્વજ્ઞાન ભર્યું છે! તારી આ પ્રજ્ઞાના બળે જ, તરંગી અને આળા દિલનો આ માનવી આજે કંઈક વાસ્તવિક અને સહનશીલ બન્યો છે.'

ભૂતકાળના પ્રસંગો સાંભળતાં મામાના મુખમાંથી કરુણાભીના પ્રશંસાના શબ્દો સરી પડ્યા.

'પ્રશંસા પછી. માણસ મરી જાય પછી આખો જન્મારો એ જ કરવાનું છે ને! પણ હું પૂછું છું કે, મારા ગયા પછી તમે શું કરશો?'

'શું કરીશ, એમ?' વિચારતંદ્રામાંથી જાગતાં મામાએ કહ્યું: 'ગામનાં બાળકોને ભણાવીશ. આ શૂન્ય અને નિર્જન ઘરને નિર્દોષ બાળકોથી ભરીશ. અને તેં મને આપેલ ભાવ અને ભક્તિ એ બાળકોમાં રેડી એ ભાવો દ્વારા તને સંસ્કારરૂપે જીવંત બનાવીશ...'

'મામા! ગજરાબેનને કેમ છે?'

પાડોશી આવતાં વાર્તાલાપ અટક્યો.

પછી તો ખબર કાઢવા આવનારની સંખ્યા વધતી ગઈ. આ પ્રસંગ પછી ગજરાબેનની તબિયત વધારે બગડી અને ત્રીજે દિવસે એણે શાન્તિથી દેહ છોડ્યો.

પુષ્પ ખીલ્યું, સુવાસ આપી અને ખરી પડ્યું.

પૂનમચંદનું વય અત્યારે પાંત્રીસનું હતું. એમનો દેહ સશક્ત હતો, ખાધેપીધે સુખી હતા. ગામના નાકા ઉપર જ એમનું બે માળનું વિશાળ ઘર હતું. એટલે ઘણાની

નજરમાં એ રમતા હતા.

લગ્નની વાત એમની પાસે આવી. પણ એમણે સ્પષ્ટ ના પાડી. પછી તો એમની મક્કમતાની જાણ થતાં લોકોએ વાત કરવાની જ હિંમત ન કરી.

એક વર્ષ વીતી ગયું.

*

સંસાર એમને માટે રણ જેવો શુષ્ક હતો. એમાં માત્ર ગજરાની સ્મૃતિ જ એક વીરડી જેવી મધુર હતી. એ સ્મૃતિને જીવંત રાખવા જ ગામના બાળકોને એ ભણાવતા. ભણાવવા કરતાંય એ વાત્સલ્ય પૂરને વધારે વહાવતા. અને વાત્સલ્યના વહેતા નિર્મળ સ્વચ્છ ઝરણુમાં એ ગજરાના પ્રતિબિંબને નિહાળી સંતોષ માનતા.

પાંચ વર્ષથી ચાલતા આ જ્ઞાનયજ્ઞનો લાભ ગામના કયા બાળકે નથી લીધો? ગામમાં મામાનું મકાન સંસ્કારકેન્દ્ર મનાતું. મામા સદા હસતા, રમતા અને પ્રસન્ન દેખાતા. પણ એ હાસ્યના પડદા પાછળ પોઢેલા ભગ્નહૃદયમાં કેવું વ્યથાભર્યું સ્મરણ પડ્યું છે, તેની કલ્પના તો ભાગ્યે જ કોઈનેય આવતી.

એમનું ઘર મોટું અને ઊંડું હતું. આગળના ભાગમાં છેક છેલ્લે એક ઓરડો હતો. જે રસોડા તરીકે વપરાતો. બપોરે એક ટંક એ રસોઈ બનાવતા, અને સાંજે તો માત્ર અડધો શેર દૂધથી ચલાવી લેતા. કોઈક વાર ઘરમાં પીરસણાની મીઠાઈ આવતી તો એ સ્વીકારી લેતા, પણ ખાતા નહિ. મીઠાઈની કિનાર પર એમને ગજરાના માધુર્યની

જીવંત છબી દેખાતી; એમની આંખો ભીની થતી, અને મીઠાઈ બાળકોને વહેંચી એ પ્રસન્નતા અનુભવતા.

રવિવારનો દિવસ હતો. આ જ દિવસે ગજરાએ વિદાય લીધી હતી. એમને મૌન હતું. મેડા ઉપર એ બેઠા હતા. વાતાવરણ શાંત હતું. એ વિચારમાં ડૂબ્યા હતા; બે ત્રણ કલાક સ્મરણમાધુરીમાં વીતી ગયા.

ઘરનાં દ્વાર ખુલ્લાં હતાં. પડોશમાં રહેતા છગનભાઈની યુવાન દીકરી ચંપા પીરસણું આપવા એમના ઘરમાં પેઠી.

ઘર ઊંડું હતું એટલે અંદર ગઈ.

મામાએ ઘડિયાળ સામે જોયું તો બાર વાગ્યા હતા. એમને થયું, મોડું થયું છે. એ નીચે આવ્યા.

ચંપા ઘરમાં ગઈ છે તેની એમને ખબર ન હતી. રોજના ક્રમ પ્રમાણે રસોડામાં જતાં પહેલાં રસ્તા ઉપરનું બારણું એ બંધ કરતા, તેમ આજ પણ કર્યું.

ચંપાએ આ જોયું. એ ગભરાઈ ગઈ. એણે અંદરથી રાડ નાંખી. રાડ–સાંભળી મામા પણ મુંઝાઈ ગયા. અંદર વળી કોણ છે? એમણે તુરત બારણું ખોલ્યું. એમને મૌન હતું. એ કંઈ જ બોલ્યા નહિ.

ચંપા બીની ને બહાર દોડી. મામા વિચારી રહ્યા : આ શું બન્યું? પણ કહેવાનો કે સાંભળવાનો વખત જ ક્યાં હતો?

બંને નિર્દોષ હતાં. બારણું બંધ કરવા પાછળ માત્ર અકસ્માત જ હતો.

બૂમ સાંભળી માણસ ભેગાં થયાં. કોઈ પાપ ભર્યું હસ્યું. કોઈએ અધમ કટાક્ષ કર્યો. કોઇકના મુખમાંથી નિસાસો નીકળ્યો. કોઇકની આંખ કરુણાથી આર્દ્ર થઈ. પણ સૌને એટલું તો લાગ્યું કે મામાનું મન ડોલ્યું !

પણ એમાં અમારી શેરીને નાકે રહેતો એક યુવાન જરા ટીખળી અને વાયડો હતો. કોઈ પણ વાતને વાયુવેગે વહેતી મૂકવી અને પાણીની જેમ પ્રસરાવવી એ એનો વ્યયસાય હતો. રજમાંથી ગજ અને કાગમાંથી વાઘ કેમ કરવો તે એને જ આવડે. ગામમાં કંઈક ધડાકો થાય એવું બને તો જ એને દિવસ ઊગ્યો લાગે. એને તો આ બનાવથી ઘી–કેળાં થયાં. એ તો ઊપડચો સીધી બજારે.

'જોયુંને ? ભગતીમાંથી કેવું ભાલું ઊભું થયું ? મામા ભોળા અને ભગત લાગતા હતા. પણ અંતે એ કેવા પાપી નીકળ્યા ! બાપડી ભોળી ચંપાને અંદર ને અંદર લઈ ગયા. અને ફોસલાવીને ઘરમાં ઘાલીને બારણું બંધ કરી, એના પર તૂટી પડચા. બાપડીને હેરાન હેરાન કરી મૂકી. પાપી સા....લો ! આવા ધંધા કરવા હતા તો પરણ્યો શા માટે નહિ ? ગામમાં ભલા થઈને ફરવું છે, સદાચારી થઈને રહેવું છે અને આમ પારકી દીકરીઓ પર જુલમ કરવા છે !' વાત કરતો એ જુવાન અટકચો. પરનિંદા પૂરી કરી, એના ઉત્તરાર્ધમાં સ્વપ્રશંસા શરૂ કરી.

'આ તો સારું થયું કે અમે હતા. દરવાજાને લાતો મારી ખોલાવી નાંખ્યો, નહિ તો શુંનું શું થઈ જાત !'

એ તો વાતો કરતાં થાકે નહિ. મરચુંમીઠું ભભરાવાય તેથી ય વધારે નાંખ્યું.

જોતજોતામાં આખા ગામમાં આ ગપસપે એવી તો હવા જમાવી કે મામાના ચારિત્ર્યની એક વખત મુક્તકંઠે પ્રશંસા કરનારા પણ આ પૂરમાં તણાયા.

વાતાવરણ ઘટ્ટ હતું. થોડાક શાણા માણસોનાં મોં ચૂપ હતાં. પણ શંકા તો સર્વત્ર હતી. ગઈ કાલે માનભરી દૃષ્ટિથી નિહાળતો વર્ગ આજે ઘૃણા અને હીનદૃષ્ટિથી જોઈ રહ્યો હતો. તિરસ્કાર અને ધિક્કારના અંધકારે ટોળાને ઘેર્યું હતું, અને તેથી જ ચૌટામાં મળેલા માણસો આ એક જ વાત અનેક રૂપમાં ઉચ્ચારી રહ્યા હતા.

મામાના હૈયામાં અત્યારે તુમુલ યુદ્ધ હતું. મૂળે એ નાજુક દિલનો માનવી હતો, એમાં એમના પત્નનીના વિયોગે એ વધારે આળો થયો હતો. પણ આ પ્રસંગે તો એના હૈયાંને લોહી નીંગળતું કર્યું.

આ ઘા, આ લોકોપવાદ, આ હીનતાભરી દૃષ્ટિ, આ અધમ ગપસપ, એ ન સહી શક્યો. આ નિર્દોષ આત્માના રોમરોમમાંથી યાતનાના અંગારા પ્રગટી રહ્યા. અત્યારે એ એકલો હતો. એના આત્મામાં ભભૂકેલી આ આગને હોલવનાર એની પાસે કોઈ જ સ્વજન ન હતું. બે ત્રણ મિત્રો હતા, પણ તેય લોકોપવાદના ભીરુ હતા; જરાક શાંતિ પ્રસર્યા પછી આવવાની ઇચ્છા કરતા હતા.

મામાની માનસિક યાતના અસહ્ય હતી. પોતાનું

સત્ય સામાને સમજાવવા જેવું અત્યારે વાતાવરણ જ ન હતું. અને વાતાવરણ શાંત થયા પછી પોતાની વાતને બીજા આગળ રજુ કરે એટલી ધીરજ એમની પાસે ન હતી.

એ થાકયા હતા, લથડીને એ ઢળી પડયા હતા. શૂન્ય ઘરના શૂન્ય વાતાવરણથી એમની પ્રજ્ઞા પણ શૂન્ય થઈ ગઈ હતી. લથડતા હાથે એમણે કાગળ અને પેન હાથમાં લીધાં.

'પ્રિય મિત્રો,

'આ વંટોળિયાં વચ્ચે મારી જ્યોત વધારે કાળ ટકી શકે એવી તાકાત આ દીપકમાં રહી નથી.

'આ પ્રસંગમાં હું નિર્દોષ છું એટલું જ મારા આત્મદેવની સાક્ષીએ કહું છું. મને ખબર ન હતી કે ચંપા ઘરમાં પીરસણું આપવા આવી છે. નિત્યના ક્રમ પ્રમાણે મેં દ્વાર બંધ કર્યું. બારણું બંધ થતું જોઈ એણે બુમ પાડી. એ ઘરમાં છે એની જાણ થતાં મેં તુરત જ બારણું ઉઘાડયું.. મારે મૌન હતું. હું કંઈજ ન બોલ્યો.

'બેન નિર્દોષ છે. હું અજ્ઞાત છું. પણ વાત વીપરીત રીતે રજૂ થઈ છે. મને કોઈ આવીને પુછતું પણ નથી કે આ વાતમાં સત્ય શું છે! અને કલંક–કથા વધારે વિસ્તરતી જાય છે. મારાથી સહન થતું નથી. સહનશીલ બનાવનાર મારા આત્માની પાંખ આજે મારી પાસે છે નહિ. એટલે અધમ–ચર્ચાની મલિનતાને ધોવા માટે ગજરાની મૃત્યુતિથિના મૌનવારે હું મારું બલિદાન આપું છું.

'મારા આ બલિદાનથી એકાદ આત્માને પણ વાણીનો

મહિમા સમજાશે તોય પુરતું છે.

'વિદાય વેળાએ સૌજન્ય આંસુ સિવાય શું આપી શકે ?

'સૌનું કલ્યાણ હો.'

'લિ. શાપિત પુનમચંદના વિદાય'

પત્ર લખી એણે કવરમાં મૂક્યો અને કવર પોતાના ઈષ્ટદેવના ચરણોમાં મૂકી, અશ્રુભીની આંખે નમન કરી, રાખેલ વિષનો છલોછલ પ્યાલો એ ગટગટાવી ગયા.

અવિચારી વાણીના પરિણામે આ સદાચારી અને સહૃદયી આત્માના બલિદાનથી આખુંય ગામ કમકમી ઉઠ્યું.

આત્મહત્યા ! એક ભદ્ર અને ભોળા દિલના માનવીની આત્મહત્યા !

સર્વત્ર શોક ને દિલગીરીની છાયા ફરી વળી. સૌને પોતાની ભૂલ માટે પશ્ચાત્તાપ થવા લાગ્યો. પણ હવે તો ઘણું મોડું થઈ ગયું હતું. હવે શું ?

પણ પેલા ટીખળી મકનાની સ્થિતિ જુદી હતી. એણે જ આ વાત વધારી હતી, વાતને રંગ આપી વિપરીત રીતે મૂકી હતી. નિર્દોષ આત્માને પાપી ઠરાવી, આત્મહત્યાને પંથે દોર્યો હતો. આ મૃત્યુથી એનું હાસ્ય ઊડી ગયું, રાત–દિવસ એને પૂનમચંદના જ વિચાર આવવા લાગ્યા. ધીમે ધીમે જાણે એને પૂનમચંદનું પ્રેત દેખાવા લાગ્યું. એ જાણે કહેતું હતું:

'કહે, સાચું કહે, તેં મને ખરાબ કામ કરતાં જોયો હતો ? કહે, મેં તારું શું બગાડ્યું હતું ? તેં મને કેમ બદનામ કર્યો ?

તેં જ મારા જીવની ઘોર ખોદી, તો જોઈલે હવે મને દુઃખી કરીને તું કેમ સુખી થાય છે તે ? હા....હા....હા....'

રાતદિવસ વિચારોની આ ભૂતાવળ એની આસપાસ ફરતી. એ ઊંઘવા પ્રયત્ન કરતો, પણ ઊંઘ ઊડી જતી. આખી રાત ચારે બાજુથી ભણકારા વાગતા. પોતાની ભૂલોનો ડંશ એને ડંખવા લાગ્યો. એ વલોવાઈ ગયો. એ આમથી તેમ સ્થાન બદલતો પણ આ વિચારોના ઓળા એની પાછળ પડયા હતા. એક સાંજે એનું મગજ આ ત્રાસથી ફટકી ગયું.

અમારા ગામના તળાવની પાળે આ અર્ધનગ્ન પાગલ ફરે છે. અને રાડો નાંખે છે.

'એય, મને માફ કરો. હું તમારું નામ પણ નહિ લઉં. મને છોડો. હું થાકયો છું. મને ઊંઘવા દો...'

*

૭

# દિલની વાત!

**રણના** શુષ્ક પ્રદેશમાં થઈ માર્ગ જઈ રહ્યો હતો, માર્ગ ઉપર એક વૃદ્ધા અને તેની અઢાર વર્ષની પુત્રી પસાર થઈ રહ્યાં હતાં.

માર્ગ શૂન્ય હતો. તાપ વધી રહ્યો હતો.

વૃદ્ધા કસાયેલી હતી પણ યુવતી થાકી ગઈ હતી. એની દેહલતા કરમાઈને જાણે હમણાં ઢળી પડશે એમ લાગતું હતું. એનાં અંગ ઉપર રહેલાં મૂલ્યવાન આભૂષણો હતાં. અત્યારે તો જાણે ભારરૂપ હતાં.

ત્યાં એક ઊંટવાળો મોજથી જઈ રહ્યો હતો, ઊંટને ગળે ઘંટડી રણકી રહી હતી. પગે ઝીણી ઘૂઘરમાળ હતી. અને મસ્તીથી ડોલતો એ જઈ રહ્યો હતો.

વૃદ્ધાને પોતાની પુત્રી પર દયા આવી એણે કહ્યું, 'અરે ભાઈ! જરા ઉભો તો રહે ? મારી આ પુત્રી થાકી ગઈ છે. તાપ વધ્યો છે. ગામ જરા દૂર છે. તમે સામે ગામ જાઓ છો, તો દયા કરી મારી પુત્રીને ઊંટ પર ન બેસાડો ?'

સવાર મસ્તીમાં હતો. એણે ટૂંકું પતાવ્યું:

'ડોશી, ઊંટ કંઈ ભાડું ખાવા નથી રાખ્યો, આ તો મનની મોજ માટે છે.'

એ આગળ વધ્યો. થોડે દૂર ગયો ત્યાં એના મનનું પાપ જાગ્યું. અરે, કેવી મૂર્ખાઈ કરી ! આવી સુંદર યૌવનવંતી યુવતી અને વળી સુંદર અલંકારોથી લદાયેલી ! આહ ! આવી તક જિંદગીમાં ફરી ક્યાં મળવાની હતી ? હજુ શું બગડ્યું છે ! ઊંટ અહીં જ ઊભું રાખું. એ પાછળ આવે છે, હમણાં આવશે.

એનું દિલ લંપટ થયું. એના મુખના નિર્દોષ ભાવ બદલાયા. વિશ્વાસઘાતનો પડછાયો એના મુખ પર છવાયો. આત્મજ્યોતની રક્ષા કરતી મનની ચીમની પર વાસનાની મેશ જામી, અને ભાવનાની દુનિયામાં અંધકાર છવાઈ ગયો.

ચાલતાં ચાલતાં વૃદ્ધાને વિચાર આવ્યો: હાય રે, હું ય કેવી પાગલ ! એક અજાણ્યા પરદેશીને મારી યુવાન દીકરી સોંપવા તૈયાર થઈ ગઈ. એ લઈને નાસી છૂટયો હોત તો હું એને ક્યાં પકડવા જાત ? ઓ ભગવાન ? તેં જ મને બચાવી. મારી લાજ તેં જ રાખી.

ઊંટવાળાએ એની વિચારમાળા તોડી; 'માજી, તમે કહ્યું ત્યારે મેં ના પાડી, પણ આગળ જતાં વિચાર આવ્યો કે માણસનું કામ માણસ નહિ કરે તો કોણ કરશે ? લાવો, તમારી પુત્રીને ઊંટ પર બેસાડી દઈએ. આટલા ભારથી ઊંટ થોડું જ મરી જવાનું છે ?'

વૃદ્ધાએ કહ્યું: 'ભાઈ, એ ઘડી વીતી ગઈ. તારા દિલમાં પ્રભુનો વાસ હતો ત્યારે મારા મનમાં પણ તારા માટે શ્રદ્ધા હતી. હવે તારા મનમાં શેતાન આવ્યો તો મારા દિલમાં શંકા જાગી.

'એ તું કેમ ભૂલી જાય છે કે દિલમાં પ્રકાશ છે, ત્યાં સુધી જ સામાના મનમાં પ્રેમ છે. દિલમાં અંધકાર પ્રગટે તે જ ક્ષણે સામાના દિલમાં વહેમની ભૂતાવળ જાગે છે. એટલે હવે તું તારે રસ્તે પડ! જે તને કહી ગયો તે જ મનેય કહી ગયો.'

❀

૮

# ભવનું ભાતું

**હિંસાના** ભડકાથી સળગતી ધરતી પર, વિલાસમગ્ન વસુંધરા પર, પાપથી ખદબદતી દુનિયા પર, ચૈત્ર સુદ તેરસના પુનિત દિવસે એક અજોડ બાળકે અવતાર લીધો.

આંખમાં અમૃત, મુખ પર મધુર સ્મિત, હૈયામાં કરુણા, અને આત્મામાં અખંડ વિશ્વવાત્સલ્ય ભરીને અવતરેલી આ વિરલ વિભૂતિને જોઈ દુનિયા દંગ બની ગઈ.

આ વિભૂતિના આગમનથી દુખિયારી દુનિયા પર સુખની ગુલાબી હવાનો સંચાર થયો.

માતા ત્રિશલારાણી અને પિતા સિદ્ધાર્થ રાજા તો આ બાળકના દર્શનથી આનંદમગ્ન હતાં જ, પણ ક્ષત્રિયકુંડ ગામ પણ જાણે નર્તન કરી રહ્યું હતું.

મગધની ધરતી એક દિવ્ય પ્રકાશ પામી હતી. વસન્તની કામણગારી કોકિલા જાણે આમ્રવૃક્ષની શાખા પર આનન્દ ને ઉલ્લાસના ઝૂલે ઝૂલતી, મંજુલ ધ્વનીથી ટહુકા કરવા લાગી.

કુંજની ઘટાઓમાંથી મનોહર પક્ષીઓ મનોજ્ઞ ગીત ગાવા લાગ્યાં. શુભ્ર વસ્ત્રધારિણી સરિતા, પૂર્ણ સ્વાસ્થ્યથી ઝડપભેર મધુર હાસ્ય કરતી, સાગર ભણી સરવા લાગી.

વિશાળ આકાશમાં પરિભ્રમણ કરતા પ્રભાતના સૂર્યનો કોમળ પ્રકાશપુંજ ધરા પર વર્ષવા લાગ્યો, અને અવિરત નરકની યાતના ભોગવતાં પીડિત હૈયાં પણ ક્ષણભર શાન્ત અને સુખના મુક્ત વાતાવરણમાં વિહરવા લાગ્યાં. વાતાવરણ કાંઈક અલૌકિક હતું !

આ વિરલ વિભૂતિ યૌવનમાં પ્રવેશતા સ્વયંદેવેન્દ્રો એમના દર્શનાર્થે આવ્યા. મહાન ભૂપાલો અંજલિપૂર્વક એમની સામે શિર ઝુકાવીને, નમન કરવા લાગ્યા; અનેક માનવો એમની સેવામાં હાજર થયા, અને વિશ્વનો વૈભવ એમના ચરણોમાં ખડકવા લાગ્યા.

એ દિવસોમાં એમના યૌવનનો રંગ જામ્યો. સંસારનો રંગ ખીલ્યો. યશોદા જેવી જેમને શીલસંપન્ન પ્રિયા મળી, અને પ્રિયદર્શના જેવું સંસ્કારી સંતાન પણ જન્મ્યું, પણ આ બધું એ વિરલ વિભૂતિને મન પુણ્યરૂપી રોગનો લય કરવા માટે ઔષધરૂપ જ હતું.

આમ કરતાં ત્રીશ વર્ષનાં વા'ણાં તો પાણીના પ્રવાહની પેઠે વહી ગયાં. માનવીને સુખના દિવસો કેટલા સોહામણા લાગે છે !

દુનિયાના સદ્ભાગ્યના એક મનોહર પ્રભાતે આ વિરલ વિભૂતિએ વૈભવથી ઊભરાતાં રાજમંદિરોનો અને

વહાલસોયાં સ્નેહીઓનો ત્યાગ કરીને, મહાભિનિષ્ક્રમણ કર્યું; કારણ કે દુનિયા એમને દુઃખથી છલકાતી દેખાઈ. દુનિયા જ્યારે દુઃખથી રિબાતી હોય ત્યારે આ કોમળ હૈયું સુખમાં કેમ વિલસી શકે ?

આ વિરલ વિભૂતિના વસમા વિયોગની વેધક વાંસળી વાગી. અને ક્ષત્રિયકુંડ ગામના ઉપવનમાં એક અજોડ કરુણ દશ્ય જામ્યું.

આ દશ્ય આ જીવનસમર્પક વિરલ વિભૂતિની વસમી વિદાયનું હતું. આ દશ્ય અનાથ હૈયાઓની કોમળ લાગણીઓથી છલકાતું હતું. આ દશ્ય વચ્ચે હૃદયવિદારક ઘેરાં ડૂસકાં અને સાચા આંસુ પણ હતાં.

હા ! આકરી વિદાય કોમળતાપૂર્વક ભજવાતી હતી. આ વિદાયના દશ્યમાંથી વાત્સલ્ય અને કરુણાની ધારા ટપકતી હતી. અને આ વસમી વિદાયની વાંસળીમાંથી હૈયાને હચમચાવી મૂકે એવા કરુણ અને વેધક સૂરો વારંવાર આવી નાજુક હૈયાઓને વ્યથિત કરતા હતા.

પોતાના લઘુ બન્ધવનું આ મહાભિનિષ્ક્રમણ મોટાભાઈ નન્દિવર્ધનના વાત્સલ્યપૂર્ણ હૈયાને વલોવી નાખતું હતું. જીવનમાં ક્ષણ માત્ર પણ છૂટો નહિ પાડનાર પોતાનો લઘુ બન્ધવ આજે સદાને માટે ગૃહ–ત્યાગ કરે છે. ખરેખર, માનવીની પ્રિય વસ્તુ જાય છે ત્યારે એના જીવનનું સર્વસ્વ જ લેતી જાય છે !

ત્રીશ વર્ષ સુધી સૌરભવાળા તરુવરોની શીતળ છાયામાં

વિહરનાર માનવી, અખંડ અગ્નિ ઝરતા તડકામાં તપે, પુષ્પોની નાજુક શય્યામાં પોઢનાર માનવી, કંટક પર કદમ ભરે, લાખ્ખોની સલામો ઝીલનાર માનવી, રંક અનાર્યોનાં અપમાન સહે; આ કાર્ય કેટલું કપરું એ તો અનુભવીનું હૈયું જ વેદી શકે–અને તે આવી વિરલ વિભૂતિનું હૈયું જ !

❀

એમણે સાધના આદરી, તો સામે એમની કસોટી થવા લાગી. એક દિવસ સ્વયં ઇંદ્ર મહારાજાએ મુક્ત કંઠે પ્રશંસા કરીઃ

'આજે ભારતવર્ષમાં એક વિરલ વિભૂતિ છે કે જે મરણથી ગભરાતી નથી અને જીવનથી હર્ષ પામતી નથી. જેને સુખનાં મનોજ્ઞ સાધનો ખુશ કરી શકતાં નથી અને દુઃખનાં ભયંકર સાધનો મૂંઝવી શકતાં નથી, એ મહાવિભૂતિની દિવ્ય તપશ્ચર્યા આજે વિશ્વમાં અજોડ છે !'

આ પ્રશંસામાં કોઈ સામાન્ય માનવીના ત્યાગ, તપ અને ધૈર્યની કેવળ અતિશયોક્તિ જ કરવામાં આવી છે, એમ ત્યાં સભામાં બેઠેલા ઈર્ષાળુ સંગમે માની લીધું, અને સાથે સાથે નિશ્ચય કરીને ઊઠ્યો કે, એ પામર માનવીને ત્યાગ, તપ અને ધૈર્યમાંથી ચલિત કરીને, ઈન્દ્રની પ્રશંસાને અસત્ય બનાવું.

આ નિશ્ચય કરતાં જ સંગમ દેવ મટી દાનવ બન્યો, અને એ વિરલ વિભૂતિ પાસે આવ્યો.

આ વિભૂતિને ધ્યાનમાંથી ચલિત કરવા સિંહનુ રૂપ ધારણ કરી માનવ–હૈયાંઓને વિદારી નાખે એવી સિંહગર્જનાઓ કરી જોઈ !

પ્રલયકાળના મેઘનું રૂપ ધારણ કરી વીજળીઓના કડાકાભડાકા કરી બ્રહ્માંડના કાન ફોડી નાખે એવા અવાજોના અખતરાઓ પણ કરી જોયા.

અને છેલ્લે સર્વ શક્તિઓ કેન્દ્રિત કરી ભયંકર રાક્ષસનું રૂપ ધારણ કરી, એ વિરલ વિભૂતિ પર ત્રાટકવાનો પ્રયોગ પણ કરી જોયો; પણ એ બધું નિષ્ફળ નિવડ્યું !

આવા પ્રલયના ઝંઝાવાત અને ચક્રવાત વચ્ચે પણ જેમનો ધૈર્ય દીપક અચલ રીતે ઝળહળતો હતો તે જોઈ, સંગમ સ્તબ્ધ થઈ ગયો. એના અભિમાનના ચૂરેચૂરા થઈ ગયા. અભિમાન ગળતાં જ પોતે આચરેલા પાપનો પશ્ચાત્તાપ થવા લાગ્યો. એ વિરલ વિભૂતિ પ્રત્યે આચરેલા અયોગ્ય વર્તનથી એના હૈયામાં પશ્ચાતાપનો ભડકો ભભૂકી ઊઠયો, અને પોતાની જાતને ધિક્કારતો એ વિભૂતિના ચરણોમાં પડી, અંજલિપૂર્વક દીન સ્વરે ક્ષમા માગવા લાગ્યો.

'પ્રભો ! આપ શૂરવીર છો, ધીર છો, ગંભીર છો. આપનું આત્મિક બળ અનુપમ છે, આપનાં ત્યાગ, તપ અને ધૈર્ય અજોડ છે ! આપની જોડ આ વિશ્વમાં લાધે તેમ નથી. આપની પ્રશંસા ઈન્દ્રે કરી, પણ હું અધમ એ ન માની શક્યો. અને આપની પરીક્ષા કરવા આવ્યો; પણ આજે મને એ પૂર્ણ સત્ય સમજાયું કે, મારા જેવા અધમો પોતાના મનની કલુ-ષિતતાથી જ આપના જેવા મહામાનવના ગુણો સમજી શકતા નથી, અને ઈર્ષા અને અભિમાનથી પોતાની જાતને જ મહાન માનવાનો પ્રયત્ન કરતા પરિભ્રમણ કરે છે, આપ જગતના

પિતા છો, વિશ્વબંધુ છો, જગદાધાર છો, અધમોદ્ધારક છો, અને તારક છો. હે કરુણાસાગર ! મારા અપરાધની ક્ષમા કરો. હું નીચ છું—અધમ છું—પાપી છું. મારો ઉદ્ધાર આપના જ હાથમાં છે. નાથ ! માટે મને તારો !'

આવા અઘોર અને ભયંકર અપરાધ કરનારા સંગમ પર પણ વિશ્વબંધુ આ વિરલ વિભૂતિએ તો પોતાની અમૃત-ઝરતી આંખોમાંથી કરુણાની વર્ષા જ આરંભી ! એમની વૈરાગ્ય–ઝરતી આંખોમાંથી વાત્સલ્યનું ઝરણું ઝરવા લાગ્યું. એ પુનિત ઝરણામાં સ્નાન કરી, ભારે હૈયે સંગમ પોતાના સ્થાન ભણી સંચર્યો !

સંગમે કરેલા અનેક દુઃખો વેઠયા પછી ફરિ એમણે આર્ય અને અનાર્ય–વજ્રભૂમિ ભણી વિહાર આદર્યો. સાડાબાર વર્ષ સુધી મૌનપણે ઘોર તપશ્ચર્યા કરી. આ દિવસોમાં તેમના પર અનેક વિષમ વિપત્તિનાં વાદળાં એક પછી એક તૂટવા લાગ્યાં, છતાં એમણે ધૈર્ય, સહિષ્ણુતા અને શાંતિપૂર્વક એમને પ્રસન્નમુખે આવકાર આપ્યો.

આમ અનેક યાતનાઓના દાવાનળમાં આ તેજસ્વી વિરલ વિભૂતિનાં કર્મો બળીને રાખ થયાં, અને એમનો આત્મા અનંત સૂર્યના પ્રકાશથી પ્રકાશી ઊઠયો.

કૈવલજ્ઞાન વ્યાપી રહ્યું અને અંધકારનો નિતાંત નાશ થયો. પૂર્ણ આત્માના પૂર્ણ પ્રકાશથી દિશાઓ વિલસી રહી. આ રળિયામણા સમયે એમના મુખકમળ પર અખંડ આનંદ, વિશ્વવાત્સલ્ય ને શાંત ગાંભીર્યનો ત્રિવેણી સંગમ જામ્યો !

*

સાડાબાર વર્ષ સુધી સેવેલા મૌનનું દિવ્ય તેજ આ વિરલવિભૂતિના શરીરના રોમાંચો દ્વારા ફુવારાની જેમ વસુંધરા પર પ્રકાશ પાથરી રહ્યું, વર્ષોને અન્તે એમનો મેઘ–ગંભીર મંજુલ–ધ્વનિ સાંભળીને શું દેવો કે શું દાનવો, શું માનવો કે શું અજ્ઞ પ્રાણીઓ; બધા એમની નિકટમાં આવવા લાગ્યા. એમનો ઉપદેશ સાંભળવા એ બધા અધીરા બન્યા.

શ્રી ઇન્દ્રભૂતિ ગૌતમ જેવા સમર્થ અગિયાર જ્ઞાની-ઓની શંકાનું સમાધાન કર્યું, એમનો ગર્વ ગળ્યો. એ શિષ્ય થયા અને પ્રભુની જ્ઞાનધારાનું પાન કરવા લાગ્યા.

આ વિરલ વિભૂતિએ જ્ઞાનની મેઘધારાનો પ્રારંભ કર્યો: ‘ મહાનુભાવો ! જાગો ! વિલાસની મીઠી નિદ્રામાં કેમ પોઢચા છો ? તમારું આત્મિક–ધન લૂંટાઈ રહ્યું છે. ક્રોધ, માન, માયા અને લોભ–આ ચાર મહાન ધૂર્તો છે. એ તમને મોહની મદિરાનું પાન કરાવી, તમારા જ હાથે જ તમારી અમૂલ્ય સંપત્તિઓનો નાશ કરાવી રહ્યા છે, માટે ચેતો ! જાગૃત બનો ! એ ધૂર્તોથી સાવધ બનો.’

આ સચોટ ઉપદેશ સાંભળી ભક્તો હાથ જોડી કહેવા લાગ્યા: ‘ નાથ ! આપ શક્તિમાન છો, આપ આ ધૂર્તોનો સામનો કરી શકો છો, પણ અમે નિર્બળ છીએ, ધૂર્તો સબળ છે; અમારાથી એમનો સામનો કેમ થઈ શકે ? અમારા માટે આ કાર્ય કઠિન છે. ઘણું જ અઘરું છે. આપતો સમર્થ છો. આપણી સરખામણી અમારાથી કેમ થાય ? ’

લોકોની દીનતાભરી વાણી સાંભળી, આ દીનતાને ટાળવા પ્રભુએ વીર ઘોષણા કરી : ‘ મહાનુભાવો ! આવી દયાજનક

વાચા ન ઉચ્ચારો. શત્રુઓ પાસે આવી નિર્બળ વાતો કરશો તો એ તમારો નાશ કરશે. હું પ્રત્યક્ષ જોઈ રહ્યો છું કે તમારો આત્મા બળવાન છે, વીર્યવાન છે, અનન્ત શક્તિઓનો ભંડાર છે. તમારો અને મારો આત્મા શક્તિની દૃષ્ટિએ સમાન છે, માત્ર ફરક એટલો જ છે કે તમારા પર કર્મનો કચરો છે, અને મારા આત્મા પરથી એ કચરો દૂર થયો છે. તમે પણ પ્રયત્ન કરી એ મલિનતાને દૂર કરો પૂર્ણ-પ્રકાશી બનો. કાયરતા છોડી મર્દ બનો. ખડકની પેઠે અડગ રહો. ક્રોધ વગેરે શત્રુઓની સામે બળવો પોકારો. હું તમને સમરાંગણમાં વિજય મેળવવાની વ્યૂહ-રચના બતાવું.'

આ મંજુલ વાણી સાંભળી લોકો પ્રસન્ન બન્યા.

જીવનવિકાસની નૂતન દૃષ્ટિ જાણવા બધા ઉત્સુક બન્યા.

કદી ન ભૂલાય તેવો મનોહર સ્વર ત્યાં ગુંજી રહ્યો.

'હે દેવોને પણ પ્રિય જનો! આ જીવન કેવું ક્ષણ-ભંગુર છે, તેનો જરા વિચાર કરો. યૌવન પુષ્પોની જેમ કરમાઈ જનારું અસ્થાયી છે. સંપત્તિ વીજળીના ચમકારાની પેઠે ક્ષણિક છે, વૈભવો સંધ્યાના રંગની જેમ અસ્થિર છે. સંયોગો મન્દિરની ધ્વજાની પેઠે ચંચળ છે. આયુષ્ય પાણીના પરપોટાની જેમ અશાશ્વત છે.

સંસારમાં માત્ર ધર્મ જ એક એવો છે જે સ્થાયી છે, અચલ છે, શાશ્વત છે. આ ઉત્તમ ધર્મ પાળવા માટે ધર્માન્ધતાને છોડવી જ પડશે. ધર્માન્ધતાને છોડયા વિના સત્ય ધર્મ મળવો મુશ્કેલ તો શું, પણ અશક્ય છે!

'ધર્માન્ધતાએ સત્ય ધર્મને ગુંગળાવી નાખ્યો છે, માનવોને અન્ધ બનાવ્યા છે. આ અન્ધતામાંથી કલહ અને કંકાશનું સર્જન થયું છે. આ ધર્માન્ધતાથી મહાયુદ્ધો થયાં છે. માનવી માનવીનો શત્રુ થયો છે. આજ અંધતાને લીધે જ્ઞાન પણ અજ્ઞાનમાં ફેરવાઈ ગયું છે. હિંસા પણ અહિંસાને નામે પ્રગટી છે. પાપ પણ પુણ્યના નામે જીવતું થયું છે. અધર્મ ધર્મને બહાને પ્રગટ થયો છે; માટે સત્ય ધર્મ મેળવવાનો અમોઘ ઉપાય બતાવું છું, તે પ્રમાદ તજી સાંભળો.

'જીવન–વિકાસનો અમૂલ્ય ઉપાય અનેકાન્તવાદ છે. અનેકાન્તવાદની કસોટી પર ધર્મની પરીક્ષા સુંદર રીતે થઈ શકે છે. માટે જીવનમાં અનેકાન્તવાદ કેળવો એના વડે વિશ્વાત્મૈક્ય કેળવો. એકબીજાનો સમન્વય સાધો.

'અનેકાન્ત એ પૂર્ણ દૃષ્ટિ છે, એના વડે વિશ્વમાં રહેલા સત્યતત્ત્વોનું ગવેષણ કરો. અનેકાન્તવાદ એ સાચો ન્યાયાધીશ છે! એ જ વિશ્વને નિષ્પક્ષપાત સાચો અને પૂર્ણ ન્યાય આપશે. એ અસત્યના કાળા પડદાને ચીરી નાખશે અને સત્યનાં દર્શન કરાવશે. આ અનેકાન્તવાદને સ્યાદ્વાદ કહો કે સાપેક્ષવાદ કહો, બધું એક જ છે. આ અનેકાન્તવાદની દૃષ્ટિ જ્યાંસુધી જીવનમાં નહિ આવે ત્યાંસુધી માનવીનો વિકાસ થંભેલો જ છે. એવો મારો સ્વાનુભવ છે!

અનેકાન્તવાદનો આ ભવ્ય સિદ્ધાંત સાંભળી લોકોનાં હૈયાં આનન્દથી વિકસી ઊઠયાં. આ નૂતન દૃષ્ટિ પ્રત્યેકને આદરણીય લાગી. તેથી જ લોકોના મુખમાંથી આ શાબ્દો સરી પડયા.

'કેવી વિશાળ ભાવના! કેવી વિશાળ દૃષ્ટિ! દેવ! આપ ધન્ય છો. આપે જે પૂર્ણ પ્રકાશ મેળવ્યો છે તે અદ્ભુત છે! આપ આપની વાણીનું અમૃત–ઝરણું આ સંતપ્ત સંસાર પર અવિરત વહેતું રાખો, એવી અમારી નમ્ર વિનંતિ છે, દેવ!'

આ વિભૂતિનો રૂપેરી ઘંટડીના જેવો મધુર ધ્વનિ પુનઃ ગુંજી રહ્યો–

'ભાગ્યશાળીઓ! હું જે કહી ગયો તે જીવનદૃષ્ટિની વાત કરી ગયો–વિચારવાની વાત કહી ગયો. હવે આચારની વાત કહું છું. વિચારમાં જેમ અનેકાન્તવાદને સ્થાન છે, તેમ આચારમાં અહિંસાને સ્થાન છે.

'અહિંસા એ સુંદર સરિતા છે, અનેક તૃષિત હૈયાં એના જળથી તરસ છીપાવે છે, અહિંસા એ સેતુ છે, કે જે બે વિખૂટાં દ્વૈષી હૈયાંઓને જોડે છે. અહિંસા એ ગુલાબનું ફૂલ છે, જે પોતાની માદક સૌરભથી જગતને પ્રફુલ્લિત કરે છે. અહિંસા એ વસન્તની કોયલ છે, જે પોતાના મધુર સંગીતથી હિંસાના ત્રાસથી ત્રસિત દિલડાંઓને પ્રમુદિત કરે છે.

'અહિંસા એ જ વિશ્વશાંતિનો અમોઘ ઉપાય છે. અહિંસા વિના વિશ્વમાં શાંતિનું સામ્રાજ્ય સ્થાપવાનો બીજો એકેય ઉપાય નથી જ.

'હિંસાના પાપેજ એક માનવી બીજા માનવીને જળોની જેમ ચૂસી રહ્યો છે. હિંસાની ભાવનાથી જ એક રાષ્ટ્ર બીજા રાષ્ટ્રને કચડી રહ્યું છે. હિંસક માનસે જ વિશ્વમાં અત્યાચારની હોળી સળગાવી છે. હિંસાના સામ્રાજ્યોએ માનવીને

પીડિત, વ્યથિત અને દલિત બનાવ્યો છે. હિંસક ધર્મો નિર્દોષ પશુઓના ભોગ લઈ રહ્યા છે, માટે આચારમાં અહિંસા કેળવો. ધર્મના નામે હોમાતા પશુઓનું રક્ષણ કરો.

'જાતિવાદના નામે ધિક્કારાતા દલિતવર્ગનો કરુણાપૂર્ણ ભાવનાથી ઉદ્ધાર કરો, અહિંસા એ અમૃત છે. એનું તમે પાન કરો! તમે અમર બનશો! બીજાઓને એનું પાન કરાવો તો દુખિયારી દુનિયા પર સુખની ગુલાબી હવાનો સંચાર થશે.

આ પ્રેરણા–દાયક ઉદ્દઘોષણાથી માનવીમાં જોમ આવ્યું. ચૈતન્યના ધબકારા થવા લાગ્યા. વીજળીની જેમ માનવીના જીવનમાં અનેકાન્તવાદ અને અહિંસાનો પ્રવાહ વહેવા લાગ્યો. દુરાગ્રહની ગાંઠો ગળવા લાગી. વૈમનસ્ય તો બળીને ખાખ થયું. નિર્બળો સબળ બન્યા. બીકણો બહાદુર બન્યા. મુડદાલો પણ મર્દ બન્યા.

શું વાણીનો વિરલ પ્રભાવ! આમ સાક્ષાત્કારની સિદ્ધિ દ્વારા જીવનમાં કોઈ અલૌકિક સર્જનલીલા સર્જાતી ગઈ.

*

ત્યાંથી આ વિરલ વિભૂતિએ વિહાર કર્યો. ગામડે ગામડે ફરી વળ્યા. ગામે ગામ માનવમહેરામણ ઉભરાતો! એમના દર્શન અને ઉપદેશથી માનવો અને ભારત–ભૂમિ પાવન થયાં.

પૂરા ત્રણ દાયકાઓ સુધી અખંડ ઉપદેશનું ઝરણું વહાવી ભારતમાં શાન્તિનું સામ્રાજ્ય સ્થાપ્યું. અહિંસાના જળનું સિંચન કર્યું, સત્યનાં વૃક્ષો રોપ્યાં, અસ્તેયના ક્યારા બનાવ્યા સંયમના છોડવાઓ પર સંતોષના અનેકવર્ણી પુષ્પો વિકસી ઊઠયાં.

આ ખંડેર ભારતને મોહક—નંદનવનમાં ફેરવી નાખવાનું ભગીરથ કાર્ય, આ વિરલ વિભૂતિએ પોતાના જ વિદ્યમાન કાળમાં, અખંડ સાધના દ્વારા કરી બતાવ્યું—એ ભારતનું અહોભાગ્ય !

*

પણ દુર્ભાગ્યની એવી એક રજની આવી કે જેમાં આ લક્ષપ્રકાશી, ઓજસ્વી દીપક, પાવાપુરી નગરીમાં માજમ રાતે, જ્ઞાનનો પ્રકાશ પાથરી, બુઝાઈ ગયો—નિર્વાણ પામ્યો.

જ્ઞાનનો સ્વાભાવિક દીપક બુઝાતાં વિશ્વમાં અજ્ઞાન-અંધકાર વ્યાપવા લાગ્યો. એ અંધકારને દૂર કરવા કૃત્રિમ દીપક પ્રગટાવવા પડ્યા. અને લોકો એને કહેવા લાગ્યા:

—દિવાળી—'દી–પ–આ–વ–લિ'

ઓ વિરલ વિભૂતિ પ્રભુ મહાવીર ! તારું મધુર નામ આજે પણ માનવહૈયાની અમર વીણાના તારે ઝણઝણી રહ્યું છે!

❀

## ૯

# આત્મવિલોપન

જંગલ અને અટવીને વીંધી મૃગયુગલ વેગપૂર્વક દોડી રહ્યું છે. એની સમસ્ત શક્તિ આજે એના પગમાં આવીને વસી છે. એવી લાંબી લાંબી એ ફાળ ભરે છે, કે જાણે એ દોડતું નથી, પણ ગગનમાં ઊડી રહ્યું છે.

આ મૃગયુગલની પાછળ એક પાણીદાર અશ્વ દોડી રહ્યો છે. આ અશ્વ પર એક પ્રતાપી યુવાન છે. શિલ્પીએ આરસમાંથી કોતરી કાઢેલ પ્રતિમા જેવો એનો ઘાટીલો દેહ છે. ચન્દ્ર જેવું સુકુમાર એનું મુખ છે. સુંદર વળાંકવાળી કાળી ભમ્મર નીચે બે મધુર આંખ છે. બુદ્ધિની તીવ્રતા સૂચવતું અણિયાળું નાક છે. અને ગુચ્છાદાર સુંવાળા વાળનાં ઝુલ્ફાં હવામાં ઊડી રહ્યાં છે.

યુવાને આ મૃગયુગલનો શિકાર કરવાનો જાણે દૃઢ સંકલ્પ કર્યો છે, અને તેથી જ પોતાના અશ્વને એ વિદ્યુતવેગે દોડાવી રહ્યો છે.

કોઈક વાર તો એમ લાગે કે અશ્વ આ આંબ્યો, આ આંબ્યો, ત્યાં તો મૃગ છલાંગ મારી દૂર દૂર નીકળી ગયું હોય.

આપણને લાગે કે હવે તો અંતર વધી ગયું. ત્યાં તો ફરી અશ્વ એનાં નિકટમાં હોય—આમ સંતાકૂકડી રમતાં એ મહા અટવીને વટાવી સરહદને પેલેપાર નીકળી ગયાં.

ધીમે ધીમે તાપ વધતો ગયો. યુવાન પરસેવાથી રેબઝેબ થયો. તપતો સૂર્ય અત્યારે એને પોતાના કાળ જેવો લાગ્યો. તરસથી એનું ગળું સુકાઈ રહ્યું હતું. એને તમ્મર આવવા લાગ્યાં. એણે થાકીને ઘોડો ઊભો રાખ્યો :

‘આહ ! મૃગ તો આજ સુધીમાં ઘણાય જોયાં, પણ આ યુગલ તો અજબ નીકળ્યું ! એમની પ્રણયગાથા લંબાવા સર્જાઈ હોય તો મારા હાથથી એમનો શિકાર કેમ થાય ?’

પોતાના મનને મનાવવા એ આટલું મનમાં જ બોલ્યો, અને એણે ચારે તરફ નજર નાખી. વનની હરિયાળી ભૂમિ હસી રહી હતી. એ ભૂમિની પૂર્વ દિશામાં સુંદર તળાવ હતું. એના મનમાં કાવ્ય સ્ફૂર્યું: ધરતીએ લીલા રંગની ઓઢણી ઓઢી છે. આ સરોવર એનું ગૌરવર્ણું મુખ છે. અને એની કિનાર પર જલક્રીડા કરતી આ હંસની શ્રેણી એની ઉજ્જવળ દંતપંક્તિ છે.

એ સરોવર પાસે આવ્યો અને એનો અર્ધો શ્રમ ઊતરી ગયો. એણે સ્નાન કર્યું, જળપાન કર્યું અને કિનારા પર છાયા બિછાવતાં વૃક્ષની સોડમાં આરામ લીધો.

નિસર્ગની મત્ત હવામાં બે પ્રહર વીતી ગયા. ઘાસની સુંવાળી ચાદર પર હજુ એ આળોટી રહ્યો હતો, ત્યાં થોડેક દૂરથી આવતા મધુર સૂરોએ એનામાં સળવળાટ પેદા કર્યો. એ

જરા સાવધાન થઈ સાંભળવા લાગ્યો.

વીણાના તાર પર રેલાઈ રહેલા ભાવગીતમાંથી જીવનનું સમસ્ત માધુર્ય આળસ મરડીને ઊભું થઈ રહ્યું હતું.

થોડીવાર તો એમ ને એમ પડી રહી એણે એ સૌન્દર્ય-ભીના મધુર સૂરોનું પાન કર્યું, પણ વધારે વાર એનું ચિત્ત ન થંભી શક્યું. એ ઊભો થયો. હાથપગ ધોયા અને સ્વચ્છ થઈ અશ્વ પર આરૂઢ થયો. જે સ્થાનમાંથી આ સ્વરમાધુરી રેલાતી હતી ત્યાં એ આવી પહોંચ્યો.

ગંગાના કિનારા પર એક વિશાળ ઉપવનમાં શાંત આશ્રમ આવ્યો હતો. આશ્રમના જમણા દ્વારે એક નાનકડું છતાં કલામય મંદિર હતું. આ મંદિરના આરસમઢ્યા પ્રાંગણમાં બે બાળાઓ બેઠી હતી.

પહેલી બાળાના દેહ પર ઝીણું શ્વેત વસ્ત્ર લહેરાઈ રહ્યું હતું. એની આંખો પ્રતિમામાં સ્થિર હતી. એના ખોળામાં વીણા હતી. એ વીણાના તાર પર એની નાજુક આંગળીઓ રમી રહી હતી, અને હૃદયને ઓગાળી દેતું ભાવગીત એના કંઠમાંથી નીતરતું હતું.

એ બાળાની પડખે બીજી એક બાળા બેઠી હતી. એની આંખો ચપળ હતી. એણે આસમાની ઓઢણી ઓઢી હતી. કાળજીપૂર્વક પેલી રાજેશ્વરી જેવી દેખાતી બાળાના સાજને સાથ આપવા ઝીણી ઝીણી ઘૂઘરીવાળી ખંજરીથી એ તાલ પૂરી રહી હતી.

સરિતાનો કિનારો, અરણ્યની મુક્ત પ્રકૃતિ, શાન્ત

આશ્રમ ગીતામાધુર્ય અને સૌન્દર્ય ઝરતી સુંદરીઓ—આ બધાને લીધે વાતાવરણમાં રસસાગરના તરંગો લહેરાઈ રહ્યાં.

ઘોડેસવાર ન આગળ વધ્યો કે ન પાછળ હઠ્યો. મૂર્તિની જેમ એ ત્યાં જ સ્તબ્ધ થઈ ગયો. વાતાવરણમાં એક એવી માદકતા હતી કે ચેતના માત્રને ત્યાં આત્મવિસ્મૃતિ સહજ હતી.

એણે જીવનમાં ઘણાય પ્રસંગો જોયા હતા. પ્રકૃતિનું નર્તન, સુંદરીનું સંગીત, ભાવોના ઉન્માદ—ઘણું ઘણું માણ્યું હતું પણ આ તો કોઈ અદ્ભુત હતું, સ્વર્ગીય હતું, જે માણી શકાય પણ વર્ણવી ન શકાય.

સંધ્યા નમી. આરતી ઊતરી અને બાળા પ્રભુને એક વિધિ સહિત ભાવપૂર્ણ નમન કરી મંદિરનાં સોપાન ઊતરવા લાગી.

એના દેહ પર તો સાદું શ્વેત વસ્ત્ર જ હતું, પણ એના મુખનું તેજ ન જીરવાય તેવું અલૌકિક હતું. નાજુક છતાં સ્વસ્થ, જરાક ઊંચી છતાં લાવણ્યમયી એની કાયામાંથી ઊછળતું માદક યૌવન જાણે અત્યારે સમાધિ લગાવીને બેઠું હતું.

એ પગથિયાં ઊતરી ત્યાં દાસીએ આવી એની આગળ પાદુકા ધરી. એ પાદુકા પહેરવા જતી હતી ત્યાં એની દૃષ્ટિ આ યુવાન પર પડી. આ દૃષ્ટિપાતથી યુવાનનું સમસ્ત ચેતના તંત્ર પ્રકાશના પુણ્યભાવથી ઝણઝણી ઊઠ્યું. એનું હૃદય ધબકવા લાગ્યું.

વીજળીના ગોળામાં કેટલો સાદો અને કાળો લોખંડનો તાર છે, પણ કશાકના સંસ્પર્શે એ કેવો ઝળહળી ઊઠે છે!

યુવાને આર્ય સંસ્કાર પ્રમાણે નમન કર્યું. પ્રત્યુત્તરમાં

બાળાએ પણ નમ્રતાથી નમન કરી અતિથિસત્કાર કર્યો. નમન કરવાની બાળાની આ રીતમાં જાણે વિનયની ઉત્કૃષ્ટ મર્યાદા હતી.

દાસી યુવાનને અતિથિભવનમાં લઈ ગઈ અને આ બાળા પોતાના ખંડમાં વસ્ત્ર બદલવા ચાલી ગઈ.

આ નિર્જન વાતાવરણમાં આ બાળાના અસ્તિત્વનો વિચાર કરતો યુવાન અતિથિભવનમાં ફરી રહ્યો. ત્યાં પોતાની સખી મનોરમા સાથે બાળા આવી પહોંચી. અતિથિગૃહમાં પ્રવેશતાં જ એણે કહ્યું.

'ક્ષમા કરશો. આપના આતિથ્યમાં જરા વિલંબ થયો છે. કારણ કે હું પૂજાનાં વસ્ત્રોમાં હતી. દેવપૂજાનો વિધિ પૂર્ણ થયા પહેલાં હું બીજા કાર્યમાં રસ લેતી નથી.'

આભારનો ભાર એ ન ઝીલી શક્યો. એણે વચ્ચે જ કહ્યું, 'તો તે ક્ષમા મારે જ માગવાની હોય. તમે પૂજાના વસ્ત્રમાં હતાં ત્યાં મેં આવી તમારા કાર્યમાં અંતરાય કર્યો.' ક્ષમા માંગ્યા પછી એણે પોતાની જિજ્ઞાસા પ્રગટ કરી :

'મને આશ્ચર્ય તો એ થાય છે કે આવા એકાન્ત અરણ્યમાં આ આશ્રમ કેમ ? અને આ આશ્રમમાં વળી તમારા જેવા રસનિર્ઝરતા આત્માનો નિવાસ કેમ ? હું પૂછી શકું કે પ્રભાતના પુષ્પ જેવા આ દેહના માતાપિતાનું નામ શું ?'

યુવાનની પ્રશ્ન પૂછવાની રીત પણ મધુર હતી–ટૂંકી છતાં મર્મભરી. આ રીતથી બાળાના મુખ પર સ્મિત સ્ફૂર્યું. આકાશમાં વીજળી ચમકે અને અદૃશ્ય થાય તેમ તેની શુભ્ર દાંતની પંક્તિ દેખાઈ અને અદૃશ્ય થઈ.

મનોરમા ચપલ અને બોલકી હતી. એણે સંમતી માટે પોતાની સ્વામિની સામે દૃષ્ટિ નાખી. બાળાએ આંખથી જ સંમતિ આપી, એટલે મનોરમાએ ચાલુ કર્યું.

'વિદ્યાધરોના સ્વામિ જન્હુ રાજાનું નામ તો આપે સાંભળ્યું જ હશે. એ પ્રતાપી નરરત્ન જન્હુરાજનાં આ પુત્રી છે. એમનું નામ ગંગા છે. મારાં સખી અને સ્વામિની છે. એમની પાસે જેમ અલૌકિક લાવણ્ય છે, તેવું જ વિદ્યાધન છે. જીવનની પ્રત્યેક કલામાં એમણે સાધના કરી સંસિદ્ધિ મેળવી છે. એમની વિશિષ્ટતા એ છે કે જેમ લોખંડના ટુકડાને પારસમણિનો સ્પર્શ થાય તો તે સુવર્ણમાં ફેરવાઈ જાય છે, તેમ એમના હાથનો સંસ્પર્શ કોઈ સામાન્ય વસ્તુને થાય છે અને તે કલાકૃતિમાં ફેરવાઈ જાય છે.'

'કારણ કે એમનું જીવન જ એક સંપૂર્ણ કલા છે.' ગંગા સામે પ્રેમ અને માનભરી દૃષ્ટિ નાખતા યુવાને વાતની પૂર્તિ કરી.

સ્મિતથી જ એનો ઉત્તર વાળી મનોરમાએ આગળ ચલાવ્યું, 'આ કલાવતી પુત્રી પાસે જન્હુરાજે એક દિવસ લગ્નની વાત મૂકી, દેશ દેશના રાજકુમારોનાં આવેલાં માગાં એમની આગળ રજૂ કર્યા અને આ અંગે ગંગાનો મુક્તઅભિપ્રાય પૂછ્યો.

મુક્ત વિચારોમાં ઊછરેલી આવી તેજસ્વી પુત્રીને જે તે રાજકુમારને તો અપાય જ નહિ. આદર્શ જેના પ્રાણ છે એવી આ સમર્થ પુત્રી આગળ સામાન્ય કુમારોનાં તો નામ પણ કેમ ઉચ્ચારાય? એટલે શાણી પુત્રી આગળ પિતાએ હકીકતોનું જ વર્ણન કર્યું.

ગંગા પ્રેમાળ અને શરમાળ હતી. મર્યાદા એના શ્વાસો-શ્વાસ હતા. પણ આ પ્રસંગ તો પોતાના જીવનના અસ્તિત્વનો હતો. આવી વાતમાં ખોટી શરમ રાખી લજ્જાનો આડંબર કરવો એ આત્મવંચના ગણાય. એણે નમ્રતાપૂર્વક વિનયભરી વાણીમાં કહ્યું: 'પિતાજી! આપ જ એક વાર કહેતા હતા કે, લગ્ન એટલે બે આત્માઓના વિચારોનું જોડાણ. આ જોડાણ ત્યારે જ થાય કે એકબીજાના વિચારોની ભૂમિકા સમાન હોય; એક બીજાના મંતવ્યોને સ્વીકારવા બંનેનાં આત્મા ઉત્સુક હોય. અને સાથીના દ્રષ્ટિબિન્દુને સહૃદયતાપૂર્વક જાણવાની ઉલ્લાસમય પ્રણયભાવના હોય—તો જ લગ્ન સાર્થક થાય! પણ રાજકુલમાં અને રાજકુમારોમાં જે સ્વચ્છંદ અને જીવન પ્રત્યે ઉપેક્ષાભરી દ્રષ્ટિ દેખાય છે, તે જોતાં મારું મન લગ્નના નામથી પણ કંટાળો અનુભવે છે.'

'પણ બેટા, બધા કુમારો કંઈ એવા નથી હોતા.' દીકરીની વાણીના ધોધને રોકવા જન્હુરાજે કુમારોનો બચાવ કર્યો.

આ બચાવથી તો ગંગાદેવીનો આત્મા બમણા જોરથી પ્રકાશી ઊઠ્યો.

'હા, પિતાજી, કોઈક કુમાર એવો પણ હોય જે જીવનને શ્રદ્ધા અને પ્રજ્ઞાભરી દૃષ્ટિથી નિહાળતો હોય, પણ તે ક્યાં? આપણી સામે આ જે કુમારો છે, તે તો એમ જ સમજે છે કે લગ્ન કર્યાં એટલે એક રમકડું ઊચકી લાવ્યા. એ રમકડાને અલંકારોથી શણગારો, વસ્ત્રોથી વિભૂષિત કરો, શૃંગારથી સજ્જ કરો. અને તેની સાથે ફાવે ત્યારે અને ફાવે તે રીતે મોજ કરો.

વિલાસ ઉડાવો અને એનો જીવનરસ ચૂસો. એ રમકડું જૂનું થાય તો એને રાજમહેલમાં પડયું રહેવા દો, અને બીજું નવું ઊચકી લાવો.

'પિતાજી! આમ તો તે જુઓ, આ રાજાઓનાં અંતઃપુર એટલે નારીનાં સંગ્રહાલય! મારે આવા સ્વચ્છંદી રાજાઓના સંગ્રહાલયના સભ્ય બનવાની જરાય ઈચ્છા નથી.

મેં તો નિર્ણય કર્યો છેઃ 'જે મારા વિચારોને સત્કારે, મારું કહ્યું સાંભળે, એક પત્નીવ્રતની પવિત્ર ભાવનાથી બંધાય એવો કોઈ સ્વતંત્ર છતાં સંયમી સાથી મળે તો જ લગ્ન કરવાં, નહિ તો આજીવન કૌમાર્યવ્રત પાળવું.'

પોતાની પુત્રીની પ્રજ્ઞાપૂર્ણ વિચાર સ્વાતંત્ર્યની આ ઉજ્જ-વળ ભાવનાથી જન્હુરાજાને આનંદ તો થયો, પણ સાથે સાથે ચિન્તાની એક ઝીણી રેખા એના મુખ પર આવીને દોડી ગઈઃ

આવો પુરુષ મળે કયાંથી? પણ એ હિમ્મત ન હાર્યા. એ આશાવાદી હતા. એમણે ચારે તરફ દૂત મોકલ્યા અને રાજકુમારોને તેડાવ્યા.

દેશ દેશથી પ્રતાપી અને પ્રાણવાન કુમારો આવ્યા. એમને સૌને રૂપસૌન્દર્યના ભારથી લચી પડતી ગંગા ગમી, પણ એની આ આકરી શરત કોઈનેય ન ગમી.

કુમારો માનતા કે સ્ત્રી એ તો સુંદર વસ્ત્ર. સારું લાગે ત્યાં સુધી જરૂર ધારણ કરવું પણ જૂનું થાય તો તે બદલવું જ જોઈએને? એક જ વસ્ત્રને આખી જિંદગી પહેરી રાખવું, એવી શરત તે વળી સ્વીકારાતી હશે?

સૌને નકારતાં ગંગાએ કહ્યું :

'પ્રેમવિહોણા આવા વિષયી વેંતિયા માણસોને ચરણે મારા આ જીવનને ધરવા કરતાં નિસર્ગને જ અર્ધ્ય રૂપે ધરી, આ જીવનયાત્રાને શાન્તિ અને સાધનામાં શા માટે ન વીતાવું ?'

'હે પિતાજી ! શારંગવનમાં એક આશ્રમ અને મંદિર બંધાવી આપો, કે જ્યાં સુધી એવો તેજસ્વી પુરુષ ન મળે ત્યાં સુધી હું મારા આ જીવનને ત્યાં આત્માની મસ્તીમાં વીતાવું.'

"પૂત્રીનાં ધર્યપૂર્ણ વચનથી પ્રસન્ન થઈ જન્હુરાજે ગંગાને કિનારા ઉપરના આ ઉપવનમાં આ આશ્રમ તૈયાર કરાવ્યો. શ્રેષ્ટ શિલ્પીઓને તેડાવી આદિનાથનું મંદિર બંધાવ્યું. દરેક પ્રકારની સગવડતા અને રક્ષકો મૂકી આ આશ્રમ ગંગાદેવીને સોંપ્યો છે.

"તે દિવસથી અમે અહીં રહીએ છીએ. મારા સખી ગંગા રાજકુમારી હોવા છતાં અહીં તપસ્વિનિ જેવું જીવન જીવે છે."

"પ્રભાતે પ્રાર્થના પછી પર્યટન, સ્નાન અને પૂજા. મધ્યાહ્ને ભોજન પછી વાંચન, સંધ્યાટાણે પ્રભુભક્તિનાં રસ-નિર્જરતાં ગીત અને આરતિ, રાત્રે જ્ઞાનગોષ્ટિપૂર્વક શયન —આ રીતે ધ્યાન અને જ્ઞાનમાં અમારા દિવસો નિર્મળ સરિતાને કિનારે સરિતાના પ્રવાહની જેમ વહી રહ્યા હતા.

'ત્યાં એક અઠવાડિયા પૂર્વે જન્હુરાજ અહીં આવ્યા અને એક આનંદભર્યા શુભ સમાચાર આપી ગયા.

'આ શુકલ પંચમીના દિવસે એક રાજકુમાર મૃગયા કરવા આ વનમાં આવશે. એ હસ્તિનાપુરનો સ્વામી હશે.

શાન્તનુરાજ એનું નામ હશે, એ ગંગાદેવીની પ્રતિજ્ઞા પૂર્ણ કરશે અને એનો જીવનસાથી થશે. એક ત્રિકાળ જ્ઞાનીનો આ બોલ છે, આ ભવિષ્યવાણી કહેવા હું પોતે જ આવ્યો છું.'

સ્વરૂપ અને સુંદરતાથી ઊભરાતા આ યુવાન પ્રત્યે માનભરી દ્રષ્ટિ નાખતાં છેલ્લે મનોરમાએ કહ્યું : 'એ ભવિષ્યવાણીના આધારે અને આપના રૂપગુણના પ્રભાવે અમે માની લઈએ છીએ કે અમારા સામે બેઠેલા અમારા પ્રિય અતિથિ તે મહારાજા શાન્તનુ પોતે જ છે....'

પ્રશંસાભરી લજ્જાની લાલી શાન્તનુના મુખ પર ધસી આવી. વીરોના વીર શાન્તનુના મુખ પર આ ક્ષણે એક નિર્દોષ શરમાળ કન્યાના ભાવ હતા. આ મધુર સ્વપ્નના લાભથી એના હૈયાના આનંદે દૂર દૂર સુધી પાંખો પ્રસરાવી હતી. લજ્જાને સંકેલી લેતાં એણે કહ્યું :

'આવું સુંદર ભાગ્ય જો મારું હોય તો એ શાન્તનુ હું પોતે જ છું. આ તેજસ્વિની અને સામર્થ્યવતી જીવન સંગિની માટે એક વચન તો શું પણ હું મારા આ સમસ્ત જીવનને આપવા ઉત્સુક છું.

'પથ્થરની પરોક્ષ દેવીને પ્રસન્ન કરવા ભક્તો બલિદાન આપે છે, આ પ્રત્યક્ષ અને જીવંતદેવી આગળ હું મારું સર્વસ્વ ધરું એ કંઈ વધારે કહેવાય ?

અને આ સિવાય પણ જેની સાથે લાંબી જીવનયાત્રા વીતાવવી છે, એ સખીના અભિપ્રાયને સત્કારવા જેટલી ઉદારતા જેનામાં ન હોય તે લગ્ન જીવનનો અધિષ્ઠાતા પણ કેમ બની શકે ?'

વાર્તાલાપ ચાલતો જ હતો ત્યાં પોતાના પરિવાર સાથે જન્હુરાજ આવી પહોંચ્યો.

શિષ્ટાચાર પ્રમાણે અરસપરસ સત્કાર કર્યો. સ્વજન-ભાવે થોડી સ્નેહગોષ્ઠી કરી અને સૌ પોતાના શયનખંડમાં આરામ કરવા ચાલ્યાં ગયાં.

શાન્તનુને આખી રાત જાત જાતના વિચારો આવ્યા. આશ્ચર્ય અને આનંદના તરંગો પર એ તરી રહ્યો. પોતે શું પ્રાપ્ત કરવા નીકળ્યો હતો અને શું પ્રાપ્ત થયું ?

રામ અને સીતાનો વિયોગ હરિણે કરાવ્યો હતો તે શાન્તનુ અને ગંગાનો સંયોગ પણ હરિણે જ કરાવ્યો. ચંદ્રને કલંક હરિણથી મળ્યું તો નેમરાજુલને સિદ્ધિ હરિણથી જ લાધી. ઇતિહાસ તો જાણે હરિણે જ રચ્યો છે.

કોઈવાર ઠોકર વાગતાં જમીનમાંથી નિધિ નીકળી આવે તે આનું નામ.

શેષ રાત્રિમાં એ ઊંઘ્યો, પણ એની આંખમાં સ્વપ્ન તો ગંગાદેવીનાં જ હતાં.

*

નિયત કરેલાં ઉત્તમ દિવસે વિધિપૂર્ણ લગ્ન થયાં. જન્હુરાજે દહેજમાં ઉત્તમ ભેટો આપી અને આંસુભરી આંખે પુત્રી અને જમાઈને વિદાય આપી.

માતાપિતાના જીવનમાં પુત્રીના વિયોગનું દુઃખ હોય છે, તો પોતાનું કર્તવ્ય આનંદપૂર્વક પૂર્ણ કર્યાનું શીતળ મલમ-પટ્ટા જેવું સુખ પણ હોય છે.

ગંગા સામાન્ય નારી ન હતી. જીવનના બધાજ રસથી સભર રસપૂર્ણ એ સરિતા હતી. એના જીવનપ્રવાહના તરંગે તરંગમાં સ્નેહરસ ઊછળી રહ્યા હતા.

શાન્તનુનો મહેલ આજ સુધી માત્ર એક વિશાળ મકાન જ હતું, તે ગંગાના આગમન સાથે જીવનમંદિરમાં ફેરવાઈ ગયો.

પ્રભાતના ઉષારંગ્યા રંગ ટાણે ભાવોનું સંગીત ગુંજતું હોય, બીજા પ્રહરમાં દૂરદૂર સુધી માદક સુગંધ પ્રસરાવતી ભોજનની વાનીઓ પીરસાતી હોય, મધ્યાહ્નને વળી સૌરભ અને સૌન્દર્યથી મઘમઘતા ગ્રીષ્મગૃહમાં આરામ અને આનંદની મહેફિલ હોય તો સંધ્યા ટાણે વળી ભક્તિ ભર્યાં ગીતોનો ઉલ્લાસ ઊભરાતો હોય.

શાન્તનુ પૃથ્વીમાં રહેવા છતાં સ્વર્ગની માદક હવામાં વિહરી રહ્યો હતો.

નરનારીઓનો પ્રાણ જ્યારે હેતની હીરદોરથી ગૂંથાય છે. ત્યારે કાળની ગતિ પણ જાણે તેઓને સ્થિર ભાસે છે.

આનંદના રસસાગરમાં અનેક વર્ષો વીતી ગયાં. ઉન્માદ-ભર્યા આવા દિવસો વીતતા હોય ત્યારે રસિયા–મનને ભાન પણ ક્યાંથી હોય કે સોનેરી સમય જઈ રહ્યો છે–ના ના, દોડી રહ્યો છે!

❀

ચન્દ્રિકાઝરતી એક શીતળ રાત્રે ગંગા શય્યામાં પોઢી હતી અને એને એક સોણલું લાધ્યું : એક પરાક્રમી પ્રકાશઘડ્યો સિંહ એના મુખમાં પ્રવેશ કરી ગયો.

આ સ્વપ્નથી ઝબકીને જાગેલી ગંગાએ પોતાના

જીવન—અધિષ્ઠાતા શાન્તનુ આગળ આનું વર્ણન કર્યું.

દેવી, તમારા તેજસ્વી સ્વપ્નનો અર્થ તો એ થાય છે કે સિંહ જેવા પરાક્રમી, ને સૂર્યના કિરણ જેવા પ્રકાશમય પુત્રની તમને પ્રાપ્તિ થશે.' સ્વપ્નના રહસ્યને પ્રગટ કરતાં શાંતનુએ કહ્યું.

ગંગાના રોમેરોમમાં પ્રમોદભાવ પ્રસર્યો, એ આ આનંદને જાણે જીરવી જ શકતી ન હતી. એણે સ્નેહભર્યું નમન કર્યું અને પોતાના આરામગૃહમાં ચાલી ગઈ.

તે દિવસથી એની જીવનચર્યાને જાણે એક નવું રૂપ આવ્યું. ગર્ભમાં રહેલા બાળકના જીવન પર માતાના વિચાર, ઉચ્ચાર અને આચારની કેવી તીવ્ર અસર થાય છે તે એ બરાબર જાણતી હતી.

હવે તે એક રસિક પત્ની ન હતી. એના જીવન—આકાશમાં માતૃત્વનો ઉદય થઈ રહ્યો હતો. મદનને બદલે વાત્સલ્યના રંગો ખીલી રહ્યા હતા. તોફાનને બદલે સર્જનની શાન્તિભરી સાધના આકાર લઈ રહી હતી.

એણે પોતાના ચિન્તનમાં આદર્શોને આરોપ્યા. વિલાસને સ્થાને વિવેક મૂક્યો. શેષ મહિનાઓમાં પોતાના જીવનસરોવરની આસપાસ સંયમની પાળ બાંધી અને મહાન સર્જનની ગૌરવપૂર્ણ સાધના આદરી !

વિલાસી શાન્તનુને આ ફેરફાર આકરો લાગ્યો. ગંગાના રૂપલાવણ્ય પાછળ અવિરત ભ્રમરની જેમ ભમતું એનું મન અકળાવા લાગ્યું.

બીજી બાજુ ગંગાની જીવન પદ્ધતિથી એ પૂર્ણ માહિતગાર હતો, એ જે પાળ બાંધશે તે અખંડ જ રહેવાની. એને ઓળંગવાનો પ્રયાસ એક ઉપહાસ જ સર્જે, તે એ જાણતો હતો. એના ચંચલ જીવને ક્યાંય શાન્તિ ન હતી. એ અસ્વસ્થ હતો.

એણે પોતાના જીવનને બીજી દિશામાં વાળ્યું, આ પ્રેમ મગ્નતામાં આજ સુધી એ જે મૃગયાને ભૂલી ગયો હતો, તે એને સાંભરી આવી. મન મુક્ત થયું અને શિકાર ચાલુ થયો.

એક દિવસ એ શિકારથી પાછો ફર્યો અને સેવિકાએ વધામણાં આપ્યાં : દેવ! ગંગાદેવીને પ્રતાપી પુત્રની પ્રાપ્તિ થઈ છે.'

આ આનંદદાયક સમાચાર આપનાર સેવિકાને શાન્તનુએ સુવર્ણથી સત્કારી અને પુત્રપ્રાપ્તિના ગૌરવભર્યા આહ્લાદથી એ ડોલી રહ્યો.

હસ્તિનાપુરની પ્રજાએ રાજકુમારના જન્મનો ઉત્સવ કર્યો. ઘરે ઘરમાં આનંદની હેલી વર્ષી. રાજાનો આનંદ એ પ્રજાનો આનંદ બની ગયો.

રાજાના આ પુત્રનું નામ ગાંગેય. ગાંગેય બીજની ચંદ્રકલાની જેમ પૂર્ણતા પામવા લાગ્યો.

શિકારની વાત લંબાતી લંબાતી ગંગા પાસે આવી. એને જરા દુઃખ થયું. એણે પ્રાર્થના કરતાં કહ્યું, 'મારા રાજ! આપતો આ વસુંધરાનું અલંકાર છો. આપનામાં એટલા બધા ગુણો છે કે આપની અર્ધાંગના કહેવડાવવામાં હું ગૌરવ અનુભવું છું. ચન્દ્રના દર્શનની જેમ આપના દર્શનથી પ્રજા

શાન્તિ અને સુખ અનુભવે છે.

'પણ ચંદ્રમાં જેમ કલંક છે, તેમ આપના જીવનમાં પણ શિકાર એક કલંક છે. મારા હૃદયનાથ ! મારી આ વિનંતિને સ્વીકારીને શિકારના આ કલંકને આપ ધોઈ ન શકો ?

'આપ તો નિર્બળના રક્ષક છો. હરણાં કેવાં નિર્બળ ને ભીરુ છે ! ઝરણાંનાં નીર પીતા અને વનના ઘાસ પર પોતાનાં જીવનને વીતાવતાં હરણાંને ધારદાર શસ્ત્રથી ક્રૂરતા-પૂર્વક હણવાં એ રક્ષકને છાજે છે ?

'મારા દેવ ! કહો, મને કહો, ફરી આવું નહિ કરોને ?'

ગંગાની કરુણાપૂર્ણ વાતોથી એ ક્ષણે તો એનું દિલ પીગળ્યું પણ સમય જતાં પાછું વ્યસન એના પર ચઢી બેઠું.

પહેલાં માણસ ટેવ પાડે છે. પછી ટેવ માણસને પાડે છે. તે આનું નામ !

ગંગા સ્વમાની હતી, સાથે સમર્થ પણ હતી. નારીનાં બંને સ્વરૂપ એનામાં હતાં, જ્યોતિ અને જ્વાળા.

એને ખબર મળ્યા કે શાન્તનુ મૃગયા કરવા ગયા છે, અને એના અંગેઅંગમાં અગન વ્યાપી ગઈ : હું વિનવું છતાં માને નહિ, કરગરું છતાં ક્રૂર કર્મ મૂકે નહિ ? એ શું સમજે છે ? શું નારી એટલે પ્રાર્થના કરનાર દાસી ? કરગરનાર ગુલામડી ?

વાત કર્યાને હજુ બે દિવસ પણ પૂરા થયા નથી અને ત્યાં વળી આ શિકાર ?

પુરુષ, તારું ધાર્યું કરવાનો પુરુષાર્થ તારી પાસે છે, તો મારો વિકાસ કરવાની શક્તિ મારી પાસે છે.

ગંગા પ્રેમની જ્યોત મટી શક્તિની જ્વાળા બની.

એણે દાસીને આજ્ઞા કરી : 'જા, સારથિને કહે કે પદ્મ અને શંખની અશ્વ-જોડને રથમાં જોડી, રથને મહેલના દ્વાર આગળ હાજર કરે.'

ગંગા સર્વ આભૂષણ ઉતારી સાદાં શ્વેત વસ્ત્ર પરિધાન કરી ગાંગેયને લઈ રથમાં બેઠી.

પવનવેગે રથ ઊપડયો. રત્નપુર આવતાં એનાં માતા-પિતાએ ગંગા અને ગાંગેયનો સત્કાર કર્યો. પુત્રીની ગૌરવગાથા સાંભળી જહ્નુરાજે પણ ગૌરવ અનુભવ્યું.

શાન્તનુ મૃગયાથી પાછો વળી મહેલમાં ગયો, તો ગંગા કે ગાંગેય કોઈ ન મળે. દાસીના મુખથી એણે બધો વૃત્તાન્ત જાણ્યો અને એ વેદનાના આઘાતથી ધરતી પર ઢળી પડયો. આવા પ્રસંગની તો એણે કલ્પના પણ નહોતી કરી. શું માણસનું મન એટલું મજબૂત હોય છે કે પોતાના વચન માટે વૈભવ અને વિલાસને પણ જતાં કરે ? શું ગંગાના દિલનો પ્રેમ–સ્રોત એટલી વારમાં સુકાઈ ગયો ? શાન્તનુ તંદ્રામાં તણાઈ રહ્યો હતો, અને ગંગા જાણે આવીને કહી રહી હતી :

'નાથ ! હું જાઉં છું, ભારે હૈયે જાઉં છું'

પોતાના પ્રિયતમને છોડતાં કઈ આર્ય નારીને દુઃખ નહિ થતું હોય ? પણ જે ઘરમાં નારીનું ગૌરવ હણાતું હોય, જ્યાં ઇચ્છાપૂર્વક નારીના વચનની ઉપેક્ષા થતી હોય ત્યાં ગંગા કેમ જીવી શકે ?

મારે માટે પરાધીનતા અને ક્રૂરતાના વૈભવપૂર્ણ આ

મહેલ કરતાં સ્વતંત્રતા અને કરુણાપૂર્ણ અરણ્ય વધારે સારું છે. તમને યાદ છે, આપણા લગ્નની પૂર્વભૂમિકા? વિચારોની આપ–લે અને આદર્શ ? એનો આજે નાશ થયો છે. આ સર્વનાશ હું વધારે જોઈ શકું એટલી મારામાં શક્તિ નથી. અને તેથી હું ભારે હૈયે જાઉં છું. દુઃખી કરનાર ખુદ સુખી નથી હોતું, એ તો તમે પણ સમજી શકો છો....

ગંગા આવીને સ્વપ્નમાં પણ જાણે એને પોતાની અંતર વ્યથા કહેતી હોય એમ લાગ્યું. ગંગા વિના એને પોતાનું જીવન ખંડેર જેવું શૂન્ય ભાસ્યું. એ પવિત્ર ગૌરવવંતી નારીને યાદ કરી કરીને જાણે મહેલની દીવાલો પણ નિસાસા નાખતી હતી.

કેટલાક દિવસ ગ્લાનિ અને અસ્વસ્થતામાં વીતાવ્યા, પછી શાન્તનુએ નિમંત્રણ મોકલ્યું. ગંગાએ તેનો અસ્વીકાર કર્યો. એ જાણતી હતી, કે વિયોગના તીવ્ર અગ્નિ વિના અશુદ્ધિનાં તત્ત્વોને બાળવાનો એકેય માર્ગ નથી.

એ પછી તો શાન્તનુની અસ્વસ્થતા વધતી જ ગઈ. એના મિત્રો બીજી કેટલીક વાતો લાવ્યા. પણ એની સામે તો ગૌરવવન્તી અને ચાંદની જેવી સ્વચ્છ મધુર ગંગા જ ઊભી હતી. પોતાની ભૂલને સંભારી એ ઘણીય વાર ઊંડા નિઃશ્વાસ નાખતો અને તોડેલા વચનને યાદ કરી અનુતાપ કરતો.

આ વિષાદ દૂર કરવા એના મિત્રો એને પર્યટને લઈ ગયા.

શરદઋતુથી આકાશ ધોવાઈને સ્વચ્છ થયું હતું. પ્રકૃતિમાં સર્વત્ર ઉત્સાહ હતો. વનરાજિના ઓષ્ઠ પર ભીનું સ્મિત હતું. મૃગનાં યુગલ જ્યાં ત્યાં કૂદાકૂદ કરી રહ્યાં હતા. શાન્તનુનો

મૃગયા રસ પાંગર્યો. ધીરે ધીરે વિષાદ ઓછો થયો, અને શિકારનો રસ વધતો ગયો.

રત્નપુરના રાજમહેલમાં થોડો સમય વીતાવ્યા પછી ગંગાને લાગ્યું કે, અહીં રહેવાથી ગાંગેયનો જીવન વિકાસ નહિ થાય. રૂપ અને રાગના રંગથી તો એનું હીર હણાઈ જશે. સાધના માટે તો મુક્ત પ્રકૃતિનો ખોળો જ કામ લાગે.

પોતાના પુત્રને લઈ એ પૂર્વના આશ્રમમાં આવી રહી.

એના આત્મા પર થોડીક વિષાદની છાયા હતી. જેને એણે આદર્શ માન્યો હતો તે પતિ જ અનાદર્શ નીવડયો. જેના હૈયામાં એણે કરુણાનું ઝરણું વહેતું નિહાળ્યું હતું ત્યાં તો ક્રૂરતા સંતાઈને જ બેઠી હતી. એ તો પ્રતીક્ષા જ કરતી હતી કે ઘા કરવાની તક ક્યારે મળે !

આનું નામ પુરુષ ? ન એના વચનમાં વિશ્વાસ છે કે ન એના જીવનમાં શ્રદ્ધા; ન એના પ્રાણમાં પવિત્રતા કે, ન એના પ્રેમમાં પ્રકાશ. ગઈ કાલે બોલે તો આજે ભૂલી જાય!

એણે સાધના આદરી—પોતાના આત્માની અને પુત્રના કલ્યાણની. સવાર–સાંજ એ આત્મચિન્તન કરતી અને દિવસ ભર ગાંગેયને જીવનશિક્ષણ આપતી. એ માતા તો હતી, હવે ગુરુ બની. એણે ગાંગેયને જીવનના બધાય ક્ષેત્રમાં પ્રવીણ બનાવ્યો.

ધનુર્વિદ્યાનો રાધાવેધ, તલવારની પટાબાજી, ભાલાની ક્ષેપણશક્તિ અને મંત્રોમાં મોહનવિદ્યા–ગાંગેયે આ તમામ વિદ્યાઓ પ્રાપ્ત કરીને એની પરીક્ષાઓ પણ આપી.

વિજયાદશમીના દિવસે ક્ષત્રિય કુમારો એકત્રિત થઈ

પોતે પોતાની કલા બતાવતા, ત્યારે એ પણ ત્યાં પહોંચી જતો અને પ્રેક્ષકોને પોતાના અપૂર્વ પરાક્રમથી આશ્ચર્યમુગ્ધ કરી ધનુર્ધારીઓને શરમાવી, નમાવી એ વિજયમાળ પહેરી આવતો.

અનેક કન્યાઓ ગાંગેયની વીરતા પર મુગ્ધ હતી. એનો અદ્દભુત દેહ કેટલીય સુકુમાર કન્યાઓના હૈયામાં સ્વપ્નાં સર્જતો, પણ તે પોતે તો જલકમળની જેમ અલિપ્ત હતો.

રાત્રે સૂતી વખતે ગંગા પોતાના પૂર્વજોની પુણ્યકથા કહેતી, ત્યારે ગાંગેય એક બાળકની મુગ્ધતાથી એ વાતો સાંભળતો અને મનમાં ને મનમાં એવા પ્રભાવક બનવાના આદર્શભર્યાં સ્વપ્ન રચતો.

ગાંગેય સુકુમાર છતાં સમર્થ હતો. માતા પાસેથી એને કોમળતા મળી હતી, તો પ્રકૃતિ મૈયા પાસેથી ખડતલપણું મળ્યું હતું. એની પાસે માતાનું જ્ઞાન હતું, તો ધરતીનું વિજ્ઞાન હતું. એનામાં ક્ષત્રિયનું તેજ હતું, તો સાધુની કરુણા હતી.

નિત્યક્રમ પતાવી રોજ એ અશ્વારુઢ થઈ વનમાં પર્યટને જતો, તેમ આજ પણ એ જઈ રહ્યો હતો. ધોળા અશ્વ પર એ સવાર થયો હતો. એના ગોરા ઓષ્ઠ પર મૂછની ધાર શોભી રહી હતી. ઘાટીલા સ્નાયુથી દીપતા લાંબા એના બાહુ હતા. લીંબુની ફાડ જેવી મોટી મોટી આંખોમાં, સુંદર સ્વપ્ન રમી રહ્યાં હતાં. એના ખભા પર વિજયી ધનુષ્ય હતું, અને પીઠ પર બાણનું ભાથું હતું. ઘોડા પર ટટાર બેઠેલા જવાંમર્દ ગાંગેયને પસાર થતો જોઈને ગંગા ન વર્ણવી શકાય એવી આનન્દસમાધિમાં નિમગ્ન થઈ ગઈ.

એને લાગ્યું કે એની સાધના પૂરી થઈ છે. કલાકારનો આનંદ એના સર્જનની પૂર્ણતામાં છે.

શાન્તનુનો મૃગયા શોખ દિનપ્રતિદિન વધતો જતો હતો. એના શિકારરસની વાત દૂર દૂર સુધી પ્રસરી હતી. કેટલાક કવિઓ તો એના આ કલા–કૌશલ્યનાં કાવ્યો રચતા અને એની વીરતાને બિરદાવી ઈનામ મેળવતા.

એક શિકારીએ આવી કહ્યું,

'મહારાજ! અહીંથી ઠીક ઠીક અંતરે એક શારંગ વન છે. વૃક્ષોની ઘટા એવી જામી છે કે, ત્યાં દિવસે પણ અંધારું લાગે. લાતમંડપો સૂર્યકિરણને જમીનને અડવા જ દેતાં નથી, વચ્ચેથી એ જ ઝીલી લે એટલા ગાઢ છે.

'આ વનમાં મૃગલા, સસલાં, ડુક્કર અને ચિત્તાનાં ટોળે-ટોળાં મુક્ત રીતે પરિભ્રમણ કરે છે. આપના રાજ્યમાં જેમ પ્રજા નિર્ભય થઈ ફરે છે, તેમ ત્યાં આ પશુઓ અભય થઈ વિહરે છે.

'શારંગ વનમાં આપ શિકારે પધારો તો કોઇ ઓર રંગ જામે. માતેલાં આ મદમત્ત પ્રાણીઓને ખબર પડે, કે ના હજુ વિશ્વમાં વીંધનારા અને ચલ લક્ષ્યને ભેદીને શિકાર કરનારા વીરો પણ જીવે છે.'

શાન્તનુ તો આનંદમાં આવી ગયો. એણે તુરત હુકમ કર્યો. કરો તૈયારી ત્યારે, આપણી શિકારી ટોળીને સજ્જ કરો, આપણા ચારણ કવિઓને પણ સાથે લો. એ પણ ભલે જુએ મારુ શિકારકૌશલ્ય અને ભલે રચે એનાં મહાકાવ્ય!'

શિકારીઓના વૃંદ સાથે શાન્તનુ શારંગ વનમાં આવી

પહોંચ્યો. એની સાથે ઠીક ઠીક રસાલો હતો. એ પોતે મહાકાય મયૂર આકૃતિવાળા રથમાં બેઠો હતો. રથના અગ્ર ભાગે પોતાનો રાજધ્વજ ઊડી રહ્યો હતો. આસપાસ કવિ અને ચારણોનું વૃંદ હતું. આગળ શિકારી ઘોડેસવારો ને પાછળ એના અંગરક્ષકો હતા.

એ વનમાં પેઠો અને મદમત્ત થઈ નાચતાં મૃગનાં ટોળેટોળાં એની નજરે પડયાં. સુવાસથી હવા સુરભિગંધા હતી. આ મોહમયી હવામાં વસ્તીમાં માણસો ફરે એમ અહીં ગેલ કરતાં આ પશુઓ ફરતાં હતાં. આવા સુંદર દૃશ્યથી આનંદને લીધે એના ઉર ધબકાર વધી ગયા.

આજ્ઞા થતાં અનુચરોએ ચારે બાજુ પાસા નાખ્યા, પશુઓ દોડવા પ્રયત્ન કરે પણ જાય કયાં ? ચારે બાજુથી એ ઘેરાઈ ગયાં અને ભયભીત બની દોડાદોડ કરી રહ્યાં હતાં. એમની કિકિયારીઓ ને આક્રંદથી વન આખું કોલાહલમય થઈ ગયું.

'થોભો !' ગગનમાં મેઘ ગર્જના થાય એવો પડકાર થયો.

આ અવાજ એવો તો અણધાર્યો આવ્યો કે પળવાર તો મહારાજા શાન્તનનું હૈયું પણ થડકી ઊઠ્યું. એકદમ સ્વસ્થતા મેળવી, એણે જોયું તો પોતાની સામે એક ધનુર્ધારી વિર્યવાન શક્તિના અવતાર સમો રૂપાળો ઘોડેસવાર હતો. એની અણિયાળી આંખોમાં ક્ષત્રિયતેજ ચમકી રહ્યું હતું. એના બિડાયેલા ઓષ્ઠ પર તીરની તીક્ષ્ણતા હતી.

આ કુમારના દર્શનથી શાન્તનુના હૈયામાં વાત્સલ્યની ભરતી આવી, પણ એના તોછડાઈ ભરેલા પ્રતિકારથી એનો ગર્વ છંછેડાઈ ગયો. ગૌરવભર્યા ગંભીર સ્વરે એણે ઉત્તર

વાળ્યો : 'મુક્ત રીતે શિકાર રમતા મને અટકાવનાર તું છે કોણ? હું કોણ છું તે તું જાણે છે, યુવાન?'

દિલને લાગી જાય એવો ઘા કુમારે કર્યો : 'દેખાવ ઉપરથી તો આપ કોઈ ક્ષત્રિયવીર રાજેન્દ્ર લાગો છો, પણ આચરણ પરથી તો તમે ક્રુર શિકારી જણાઓ છો. તમારા બાહુમાં તો રક્ષકનું બળ નાચી રહ્યું છે, પણ તમે ભક્ષક બની તેનો દુરુપયોગ કરી રહ્યા છો. નિર્દોષ, નિરપરાધી આનંદક્રીડા કરતા આ મૃગયુગલોને જોઈ તમારા હૃદયમાં કરુણા નથી પ્રગટતી એ જ બતાવે છે કે તમારું હૈયું કેટલું કઠોર છે.'

'ઉપદેશ દેવો રહેવા દે. મેં તારા કરતાં વધારે વર્ષ વીતાવ્યાં છે. પણ નાદાન! તું છે કોણ એ તો કહે? તને ખબર નથી કે તેં કોને પડકાર કર્યો છે? તું અત્યારે કાળના મુખમાં છે એ તને ખબર છે?' ક્રોધથી ધગધગતા શાન્તનુએ ગર્જના કરી અને એના પડઘા જગંલમાં પડયા.

'હું કોણ છું એનો ઉત્તર તો મારું બાણ આપશે. ક્ષત્રિય કદી આપ વડાઈ કરતા નથી. અને કાળના મુખમાં કોણ છે તે તો આયુધ ચાલશે એટલે જણાશે. પણ આયુધ ચલાવતાં પહેલા વિનવું છું કે તમે ખેંચેલી ધનુષ્યની પણછ શિથિલ કરો અને શિકારનો શોખ હોય તો તો બીજે કયાંય જાઓ. અઠ્ઠાવીસ ગાઉના વિસ્તારવાળા આ શારંગવનના પ્રાણીઓને તો મેં અભયવચન આપ્યું છે. અહીં નાચતાં કૂદતાં હરણાં મારાં બંધુ છે. મારો દેહ ઢળ્યા પછી જ એમનું નામ કોઈ લઈ શકે.

'અભિમાન માટે નહિ પણ તમને ચેતવવા માટે કહું છું

કે તમારા જેવા ઘણાય ધનુર્ધારીઓ અને શિકારીઓનું મિથ્યાભિમાન આ ધનુષ્યે ગાળ્યું.' એમ કહી એણે ધનુષ્ય ટંકાર કર્યો.

રાજા આ અપમાન ન સહી શક્યો. તિરસ્કાર કરતાં એણે કહ્યું : 'ત્યારે હું ય જોઉં છું. શિકાર કરતાં તું મને કેમ અટકાવી શકે છે ?' ધનુષ્યની પણછ ખેંચી એણે બાણ એક મૃગ પ્રતિ તાકયું. પણ એટલામાં તો ગાંગેયના ધનુષ્યમાંથી બાણ છૂટયું અને શાન્તનુના રથનો ધ્વજ લઈ નીચે પડ્યું.

રાજચિહ્નનું આ અપમાન ! શાન્તનુ વિચાર કરતો હતો ત્યાં તો બીજું તીર આવ્યું. એનો ઝપાટો એવો હતો કે માત્ર એના વેગથી જ રથનો સારથિ ઊછળીને નીચે પડ્યો.

પળવાર તો આ અપૂર્વ પરાક્રમથી શાન્તનુ પણ મૂંઝાઈ ગયો. પણ તે વીર હતો. પરાક્રમી રાજા હતો, એમ કંઈ હારી જાય તેમ ન હતો. યુવાનને વીંધી નાખવાના નિશ્ચય સાથે એણે પોતાના ધનુષ્ય પર અજેય નામનું અમોઘ બાણ ચઢાવ્યું. પણછ ખેંચી પણ ત્યાં તો સામેથી એક લક્ષ્યવેધી બાણ આવ્યું અને એના ધનુષ્યની દોરીને જ છેદી ગયું.

શાન્તનુ એની તાણથી પાછો પડ્યો, પણ પડતાં બચી ગયો. સિંહબાળથી વિશાળ કાય હાથી પરાજય પામે એવી ગ્લાનિભરી છાયા શાન્તનુના મુખ પર પ્રસરી. હવે શું કરવું, એ વિચારમાં થોડી વાર એ સ્તબ્ધ થઈ ઊભો રહ્યો.

કવિ અને ચારણો આ કુમારની વીરતા જોઈ મુગ્ધ બન્યા. એમના હૈયામાં પ્રશંસાની પ્રશસ્તિ પ્રગટી. એમના મનમાં વીર રસનાં કાવ્યોનો સાગર ઊછળી રહ્યો હતો, એમના

બિડાયેલા મુખમાંથી એક ઉદ્ગાર નીકળી પડ્યોઃ 'વાહ!'

શાન્તનુએ દૃઢ નિશ્ચયપૂર્વક શાંગ નામનું અગ્નિની મહા-જ્વાળાથી જાજ્વલ્યમાન શસ્ત્ર ઉપાડ્યું.

કુમાર કટોકટીની ઘડી સમજી ગયો. એણે પણ પોતાનું અમોઘ શસ્ત્ર તૈયાર કર્યું. પૂર્ણ ઝનૂનથી એક બીજા પર ત્રાટકવા તત્પર થયા.

આ બંને વીરયોદ્ધાઓનું યુદ્ધ કૌશલ્ય ગંગા દૂર ઊભી રહી નીરખી રહી હતી. એણે કદી ન અનુભવેલી તૃપ્તિ અનુભવી. એના અંતરે કદી કલ્પ્યો પણ ન હતો એવો ઉલ્લાસ અનુભવ્યો. વિશ્વના સમગ્ર ઇતિહાસમાં ભાગ્યે જ સાંપડે એવું પિતા–પુત્રના મિલનનું અદ્ભુત દૃશ્ય જોયું. અવર્ણનીય ભાવથી એના હૃદયે આનંદધ્રુજારી અનુભવી, પણ તુરત એ સાવધાન થઈ ગઈ. આનંદ–સમાધિ માણવાનો સમય ન હતો. બંને વીરો કટોકટીને શિખરે હતા. એણે હાથ ઊંચો કરી ગાંગેયને સંબોધ્યો.

'બસ, રહેવા દે વત્સ!'

દૂરથી રૂમઝૂમ કરતા આવતા ઝરણા જેવી આ અવાજમાં માર્દવતા ભરી આજ્ઞા હતી.

અવાજનો પણ જાદુ હોય છે. આ સાદ સાંભળતાં જ ગાંગેયનો ક્રોધ શાન્તિ અને પ્રેમમાં ફેરવાઈ ગયો. વજ્ર જેવો અડોલ યોદ્ધો સુકુમાર બાળક જેવો દેખાયો. ઘોડા પરથી છલાંગ મારી એ નીચે કૂદી પડ્યો. અને જઈને માના ચરણમાં ઢળી પડ્યો.

'મા, આ પાપી આપણા શારંગવનમાં નિર્દોષ પશુઓનો સંહાર કરતો હતો હવે એનો સંહાર હું....'

ગાંગેયના મોં પર હાથ દાબતાં પ્રેમભીની વાણીમાં ગંગાએ કહ્યું: 'બેટા એમ ન બોલ. એ કોણ છે તે તું જાણે છે? જો કે એ અપરાધી છે પણ તારા જનક છે, પૂજનીય પિતા છે. વડીલને ક્ષમા આપવી એ શું પુત્રનો ધર્મ નથી?'

શાન્તનુ અને એના સાથીઓ આશ્ચર્યમુગ્ધ થઈ જોઈ રહ્યા. આવો વીરયોદ્ધો કે જેને ઈન્દ્ર પણ ન નમાવી શકે તે એક નારીના ચરણોમાં પોતાનું મસ્તક ભક્તિથી નમાવે છે! એવી તે સતની દેવી કોણ હશે?

શાન્તનુ રણવાર્તા ભૂલી ગયો. આયુધ એના હાથમાંથી સરી પડયું. દૂર ઊભેલી આ નારીને એણે ધારી ધારીને જોઈ. એને થયું આ તો મારા હૃદયને પરિચિત લાગે છે. અરે, ગંગા? હા, ગંગા જ. પચીસ વર્ષથી છૂટી પડેલી મારા પ્રેમની પાંખ–ગંગા! જેનો પહેલો પરિચય પણ આજ વનમાં થયો હતો. પણ કેટલું પરિવર્તન? ક્યાં એ યૌવનના ઉન્માદભર્યા ઉલ્લાસથી ઊછળતી મંદિરના સોપાન ઊતરતી ગંગાકુમારી અને ક્યાં આજે સાધનાની તીવ્રતાથી તપેલા કાંચન જેવી કૃશ તપસ્વિની ગંગાદેવી!

ભૂતકાલની સ્મૃતિ તાજી થતાં અકથ્ય ભાવોથી હૃદય છલકાઈ ગયું. ભાવોમાં ઊંડો ને ઊંડો એ ઊતરી રહ્યો હતો, ત્યાં તો ગંગા અને ગાંગેય એની સામે આવ્યાં. અણધારી વીજળી ઝબૂકે અને માણસ ચમકે એમ એ ચમક્યો.

'દેવી! તમે?'

'હા, દેવ! હું–જેણે તમને પચીસ વર્ષ સુધી વ્યથાનો

અગ્નિ આપ્યો. અને આ તમારો પરાક્રમી પુત્ર ગાંગેય કે જે પોતાની શક્તિની મસ્તીમાં મસ્તાનો થઈ પિતા સામે યુદ્ધ કરતાં પણ ન અચકાયો.' બરડા પર સ્નેહાળ હાથ ફેરવતાં એણે કહ્યું : ' બેટા, તારા પિતાને પગે પડી તેં કરેલા અપરાધની ક્ષમા માંગ.'

ગાંગેયને ઊભા કરી ઊભરાતા સ્નેહના ઊંડા ભાવથી ભેટતાં શાન્તનુએ કહ્યું : બેટા, ક્ષમા તો મારે માગવી છે. મેં અધમે વચન ભંગ કરી ગંગાનો વિશ્વાસઘાત કર્યો. એક પળમાં થયેલી આ ભૂલનું પ્રાયશ્ચિત હું આજ પચ્ચીસ વર્ષથી કરી રહ્યો છું. મારા એકાન્તની શૂન્યતાભરી વ્યથાને દૂર કરવા હું જંગલોમાં પશુઓ પાછળ ભટકું છું. મારી હસતી આંખો પાછળ ન કળાય તેવી મૂંગી યાતના પડી છે, તે હૃદય સિવાય કોણ જાણે? મારું પ્રાયશ્ચિત્ત આજે પૂરું થયું છે. મારા પ્રેમનાં અંગ—પિયા—અને પુત્રને પામું છું.

' ગંગા, નારી તો ઘણીએ જોઈ પણ તું અદ્ભુત છો, વચનભંગના વિશ્વાસઘાતથી પ્રેરાઈને બીજી સ્ત્રી જીવન હારી ગઈ હોત ત્યાં તેં સર્જન કર્યું. માનવ માત્ર જેને જોઈ નમી પડે એવા ગૌરવભર્યા ગાંગેયનું તેં તારી જીવનસાધનાથી સર્જન કર્યું.

મેં ભટકીને, આંસુ સારીને, પશુઓનો સંહાર કરીને ધ્વંસની પ્રક્રિયાદ્વારા મારી એકલતાને ભરી, જ્યારે તેં તો પુત્રને શિક્ષણ આપી, વ્યથાનું ઉર્ધ્વીકરણ કરી, કરુણાને ગાંગેયમાં મૂર્ત કરી સર્જનદ્વારા જીવનને ભર્યું. માણસનાં માનસની

સ્થિતિ કેવી વિચિત્ર છે ? એકે વિનાશ સર્જ્યો. બીજીએ વિકાસ ?'

શાન્તનુની વાત અટકાવતાં નમીને ગંગાએ કહ્યું : ' એ જૂના ઘા ઉઘાડીને વેદનામાં વધારો ન કરો, દેવ ! જે અગ્નિ પર રાખ વળી ગઈ છે, તેને અંદર જ બુઝાઈ જવા દો. ફૂંક મારી રાખ ઉડાડી એને પ્રદીપ્ત ન કરો, જે નિર્માણ હતું તે બન્યું છે. એમાં તમારો કંઈ જ દોષ નથી.

વિશ્વના આ ક્રમમાં પ્રત્યેક માનવીને પોતાનું આગવું સ્થાન છે. એ સ્થાનને અનુરૂપ જીવવા સિવાય મેં કંઈ જ અધિક કર્યું નથી. આ પળે આપ પવિત્ર લાગણી અને ભાવોના આવેગમાં છો. એટલે મને વધારે ગૌરવ આપો છો.

' આપને પૂછ્યા વિના, આપને તજી આવનારને પણ આપ સત્કારો છો, એ આપનાં હૃદયની વિશાળતા ને સહૃદયતા છે.

' પણ આ પળે હું ધન્યતા અનુભવું છું. મારું સ્વપ્ન સિદ્ધ થયું છે. ગાંગેયને આપના હાથમાં સોંપી હું આત્મ-સાધનાને પંથે જવા માગતી હતી, અને તમારું પિતાપુત્રનું મિલન કેવી રીતે થાય એ વિચારોમાં દિવસો વીતાવતી હતી. પણ કુદરતે પોતે જ એ કામ કરી મને આ ક્ષણે વિચારમુક્ત કરી છે.

' ગાંગેય મારા સ્વપ્નનો મિનારો છે, અને આજથી તમારી આશાનો કિનારો બને છે. જે તમારો છે તેને તમને સોંપી હું ઋણમુક્ત બનું છું.'

દેવી, તમે આ શું બોલો છો ? આનંદના શિખરે

પહોંચેલા હૃદયને આ કેવો ધક્કો વાગી રહ્યો છે તેની કલ્પના કરો છો? શું આટલાં વર્ષોના વિયોગનું પરિણામ આ કરુણાન્તમાં!' ગ્રીષ્મમાં હિમ ઓગળે તેમ એ ઓગળી રહ્યો હતો.

'ના, રાજ! આગ્રહ ન કરો. સંસાર પ્રત્યેનું મારું આકર્ષણ પૂરું થયું છું. જે શેલડીમાં રસ જ નથી, એને ચૂસવાથી કોને રસ મળે?

'અને આ કુદરત પણ ત્યાગનો મહિમા ગાય છે ને? આ વૃક્ષ ઉપર ગઈ કાલે ખીલેલું સુંદર ફૂલ હતું. એ ફૂલમાંથી ફળનું સર્જન થતાં એ પુષ્પની પાંખડીઓ ખરી રહી છે.

'પાણીદાર મોતીને જન્મ આપનાર છીપ મોતીને પૂર્ણ આકાર આપ્યા પછી પોતાનું અસ્તિત્વ ધરાવતી નથી, કાળના સાગરમાં એ વિસર્જિત થાય છે.

'એકના સર્જન પાછળ જૂના ભૂતકાળનું વિસર્જન હોય છે. સિદ્ધિને શિખરે આત્મવિલોપન હોય છે.'

'માટે આપને ફરી ફરી વિનવું છું કે વિસર્જિત થયેલા ભૂતકાળ જેવી મને હસ્તિનાપુર લઈ જવાનો આગ્રહ ન કરો. ત્યાગ માટેનો મારો નિર્ણય અફર છે.'

હસ્તિનાપુરનો સમ્રાટ શાન્તનુ આ આદર્શ નારી આગળ કેટલો નાનો લાગતો હતો! એને વિરાટ સ્ત્રી-શક્તિનું દર્શન થયું. ઊંડા સદ્‌ભાવથી એનું મસ્તક સહજ ભાવે નમી ગયું.

વ્યથાના ભારથી લદાયેલો અને અત્યાર સુધી મૌનમાં વેદના અનુભવતો ગાંગેય બોલ્યો:

'મા, તું આ બધું કહી રહી છે, પણ તારા વાક્ય વાક્યથી મારા હૃદય પર કેવા, ઘણના ઘા વાગી રહ્યા છે તે તું જાણે છે?

'પિતા કહો કે ગુરુ; મિત્ર કહો કે બાંધવ; સહચર કહો કે સાથી; મારે તો તું જ છે તારા વિના કેમ રહી શકું!'

સ્નેહથી માથે હાથ મૂકતાં ગંગાએ કહ્યું. 'સિંહબાળ' સ્વસ્થ થા. હું તારી સર્વસ્વ છું, પણ આજ હું તને એવી વ્યક્તિના હાથમાં સોંપું છું જે મારું સર્વસ્વ છે.

'મારે જે આપવાનું હતું તે મેં તને આપ્યું છે; હવે તારે તારા પિતા પાસેથી લેવાનું છે. વનનું શિક્ષણ પૂરું થયું છે. શહેરી જ્ઞાનનો પ્રારંભ થાય છે. માતાની મમતા તેં માણી છે, હવે પિતાનો પ્રતાપી ગૌરવ નિહાળ.

'અને તું મને સુખી જોવા ચાહતો હોય તો મને જે પ્રિય છે એવા તારા પિતાને તું સુખી કરજે.

'બેટા, પ્રેમ એ મુક્તિ છે, એને બંધન ન બનાવ.'

'પણ મા, આટલું અણધાર્યું આ બધું શું? આ અણધાર્યા પરિવર્તનથી આશ્ચર્યમુગ્ધ થયેલા ગાંગેયે પૂછ્યું.'

'તને આ અણધાર્યું લાગે છે, પણ મેં તો ધારેલું જ હતું. પાકેલું ફળ પવનના સ્પર્શની જ પ્રતીક્ષા કરતું હોય છે. એ અડતાં જ ફળ ધ્રુજે છે અને પોતાની જાતને ધરતીના ચરણોમાં ધરી દે છે.'

'પણ મા, આ તો કુદરતની કાવ્યમય ભાષા છે. જીવન કંઈ એમ જીવાય!'

'હા, બેટા, કુદરતની કાવ્યમય ભાષા આપણે આપણા જીવનમાં વણીએ તો આપણું જીવન પણ કાવ્યમય બને.

'આજસુધી આ કુદરતની ભાષા સિવાય તને શિખવાડયું પણ શું છે? પણ માના મોહમાં તું એ તત્ત્વજ્ઞાન ભૂલી ગયો છે.'

વ્યથાથી ચિરાઈ જતા પુત્રે કહ્યું: 'અમને મૂકીને તું ક્યાં જઈશ? શું તું અહીં એકલી રહીશ?

'જીવનના અંતિમ ધામ પ્રતિ પ્રત્યેક યાત્રિએ એકલા જ સંચરવાનું છે. આપણે રહેવાસી નથી, પ્રવાસી છીએ. આપણું અંતિમ ધ્યેય આ સંસાર નથી, દૂર દૂરનો પ્રકાશ છે.

'માણસ જન્મે છે. જીવે છે, સાધના કરે છે અને છેલ્લે પ્રકાશને પામે છે.

'સાધના કર્યા વિના માત્ર જે ભોગમાં અને રોગમાં જ મરે છે તે અજ્ઞાની છે.'

'મા અમારો સ્નેહ તને જરાય નથી આકર્ષતો?' કદી નહિ કલ્પેલું માનું આ વિરક્તિભર્યું દર્શન કર્યા પછી ગાંગેયે છેલ્લો પ્રશ્ન પૂછ્યો.'

'કદાચ આકર્ષે, પણ જેને ભવિષ્યમાં પ્રવેશ કરવો છે તેણે ભૂતકાળનું આકર્ષણ તજવું રહ્યું.

'અને ગાંગેય તને જ પૂછું. સ્નેહ અને સંબંધની *સાંકળમાંથી છૂટા થયા વિના સિદ્ધિને શિખરે પહોંચાય?'*

આ પ્રશ્નનો ઉત્તર વિકટ હતો. આ કોઈ સામાન્ય નારી ન હતી કે જેની સાથે જીભાજોડી કરી શકાય.

વ્યથા અને વિયોગના મિશ્રણમાંથી પ્રગટેલી વિષાદમય છાયા પિતાપુત્રના મુખ પર છવાઈ ગઈ.

વાતાવરણમાં મૌન અને સ્તબ્ધતા હતાં. ગંગાની આંખમાં કોઈ દિવ્યતેજ ચમકયું. મુખ પર પ્રસન્નતા પ્રસરી. એણે પતિની ચરણરજ લીધી અને પુત્રને આશીર્વાદ આપ્યા. પોતાના હૃદયના ટુકડા જેવા પ્રેમભીનાં પતિ અને પુત્રને મૂકી એ વનભણી ચાલી નીકળી.

મહારાજ શાન્તનુ અને ગાંગેયની આંખમાંથી દડદડ કરતાં આંસુનાં બે મોટાં બિન્દુ સરી પડયાં.

એકલતાની પગદંડી પર ચાલી જતી આ મહાન નારીને જોતાં, પોતાની એકલતાથી કંટાળેલા ગગનમાં રહેલા સૂર્યને તે પળે જીવનનું દર્શન લાધ્યું: ના, પ્રેમીના સાથમાં જ મઝા છે એમ નથી. સાથી વિના એકલા જીવન જીવવામાં પણ ખમીર ભર્યું માધુર્ય રહેલું છે.

સૂર્યે પણ તે દિવસે પોતાની સાધના ભરી એકલતાને ધન્યતાથી સત્કારી.

❀

10

# શોકના તળિયે શાન્તિ

**શાણી** સુમતિ ભગવાન મહાવીરની વાણી સાંભળવા ગઈ હતી. એનો પતિ આત્મારામ બહાર ગયો હતો. એના બંને યુવાન પુત્રો તળાવમાં સ્નાન કરવા ગયા હતા.

સુમતિએ વ્યાખ્યાનમાં સાંભળ્યું: 'જ્યાં સંયોગ છે, ત્યાં વિયોગ છે, આત્મા સિવાય જગતની પ્રત્યેક વસ્તુ વિખૂટી પડે છે. આજે આપણે જેના માટે હસીએ છીએ, તે જ વસ્તુ આવતી કાલે રડાવે છે. આનંદ અને શોક એક જ ત્રાજવાનાં બે પલ્લાં છે અનંત સમાધિનો માર્ગ એક જ છે. મોહનો ત્યાગ! આ મોહનો ત્યાગ જન્મે છે આત્માની એકલતાના જ્ઞાનમાંથી.'

સુમતિએ આ ઉપદેશને પોતાના હૈયાની દાબડીમાં ઝીલ્યો એનો જ વિચાર કરતી, એને જીવનમાં વણવા મથતી. એ ઘેર આવી. ત્યાં એકાએક સમાચાર મળ્યા :

'એના નહાવા પડેલા બન્ને દીકરા ડૂબી મર્યા છે. પહેલા એક ન્હાવા પડ્યો, પણ એ તો કીચડમાં ખૂંચતો જણાયો. એને

કાઢવા બીજો ગયો, પણ એ ખૂંચતો છોકરો બીજાને બાઝયો અને બંને ડૂબ્યા.'

જુવાનજોધ બે દીકરા એક સાથે ચાલ્યા જાય તો કઈ માતાનું હૈયું શોકમાં ન ડૂબે? સુમતિના હૈયાના કટકેકટકા થવા લાગ્યા. એ શોકના ઝંઝાવાતમાં ઘેરાઈ ગઈ, એણે મૂર્છા આવી, અને એ ધરતી પર ઢળી પડી.

થોડી વારે એ મૂર્છા ઊતરતાં એના હૈયામાં જ્ઞાન વચનો આવવા લાગ્યાં.

'જ્યાંથી આનંદ આવે છે, ત્યાં જ શોક હોય છે, અને એ શોકના તળિયામાં જ શાંતિ હોય છે. શોકને ઊલેચી નાંખો, શાંતિ ત્યાં જ જડશે.

સુમતિનો શોક ધીમે ધીમે ઉલેચાતો ગયો અને એ ઊંડી ને ઊંડી ઊતરતી ગઈ, જ્યાં જીવનની પરમ શાંતિ હતી!

એણે પોતાના બંને પુત્રોના દેહને પથારીમાં પધરાવ્યા, એમના પર શ્વેત વસ્ત્ર ઓઢાડયું અને પતિની પ્રતિક્ષા કરતી, એ વિચારમાં ડૂબી ગઈ.

આત્મારામે ડેલીમાં પગ મૂકયો અને એનો આનંદ ઊડી ગયો. વાતાવરણમાં જ કાંઈક શોકની હવા વહેતી લાગી. રોજ એ ઘેર આવતો ત્યારે એની પત્ની હસતા મુખે એનું સ્વાગત કરતી, પણ આજ તો એ ઉદાસ હતી. આત્મારામે પૂછયું :–

"કેમ? આમ ઉદાસ કેમ? શું થયું છે? જાણે ઘરમાં શોકનો સાગર ઊમટી પડયો લાગે છે!"

"કાંઈ નથી. એ તો પાડોશી સાથે જરા કલહ થયો છે." શોકના ભારથી નમેલી પાંપણોને ઊંચી કરતાં સુમતિએ કહ્યું.

આત્મારામને આશ્ચર્ય થયું. સુમતિનો સ્વભાવ એ જાણતો હતો. આખું ગામ ગરમ થાય તોયે એની આંખમાં શીતળતાનો સાગર લહેરાતો હોય, એવી એ શાંત હતી અને એવી જ એ શાણી પણ હતી.

આત્મારામે ગભરાઈને પૂછ્યું : "એવું તો શું થયું કે તારે કજિયો કરવો પડ્યો ?"

'કાંઈ નહિ, વીશ દિવસ પર આપણા દિનેશના લગ્ન હતાં એ વખતે હું પાડોશીને ત્યાંથી એ રત્નકંકણ પહેરવા લાવી હતી આજે એ માગવા આવ્યાં, મેં ન આપ્યાં એટલે બોલવું થયું અને કલહ વધ્યો.'

સુમતિ આટલું ધૈર્યપૂર્વક બોલી ગઈ, પણ એના અવાજમાં જરા વિષાદની છાયા હતી.

'તું યે ખરી છે. પારકાં કંકણ ક્યાં સુધી રખાય ? એનો માલિક માગવા આવે ત્યારે આપી દેવાં જ જોઈએ ને ! તારા જેવી શાણી સ્ત્રી આવી વાત પર કલહ કરે તો તો થઈ રહ્યું ના ? કોઈ જાણે તો યે હસે એવી આ વાત છે. જા, જલદી આપી આવ.'

સુમતિને ઉભી કરતાં આત્મારામે મીઠો ઠપકો આપ્યો.

'જરા ઊભા તો રહો. તમે એ આપી આવવાનું તો કહો છો, પણ મને એ કેટલાં ગમે છે ? મારું મન એમાં કેટલું રમે છે, એ તમે જાણો છો ? કેવાં સુંદર એ રત્નકંકણ છે ! એનો ઘાટ, એની ઝીણી ઝીણી કારીગરી, જેની જોડ ન

જડે! અને એનાં રત્નો પણ કેવાં તેજસ્વી છે? નાથ, મને તો એ પાછાં આપવાનું જ મન નથી થતું. મનમાં થાય છે, રાખી લઉં. પછી થવાનું હશે તે થશે. કજિયો તો કજિયો!'

આટલું કહેતાં કહેતાં તો સુમતિનું હૃદય ભરાઈ આવ્યું. એની પાસે જ્ઞાન હતું, છતાં વિષાદ કાંઈ ઓછો ન હતો!

"પણ આજે તને થયું છે શું? તું પાગલ તો નથી થઈને! અરે, તું આ શું બોલી રહી છે? જે વસ્તુ પારકી છે, તે કેટલા દિવસ રખાય? એના પર મમતા કરવી અને પોતાની માનવી અને "મારી" કહી શોક કરવો એ અજ્ઞાનતા નહિ તો બીજું શું છે? પારકી વસ્તુ તો જેમ વહેલી અપાય તેમ સારૂં." શિખામણ આપતાં આત્મારામે કહ્યું.

સુમતિ ઊભી થઈ. એણે પતિનો હાથ ઝાલ્યો. એનો હાથ ધ્રૂજતો હતો. એને તમ્મર આવી રહ્યાં હતાં એની છાતી પર ભાર હતો પણ શ્રવણ ભગવાન મહાવીરના જ્ઞાનના બોલ એના આત્માને આશ્વાસન આપી રહ્યા હતા. એ પતિને અંદર દોરી ગઈ.

ફૂલ જેવા પોતાનાં બે બાળકોના મૃતદેહ પર ઓઢાડેલું શ્વેત વસ્ત્ર એણે ઊંચકી લીધું અને જ્ઞાનના પ્રકાશથી પ્રબુદ્ધ બનેલી સુમતિએ કહ્યું:

"નાથ! આ આપણાં બે રત્નકંકણ, એક સોળ વર્ષનું, બીજું વીસ વર્ષનું આજ સુધી આપણે એમને રાખ્યા, સાચવ્યા, પણ આજે એમનો સમય પૂરો થયો. અને એમનો એમણે માર્ગ લીધો. આપણે એમના ન હતા,

એ આપણા ન હતા. થોડા સમય માટે આપણને એ મળ્યાં હતાં, હવે એમને નિસર્ગના ખોળામાં શાંતિપૂર્વક ધરવા એ આપણું કર્તવ્ય છે. એની પાછળ શોક અને રુદન વ્યર્થ છે, ગયેલી વસ્તુ આંસુઓથી પણ પાછી વળતી નથી. મૌનની શાંતિમાં આપણે એમને વિદાય આપીએ.'

આત્મારામ તો આ જોઈ ત્યાં જ ઢગલો થઈ ગયો.

થોડી ક્ષણ માટે ત્યાં ગંભીર સ્તબ્ધતા છવાઈ ગઈ. ઘરમાં, હવામાં, વાતાવરણમાં બધે જ સ્તબ્ધતા હતી. અંતે એ પિતાની આંખમાં આંસુનું પૂર ધસી આવ્યું, એણે આંસુના પડદામાંથી જોયું તો સુમતિની આંખમાં પણ બે મોતી જેવાં આંસુ હતા; પણ એના પર જીવનની ઊંડી સમજણનાં ઉજ્જવળ કિરણો પ્રકાશી રહ્યાં હતાં.

*

સંપૂર્ણ

સુપ્રસિદ્ધ ચિંતક ને કુશળ વ્યાખ્યાનકાર

મુનિશ્રી ચંદ્રપ્રભસાગરજી મ. 'ચિત્રભાનુ'ના

## :: અપૂર્વ ગ્રંથો ::

**સૌરભ [સુંદર સચિત્ર નવી આવૃત્તિ] ૨-૦૦**

જીવનના બાગમાં નવીન વિચારણાની બહાર લાવે તેવા, સુંદર પદ્યના નમૂના જેવાં રસભરપૂર ગદ્ય મૌક્તિકોનો સંગ્રહ. એક એક મૌક્તિકમાં જીવનના બાગમાં નવી સૌરભ પ્રગટે તેવું સારરૂપ લખાણ છે. આ પુસ્તક ગુજરાતી ચિંતનસાહિત્યમાં નવીન સૌરભ પ્રસારે છે. ભેટ, ઇનામ માટે પણ સુયોગ્ય છે.

**બિંદુમાં સિંધુ ૦-૬૫**

સાદી આંખે સામાન્ય લાગતી ઘટનાઓમાં પણ જીવનક્રાન્તિ … રહેલાં છે. મુનિશ્રીની તે… એવી મહાન પુરુષોના જી… નાની ઘટનાઓ આમાં …

**ભવનું ભાતું**

જીવનનું કલ્યાણ કરે તેવી સુંદર પ્રાર્થનાઓનો કલામય સંગ્રહ.

**હવે તો જાગો ૨-૦૦**

ભારતભરમાં ઘૂમેલા, વિશ્વની દશ ભાષાઓ પર અપૂર્વ પ્રભુત્વ ધરાવનાર ને જીવનભર પ્રત્યેક વર્તમાન પ્રવાહોનું વિશ્લેષણ કરનાર આ કુશળ વ્યાખ્યાનકારનાં ભાષણોનો સંગ્રહ છે. એક એક ભાષણ ધર્મ અને સમાજની સમસ્યાનાં મર્મોને વીંધે છે.

**પ્રેરણાની પરબ ૦-૫૦**

નિત્ય ઉપયોગી નાની પુસ્તિકા નાનકડી ગુટકા સાઈઝમાં, નયનરમ્ય ત્રિરંગી પૂઠામાં ને દ્વિરંગી છાપકામમાં ભાવનાના સાથિયા પૂરતું પુસ્તક.

**ધર્મરત્નનાં અજવાળાં ૩-૫૦**

… ગુણભાવથી સફળ … ગુણો પર વિવેચન … મહાન ચિંતનકૃતિ નવીન રૂપમાં છપાય છે.

**શ્રી જીવન-મણિ સદ્વાચનમાળા ટ્રસ્ટ**

હઠીભાઈના દહેરા સામે, દિલ્હી દરવાજા બહાર : અમદાવાદ.